પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૫૯ ॥


લબ્ધિમંગલ શ્રી નવકાર મહામંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલં

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥


પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી વિનયવિજયજી મહારાજે 'કાલલોક પ્રકાશ'માં દર્શાવેલ
નીચે જણાવેલા ૨૦ સ્થાનકોમાંથી કોઈ એક પદની
આરાધના કરવાથી પણ તીર્થંકર નામકર્મ બંધાય છે.




ઉપરોક્ત ૧ પદની આરાધના મહત્તમ ૬ માસમાં અને
૨૦ પદની આરાધના ૧૦ વર્ષમાં પૂર્ણ કરવી.

---

**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન**
**હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે**
**'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ**

---

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૫૯॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 59**

Year 2022 / સંવત્ ૨૦૭૮
350 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Vadodara | Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**


- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# મૈત્રી-પ્રેમ-પરમાનંદનો વિકાસ એટલે જ... આ અક્ષયપાત્રો!



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખરેખર અક્ષયપાત્ર જ છે! એક પછી એક રોજનીશીના પાના તો અક્ષય બને છે, પણ એમાં આવતી અનુપ્રેક્ષાના પદાર્થો પણ અ-ક્ષયસ્વરૂપ છે. વિવિધ સમુદાયનાં આચાર્ય ભગવંતો, દેશભરના ગ્રંથભંડારો, પંડિતવર્યો, મુમુક્ષુઓ તથા યુવાન પેઢીનાં જીજ્ઞાસુઓ સમીપેથી જે રીતે આ અક્ષયપાત્રોની સરાહના થઈ રહી છે તથા માંગ વધી રહી છે, તે જોતાં એક જ્ઞાનસમૃદ્ધ આત્માએ કહેલી વાત સાચી જ લાગે છેઃ 'આ અક્ષયપાત્રો તો ૨૧મી સદીના આગમો સમાન જ ભાસે છે!' હમણાં મૈત્રીવિષયક એક ચિંતન વાંચતા થયું કેઃ આહાહા! શું પદાર્થ છે... આખું ચિંતન આપણે સૌએ આ જીવનમાં ઉતારવા જેવું જ છેઃ

'જીવરાશિ ઉપરના પ્રેમ કે મૈત્રીને ધ્યેય માનીએ તો તેનું સાધન રાગ-દ્વેષનો ક્ષય છે. રાગ-દ્વેષના ક્ષયને જો ધ્યેય માનીએ તો પણ તેનું સાધન પ્રેમ-મૈત્રી છે. મૈત્રીનું અવલંબન લેવામાં ન આવે તો રાગ-દ્વેષના ક્ષયનો ઉપદેશ જ તીવ્ર રાગ-દ્વેષની વૃદ્ધિ કરાવનાર થાય છે, કેમકે એકાંગી તે ઉપદેશથી સ્વવ્યતિરિક્ત અન્યના સુખ-દુઃખ પ્રત્યેની રાગ-દ્વેષાત્મક લાગણીનો નાશ કરીને તમોગુણની વૃદ્ધિ કરાવનાર થાય છે. સ્વવિષયક રાગ-દ્વેષને છોડીને સર્વવિષયક રાગ-દ્વેષક્ષયની વૃતિનો વિકાસ કરવો જોઈએ. મૈત્રી-પ્રેમ-પરમાનંદને ધ્યેય માનવાથી તેના સાધનરૂપ રાગ-દ્વેષક્ષયની જરૂર રહે છે. સ્વવિષયક રાગ-દ્વેષ નાશ પામવાથી જ મૈત્રી-પ્રેમ કે પરમાનંદભાવનો વિકાસ થાય છે, એમ ઉભયપક્ષમાં સર્વ જીવના સુખવિષયક રાગ અને દુઃખવિષયક દ્વેષને કેળવવાની જરૂર રહે છે, તેથી પ્રમાદ, આલસ્ય, ઉપેક્ષા કે ક્રિયાશૂન્યતા પોષાતી નથી પણ અપ્રમાદ, ઉદ્યમ, ઉત્સાહ અને અનંતક્રિયાને ઉત્તેજન મળે છે.

વીતરાગ રાગશૂન્ય જરૂર છે પણ પ્રેમશૂન્ય નથી. રાગ સ્વાર્થસૂચક છે પણ પ્રેમ આનંદસૂચક છે. સ્વાર્થવૃત્તિનો નાશ આવશ્યક છે, કિન્તુ આનંદોત્પાદક પ્રેમવૃત્તિનો નાશ ઈષ્ટ નથી. તે કાર્યસાધક હોવાથી ઉપાદેય છે. સ્વાર્થમૂલક રાગ હેય છે, કિન્તુ સ્વપર આનંદમૂલક પ્રેમ ઉપાદેય છે. વીતરાગ ભગવંતોને અસંગ મૈત્રી હોવાથી મૈત્રી તેમનો સ્વભાવ બની જાય છે. અસંગ મૈત્રીના ફળરૂપે મળતાં મોક્ષમાં અચિંત્ય મૈત્રી માનવી જોઈએ. તે મૈત્રી જગતનું પરમ હિત કરે છે પણ કેવી રીતે કરે છે, તે સમજવું તો ચિત્તની શકિતની બહાર છે. મનની મનનશક્તિ બધા પદાર્થોને સમજી શકે તેમ હોતું નથી. મનનનો વિષય સામાન્ય છે. પદાર્થોના વિશેષ ધર્મોને મન સમજી શકતું નથી પણ અનુમાન કરી શકે છે. બીજાની હિતચિન્તા પોતાના ઉપકાર માટે કે અપકારથી બચવા માટે કે સારા વિપાક મેળવવા માટે કરવામાં આવે, ત્યાં સુધી તે લૌકિક છે. જ્યારે તે વચનની કે તીર્થંકરોની આજ્ઞાપાલનની અથવા તીર્થંકરોના વચન-વિચાર-વર્તનના બહુમાનની ખાતર કરવામાં આવે અને એમ કરતાં-કરતાં જ્યારે તે આત્મ સ્વભાવરૂપ બની જાય, ત્યારે તે લોકોત્તર ગણાય છે.

મુક્તિ એ લોકોત્તર મૈત્રીનું ફળ છે. જેમ ધર્મથી ધન મળે પણ ધન મેળવવા ધર્મ કરવાનો હોતો નથી, તેમ પરહિતચિંતાથી સ્વહિત થાય છે પણ સ્વહિત ખાતર ધર્મ કરવાનો હોતો નથી. સ્વહિતનું ધ્યેય થયે પરહિતનું કાર્ય નિરાશંસ બનતું નથી, આશંસા એ ધર્મને નિષ્ફળ કરનાર - જીવને શલ્યરૂપ છે. નિઃશલ્ય મૈત્રી એ જ શુદ્ધ ધર્મસ્વરૂપ છે, તેથી પરહિતનો નિઃશલ્ય અધ્યવસાય એ મૈત્રી છે.'

બસ, આટલા ઉપર દર્શાવેલ પદાર્થને જ આપણે હૃદયસ્થ કર્યા તો ય કામ થઈ જાય!

આવા ઉત્તમ કોટીનાં અનન્ય ભાવોને પ્રગટ કરીને આપણા સુધી અંતિમ છ વર્ષથી એકધારાં-અખંડપણે પહોંચાડનાર સાહેબજીના પરમ ભકત મુંબઈ-વડોદરાના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની ઉદારતાની ભાવના જેમ શાસ્ત્રોમાં શ્રુતભક્તિ કરાવનાર અનેક પૂર્વજોનું આ કાળમાં પણ સુસ્મરણ કરાવે તેવી અમૂલ્ય છે, તેમ અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ ગુરૂભક્તિમાં ન્યોછાવરી કરનાર **ભારતીબેન દિપકભાઈ મહેતા** તેમ જ તેમના જૂથના સ્નેહપરિશ્રમને પણ અંતરથી ખૂબ ખૂબ ધન્યવાદ!

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# મનનાં વસવસાંને હવે આપી દીધી છે વિદાય...



સન્ ૧૯૬૫ની રાજસ્થાનના બેડા ગામની એ વહેલી સવાર આજે આવી છે યાદ. જિનાલયમાં દાદા પાર્શ્વનાથ સમક્ષ ગુરુમહારાજ એક સ્તવન ગાઈ રહ્યાં હતાં. કેવી અદ્ભૂત હતી તેમની એકરસ તન્મયતા! દેરાંની બહાર આવી ટટ્ટાર ચાલે ઉપાશ્રય તરફ ચાલતાં મને કહેઃ ''ચીમનભાઈ, પ્રાચીન રચનાઓમાં એવું તો અદ્ભૂત સામર્થ્ય હોય છે કે આપણને તે દિવ્ય સ્વરો ઈશ્વર સાથે સમરસ કરી દે છે! પ્રભુ સાથે વાતો કરવાનું, ઉપાલંભ (ઠપકો) દેવાનું, સ્નેહ જતાવવાનું અને અહોભાવ દર્શાવવાનું એક ઉત્તમ સાધન છે આ પ્રાચીન સ્તવનો! પ્રભુ પરત્વે કૃતજ્ઞતા દર્શાવવા આનાથી ઉત્તમ સાધન આ પંચમકાળમાં અન્ય કયું હોઈ શકે?'' ...એ ક્ષણે કહેવાનું મન થઈ ગયેલું કેઃ ''સાહેબજી, મેં તો પ્રભુને જોવાને બદલે આપની ભક્તિને જ માણી હતી જિનાલયમાં! આપનામાં જ મને તો પ્રભુપ્રતિમા તન્મય થયેલી દેખાતી હતી!''

સાહેબજીની વિદાય પછી જીવનમાં કયારેક વસવસો પણ થતો કે સાહેબજીનો હજુ વધુ લાભ એ ૧૫ વર્ષોમાં હું લઈ શકયો હોત... પરંતુ હવે આ હસ્તાક્ષરનાં ખળખળ વહેતાં અ-ક્ષર ઝરણામાં ડૂબકી લગાવવાનું શરૂ થયું છે, ત્યારથી એ વસવસાંને ય આપી દીધી છે કાયમી વિદાય! સાહેબજી, આ અક્ષયપાત્રોના હસ્તાક્ષરોમાં વહેતી અનુપ્રેક્ષાઓમાંથી સ્ફૂટ થતાં મોક્ષમાર્ગે આપ સ્વયંના સતત સાયુજયની જ અનુભૂતિ થાય છે, કિન્તુ હવે તો આપનો ઋણસ્વીકાર પણ કરવો તો કેવી રીતે કરવો?

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












યસ્યશ્ચન્દ્રમુખી પ્રસિદ્ધમહિમા, સ્વાચ્છન્દ્યરાજ્યપ્રદા,
નાયાસેન સુરાસુરેશ્વરગણૈ - રભ્યર્ચિતા ભક્તિતઃ ।
દેવી સંસ્તુતવૈભવા મલયજા, લેપાઙ્ગ-રઙ્ગ-દ્યુતિઃ,
સા માં પાતુ સરસ્વતી ભગવતી ત્રૈલોક્યસંજીવની ॥

ઉનાવા, સં. ૨૦૩૧, પોષ વદી ૧૧, ગુરુવાર, ૬-૨-૧૯૭૫

ૐ અર્હં નમઃ । ૐ શ્રી ગૌતમાય નમઃ ।

સર્વ મંગળમાં જૈનશાસનની અનુમોદના છે.
સર્વ મંગળોમાં મંગળતા પૂરનાર,
સકળ કલ્યાણોનું ઉત્પાદક અને
સર્વ ધર્મોમાં મુખ્ય એવું જૈનશાસન જયવંતુ છે.

जयति जिनोक्तो धर्मः षड्जीवनिकायवत्सलो नित्यं ।
चूडामणिरिव लोके विभाति यः सर्वधर्माणां ॥ અર્થાત્ :

જિનેશ્વર ભગવાને કહેલ ષડ્જીવનિકાયને
નિત્ય વત્સલ એવો ધર્મ જય પામે છે,
જે લોકમાં સર્વ ધર્મોમાં મુગટની જેમ શોભે છે.

નવપદોની ભક્તિ આવશ્યક છે, કેમકે...

અરિહંતો ઉપકારના ભંડાર, સિદ્ધો સુખના ભંડાર,
આચાર્યો સદાચારના ભંડાર, ઉપાધ્યાયો વિનયના ભંડાર,
સાધુઓ સહાયના ભંડાર, દર્શન સદ્ભાવનાઓનો ભંડાર,
જ્ઞાન સદ્વિચારોનો ભંડાર, ચારિત્ર સદ્ગુણોનો ભંડાર
તથા તપ એ સંતોષનો ભંડાર છે.
નવપદોની ભક્તિ એ પુણ્યનો ભંડાર,
નવકારનો સાર પાપમાત્રનો તિરસ્કાર.

નવકાર એ ગંગાજળ છે, તેમાં ઝીલનારના પાપપંક ધોવાઈ જાય છે. નવકારમાં દુષ્કૃતગર્હારૂપી જળ છે, સુકૃતાનુમોદનારૂપી વસ્ત્ર, શરણાગમનરૂપી આભરણ છે. મનરૂપી વસ્ત્ર રોજેરોજ વિષય - કષાયરૂપી ધૂળમાં રગદોળાય છે, તેથી મેલું થાય છે. તેને ધોવાની ક્રિયા પણ નિરંતર થવી જોઈએ. નવકારનું સ્મરણ કરતી વખતે વિષય - કષાય ઉપર વિજય કરનારનું ધ્યાન થાય છે, તે અંતઃકરણરૂપી વસ્ત્રને ધોવા નિર્મળજળનું કામ કરે છે. શ્રદ્ધા = પ્રભુએ કહેલાં ધર્મનું સેવન કરવાનો અભિલાષ.

જેને નમીએ, તે જે વસ્તુ પામ્યાં હોય, તેની અભિલાષા હોય તો ભાવનમન, અન્યથા ભાવથી નમન ન ગણાય.

નવકાર ગણનારમાં સિદ્ધપણું અને સાધુપણું
મેળવવાની અભિલાષા હોય, એટલું જ નહિ પણ
અરિહંતને નમનારમાં અરિહંતની જેમ
અનેક જીવોને નહિ પણ
સર્વ જીવોને મોક્ષે લઈ જવાની અભિલાષા પણ હોય જ.
કેવળ ધર્મ પામવાની બુદ્ધિથી નમસ્કાર થાય,
તો જ તે સાચો નમસ્કાર ગણાય.
પરમેષ્ઠિપણાનું વાસ્તવિક બીજ અરિહંતપણું છે.

જે સારું લાગે, તે સૌ જીવોને પમાડવાની ભાવના
તથા 'હું સુખી થાઉં' એમ નહિ પણ
'સૌ સુખી થાય, તો હું સુખી થાઉં,'
એ ભાવના અરિહંતપણાંનું બીજ છે.

'લોકસંગ્રહ' એટલે શું ?

મનુષ્યનું મોટામાં મોટું કર્તવ્ય છે:
ન્યાયની પ્રતિષ્ઠા અને ધર્મની રક્ષા.

સામાન્ય જનતા વિચારપ્રધાન નહિ, કિન્તુ
ભાવનાપ્રધાન અને અનુકરણશીલ હોય છે.
તેના હિતને માટે કેવળ વિચાર કરીને નહિ, પરન્તુ
તેવું જીવન જીવીને દૃષ્ટાંત પૂરું પાડવું જોઈએ.
એનું જ બીજું નામ 'લોકસંગ્રહ' છે.
લોકો ઉપર કરૂણાની દૃષ્ટિથી પણ
જીવનનો બાહ્ય વ્યવહાર શુદ્ધ રાખવો જોઈએ, કેમકે
લોકો ભાવનાપ્રધાન અને અનુકરણશીલ પ્રાણી છે.

નવકારજાપથી શું મળે ?

નવકારથી શાંતિ - તુષ્ટિ - પુષ્ટિ મળે છે, તેનું કારણ:
દુષ્કૃતગર્હા વડે શાંતિ - સુકૃતાનુમોદના દ્વારા તુષ્ટિ
અને શરણાગમન વડે પુષ્ટિ મળે છે.

# નાદમાં વ્યાપ્ત ૐ અને અર્હં

અવ્યક્ત ધ્વનિરૂપ નાદનું સ્થાન નાભિકમળ છે.
વ્યાકરણ મુજબ 'નાદ'નો અર્થ ધ્વનિ,
તંત્ર મુજબ પહેલું અવ્યક્ત મૂળ અને
દર્શનશાસ્ત્ર મુજબ અનાહત નાદ, જે સાધનાની
ઉચ્ચ અવસ્થામાં કર્ણના વિવરોમાં નિનાદિત થાય છે.
સ્વરોની વ્યાપ્તિ સંસારની સર્વ ભાષાઓમાં છે.
સૂક્ષ્મ દૃષ્ટિએ આ નાદ સંસારની સર્વ વસ્તુઓનું મૂળ
'ઓં' અને 'અર્હં'માં વ્યાપ્ત છે તથા
સ્થૂળ દૃષ્ટિએ સંસારની સર્વ ધ્વનિઓમાં વ્યાપ્ત છે.
તે ૪ સ્વરૂપે વ્યક્ત થાય છે: મૂળ ધ્વનિ પરારૂપ છે.
મધ્યમાનું સ્થાન કંઠ છે, પશ્યંતીનું સ્થાન હૃદય છે,
વૈખરીનું સ્થાન મુખ અને પરાનું સ્થાન નાભિ છે.
અવ્યક્ત નાદ જ્યારે અભિવ્યક્ત થવા માંગે છે, ત્યારે
તે હૃદય સુધી આવે છે અને બધા વિકલ્પોને પાર કરી
કંઠ સુધી બિંદુ ઘોષ પ્રાપ્ત કરી, મુખ સુધી કલાથી
વ્યક્ત થાય છે, તે વૈખરીરૂપ - વર્ણરૂપ બને છે.
કંઠ સેતુરૂપ છે, ત્યાં અર્હં મંત્રરૂપ બને છે અને તે
તેના ઉચ્ચારણ દ્વારા સુંદર સૃષ્ટિનું નિર્માણ કરે છે.

આ કંઠ એ કાવ્યસંસારનું
પોતાની ઇચ્છાનુસાર પ્રવર્તન કરે છે.
મમ્મટના 'काव्यप्रकाश'માં કહ્યું છે કે :
अपारे संसारे कविरेव प्रजापतिः ।
यथाऽस्मै रोचते विश्वं तथेदं प्रवर्तते ॥१॥ અર્થાત્:
અપાર સંસારમાં કવિ જ પ્રજાપતિ છે.
એને જેવું ગમે, તેવું આ વિશ્વ પ્રવર્તે છે.
કવિને સંસારપ્રવર્તનનું માધ્યમ કંઠ છે, જે બિંદુરૂપ છે.
કંઠપ્રદેશેથી નીકળેલો નાદ મુખકમલથી વર્ણમાતૃકારૂપને
ધારણ કરે છે. તે બાવન અક્ષરરૂપ સ્વર-વ્યંજન છે.
માતૃકા સ્વરૂપનું ફળ નિખિલ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ છે.
ઋષિમંડલ અને સિદ્ધચક્રની ઉપાસનામાં
અનાદિસિદ્ધ વર્ણોનું ધ્યાન છે, તે વડે
ધ્યાતાને સમગ્ર જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે.
આ વર્ણમાતૃકાનું પરા રૂપ 'अ' થી 'ह' પર્યન્ત અને
અગ્નિબીજયુક્ત 'अर्हं' છે.
'अर्हं'પદ નાદ નાભિકમલમાં અવ્યક્તરૂપથી વિદ્યમાન છે.
માતૃકાના સાધક વડે તે નાદ-બિંદુરૂપ
કંઠથી નીકળીને કલારૂપ મુખથી પ્રકટ થાય છે.

'અર્હં' એ પરારૂપ અવ્યક્ત નાદનું પ્રતીક છે.
નાદ - બિંદુ - કળાને અમાત્ર, અર્ધમાત્ર, ત્રિમાત્ર પણ કહે છે.
નાદ એ અમાત્ર છે, બિંદુ એ અર્ધમાત્ર સેતુ છે અને
કળા એ ત્રિમાત્ર પ્રકૃતિ ત્રિગુણાત્મક સંસારરૂપ છે.
પ્રણવાકારરૂપે નાદ - બિંદુ - કળા ઓંકારમય છે અને
આકૃતિરૂપે ૐ ગણેશ રૂપ મંગળમય છે અને
સ્વસ્તિક રૂપ 卐 પણ બને છે.

'પ્રકૃતિ' એટલે...

નિશ્ચલ પરાવાક્ રૂપ પ્રણવાત્મક નાદરૂપ કુંડલિની શક્તિ.
નાદચૈતન્ય નાભિપ્રદેશમાં સુષુપ્તિ - કંદમાં સ્વપ્નરૂપ છે.
નાદ એ બ્રહ્મરૂપ, બિંદુ વિષ્ણુરૂપ, કળા શિવસ્વરૂપ છે.
અર્હંમાં 'અ' એ અવ્યક્ત નાદરૂપે,
'ર્' એ અંતરંગ બિંદુરૂપે અને 'હ્' એ પ્રકટ કળારૂપે છે.
નાદમાં પ્રકૃતિની સામ્યાવસ્થા છે,
બિંદુમાં વિચલન છે અને કળામાં પ્રકટન અવસ્થા છે.
સાધકનું મન દ્વેષાત્મક હોય, તો તમોગુણની સૃષ્ટિ,
રાગાત્મક હોય, તો રજોગુણની સૃષ્ટિ અને
સાધકના મનની જો શુદ્ધાવસ્થા હોય, તો
સત્ત્વગુણની સૃષ્ટિ રચાય છે.

યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ |

જે પ્રકારે કરોળીયો પોતાની જાળને ગૂંથે છે અને પોતે જ તેને સંહરી લે છે, તેમ અવ્યક્ત નાદ સંસારનું નિર્માણ પણ કરે છે - સંહાર પણ કરે છે.

નાદ - બિંદુ - કલાસ્વરૂપ ૐકારમાં

'અ'થી અરિહંત-સિદ્ધ, 'ઉ'થી આચાર્ય - ઉપાધ્યાય અને 'મ'થી મુનિ અનુક્રમે નાદ - બિંદુ - કલારૂપ છે.

આચાર્ય - ઉપાધ્યાય ગીતાર્થ હોઈને દ્વાદશાંગારૂપ વર્ણમાતૃકા તથા તેના સારરૂપ અર્હના ઉપદેશક છે અને મુનિ સંસારના જીવોને વિવિધ પ્રકારે પ્રતિબોધ કરીને પાપ અપહારરૂપી સંવરને સાધવે છે.

નવકારનો સાર 'ૐ', અવ્યક્તરૂપ 'નમો' અને 'સિદ્ધં' મળીને પંચાક્ષર પંચમંગલ બને છે, તેનો સાર અર્હં છે.

'અર્હં'માં વર્ણમાતૃકા સમાઈ ગયેલા છે અને તે સરલ રેખારૂપ નાદ, વક્રરેખારૂપ બિંદુ અને કલાથી જન્મેલા છે.

સ્વરો નાદરૂપ છે તથા વ્યંજનો બિંદુરૂપ છે.

એ બે મળીને બનતાં વર્ણો કલારૂપ છે.

આમ નાદ એ સૂક્ષ્મરૂપ પ્રકાશતત્ત્વ છે,

જે ચરાચર વિશ્વને પ્રકાશિત કરે છે.

જપસૂત્રમ્ શ્લો-૭૮માં કહ્યું છે કે:

સૂતે સૂયતે યેન, તેજો ભુવનનાભિષુ ।
સવિતેતિ ચ તં વિદ્ધિ, પૂષેતિ ભર્ગરૂપિણમ્ ॥ અર્થાત્:
નિખિલ ભુવનની નાભિમાં જે તેજશક્તિ રહેલી છે, તે તેજશક્તિને જે ઉત્પન્ન - પોષિત કરે છે, તે સાક્ષાત્ ભર્ગરૂપી દેવતાને સવિતા - પૂષા કે સૂર્ય તરીકે ગ્રહણ કરો. 'બિંદુ' એ સૂર્યના કિરણો છે, જેના માધ્યમથી તે સકલ કલાઓ (પદાર્થો)નો લય અને ઉદય કરે છે. એ રીતે આ નાદ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યરૂપ બને છે, તેથી નાદ એ જ સાધકનું પરમ ધ્યેય બનવું જોઈએ.

કલારૂપ શરીરની શક્તિના અનુસારે સાધક બિન્દુરૂપ શૂન્યમાં ધ્યાનને સ્થિર કરી નાદરૂપ 'ॐ अर्हं'માં રહેલા પરા માતૃકાનું ધ્યાન કરવું જોઈએ. ધ્યાનની ઉચ્ચ અવસ્થામાં આ નાદ - અનાહત ધ્વનિનું જ અનુગુંજન કરે છે અને એજ તત્ત્વ છે.

વાગ્બીજનાદ મેળવવા એક મંત્ર

'ऐं! अमृते! वाचस्पते! प्लुवः प्लुः।'

આ મંત્રનું ધ્યાન નિત્ય કર્તવ્ય છે.
એથી વાગ્બીજનાદની શીઘ્રપણે ઉપલબ્ધિ થાય છે.

## જપયોગ દ્વારા જ્ઞાનીનું ધ્યેય શું હોય?

જપયોગમાં વૈખરીથી પરાવાક્ તરફ જવાનો પ્રયત્ન છે,
શબ્દના અવલંબનથી શબ્દાતીત તરફ જવાની સાધના છે.
જપયોગ વડે શબ્દબ્રહ્મથી પરબ્રહ્મ તરફ જઈ શકાય છે.

જડ, જગત, માયા, ઈશ્વર, બ્રહ્મ - આ સર્વને
તત્ત્વાર્થમાં સમજી અને પામી પિંડ અને બ્રહ્માંડ વચ્ચેના
અભેદનો સાક્ષાત્કાર કરવો અર્થાત્ બ્રહ્મની નિરાસાથી
બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો, તે જ્ઞાનીનું ધ્યેય હોય છે.

## 'જ્ઞાની' અને 'વિદ્વાન' શબ્દ વચ્ચે શું ફેર?

કોષમાં: 'જ્ઞાની' શબ્દનો અર્થ છે wise sage અને
'વિદ્વાન' શબ્દનો અર્થ છે Learned ઋષિ, મંત્રદ્રષ્ટા.
'જ્ઞા' ધાતુનો અર્થ છે To know in all senses.
વિદ્વાન અને જ્ઞાની - બંનેની જ્ઞાનાભિમુખતા અને
ઉપાસના પરત્વે અભિગમભેદ હોય છે તથા
અભિગમભેદે પરિણામભેદ થાય છે.
વિદ્વત્તા મનુષ્યને વિતૃષ્ણ બનાવી શકે, એવો નિયમ નહિ.
જ્ઞાની જેમ જેમ આત્મરત થતો જાય,
તેમ તેમ નિરાકાંક્ષ, નિરભિલાષ, નિર્મોહ તથા
વિતૃષ્ણ થવાનો તેનો અવકાશ વિશેષપણે હોય છે.

વિદ્વત્તા અહંકારની જનની બની શકે, જ્યારે જ્ઞાન
સદ્ગુરુ પાસેથી પ્રાપ્ત થયું હોય, અંદર ઉતર્યું હોય,
પ્રત્યક્ષાત્મક અને શ્રદ્ધાવિધાયક નીવડ્યું હોય, તો
તે મેળવનાર જ્ઞાની ઉત્તરોત્તર વિનમ્ર બનતો જાય છે,
તેના અહંનું વિગલન થતું જાય છે,
તેનો આત્મભાવ સર્વાત્મભાવમાં વિસ્તરતો જાય છે અને
અંતે વિશ્વાત્મૈક્યની ભાવનાને સિદ્ધ કરી શકે છે.
જ્ઞાન એને માટે વિલાસ નહિ, અંતરની જરૂરિયાત છે,
તે અપ્રકૃતિમાંથી પ્રકૃતિમાં જવા મથે છે તથા
'નહિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે ।'
એ ઋષિનું સૂત્ર બની જાય છે, એટલે
બની જ્ઞાની ઉત્તરોત્તર યોગી, મહાયોગી, પરમ યોગી
અને પૂર્ણ માનવ - યોગી બને છે, જ્યારે
વિદ્વાન કેવળ બહિર્મુખ રહે છે, કિન્તુ
જ્ઞાની માટે અંતર્મુખ બનવું અનિવાર્ય છે. અંતર્મુખ
બન્યા વિના જ્ઞાનીની ગતિ કે પ્રગતિ થઈ શકતી નથી.
આત્મપ્રત્યયના પાયા પર જ શ્રદ્ધાની ઈમારત ટકે છે.
જ્ઞાનની જ્યોત અંતરમાં પ્રદીપ્ત થતી હોય છે અને
આત્માને અજવાળે છે.

જ્ઞાની ગીતાનો સાર એ છે કે કોઈ જીવની હિંસા ન કરવી.
તું જે જીવને હણવા ઇચ્છે છે, તે બીજો કોઈ નહિ પણ
તારા જેવું જ ચૈતન્યવાળું પ્રાણી છે,
તેથી ખરેખર તે તું પોતે જ છે.
સૌ જીવવા ઇચ્છે છે, વધ કોઈને પ્રિય નથી,
સૌ સુખને ઇચ્છે છે, દુઃખ કોઈને પ્રિય નથી, તેથી કોઈ
પ્રાણીની મનથી, વચનથી કે કાયાથી હિંસા ન કરવી.
ગમે તેટલા પ્રતિભાશાળી કે શક્તિશાળી વિદ્વાનને પણ,
અનેક વિદ્યાઓના મહાસાગરો ખૂંદ્યા પછી પણ,
ઘણા વિદ્યાઓના પ્રદેશો અવશેષ રહી જાય છે.
સકલ વિદ્યાઓની સિદ્ધિ માત્ર આત્મજ્ઞાનથી જ શક્ય છે.
હે માનવ!
તું તારી અંદર રહેલ એ જ્યોતિને શોધી કાઢ - શોધી કાઢ.
તારું સાચું સ્વરૂપ જ એ છે.
એના વગર સમસ્ત સંસાર ફિક્કો - શુષ્ક - નીરસ છે,
એ જ્યોતિમાં નિર્લિપ્તતા છે, આનંદ છે, પ્રેમ છે,
વિશ્વના સર્વે રસો એમાં જ આવેલા છે.
હે જ્યોતિ! તું અમારો સંપૂર્ણ સ્વીકાર કર - સ્વીકાર કર!
એમાં જ અમારી પ્રકૃતિ છે, પરિષ્કૃતિ છે.

## <u>અહિંસાનું જ બીજું રૂપ એટલે અનેકાંત</u>

સર્વ પ્રાણીઓ પ્રત્યે - પછી તે શત્રુ હોય કે મિત્ર હોય,
સમભાવથી વર્તવું, એનું નામ 'અહિંસા' છે.
સર્વ જીવો પ્રત્યે સંયમપૂર્વકનું વર્તન કરવું,
તેમાં નિપુણ અહિંસા છે.
સર્વ ધર્મસ્થાનોમાં અહિંસાને જ પ્રધાનસ્થાન છે.
અહિંસાનું બીજું સ્વરૂપ અનેકાંત = વિચારની અહિંસા.
'હું કહું છું, તે જ સત્ય છે'
એવા મતાગ્રહ કે દુરાગ્રહમાં હિંસા છે.
<u>'બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોઈ શકે છે'</u>
<u>એવી ઉદાર દૃષ્ટિનું નામ 'અનેકાંત' છે.</u>
અનેકાંતમાં સહિષ્ણુતા - સમતાભાવ - સમત્વદૃષ્ટિ છે.
બધી વસ્તુને સાપેક્ષભાવે વિચારવી, દરેક અવસ્થામાં
રહેલ સત્યના અંશને જોવો, એનું નામ 'અનેકાન્ત' છે.
વસ્તુ પ્રત્યે મમત્વ, તે પરિગ્રહ છે.
સર્વ પ્રાણીઓ માટે પરિગ્રહ જેવું કોઈ બંધન નથી.
સત્ય શોધવા માટે વિચારનું વલોણું કરવું, તે અનેકાંત છે.
કામભોગો એ આત્માની સ્વતંત્રતાના શત્રુ છે,
અનર્થના મૂળ છે, જ્યારે તપ એ ઉત્કૃષ્ટ મંગળ છે.

જ્યાં આગ્રહ છે, ત્યાં મનનો નિગ્રહ નહિ અને
મનનો નિગ્રહ નહિ, ત્યાં પરમાત્માનો અનુગ્રહ નહિ.
અનુગ્રહ માટે નિગ્રહની આવશ્યકતા છે અને
નિગ્રહ માટે અનાગ્રહની પરમ આવશ્યકતા છે.
જ્યાં આગ્રહ છે, ત્યાં અહંભાવ - કર્તાપણાની ભાવના છે,
તે ચિત્તમાં કઠોરતા પેદા કરે છે તથા
ત્યાં અનુગ્રહની વર્ષા પ્રવેશ કરી શકતી નહિ.
અનુગ્રહાર્થે મનુષ્યના મનમાંથી આગ્રહ - દુરાગ્રહ નીકળી
જવા જોઈએ, તો અનુગ્રહનું ગ્રહણ થઈ શકે છે.
મનને ખાલી કરવા માત્ર તેના સાક્ષી બનવાની જરૂર છે.
તેને દેખવા માત્રથી અંદર એક વિસ્ફોટ પેદા થાય છે,
કે જે વડે મનના વિચાર, વિકલ્પ, સંસ્કાર, સંકલ્પ-
વિકલ્પ વિલીન થવા માંડે છે, મન ખાલી થઈ જાય છે.
ખાલી મનમાં જ પ્રભુના અનુગ્રહનો અનુભવ થઈ શકે.
હઠીલું બાળક માના મારથી નહિ પણ પ્યારથી વશ થાય,
તેમ મનની પણ એવી દશા છે.
હઠપૂર્વક નિગ્રહ કરવાથી તે માનતું નહિ પણ
પ્રેમપૂર્વક નિરખવાથી વશ થઈ જાય છે.
પ્રેમપૂર્વક જોવાથી મન 'અ-મની' ભાવને પામે છે.

'સાધના' ભાષામાં પરમાત્માનો કેવળ અનુગ્રહ જ રહે છે.

જ્યાં આગ્રહ છે, ત્યાં મનનો નિગ્રહ નથી.

જ્યાં મનનો આગ્રહ મટી જાય, ત્યાં જ અનુગ્રહની અનુભૂતિ થાય છે. આગ્રહની હવા નીકળી જવાથી અંતર મનમાં અનુગ્રહનો સ્રોત વહેવા લાગે છે. વિચાર આચારમાં આવતાં જ સદાચાર બની જાય છે. જ્ઞાન જ્યારે ક્રિયામાં પરિણમે, ત્યારે તે ચારિત્ર બને છે.

ઇમર્સને કહ્યું છે: Character is the transcription of knowledge into action.

'સત્'નો અર્થ એ છે કે જેની એક માત્ર સત્તા છે. બાકી બધી વસ્તુઓ સત્ નહિ પણ સ્વપ્નવત્ છે.

સત્ = only existence - substance.

વાસ્તવિક સત્ તે છે, જેમાં કોઈ રૂપાન્તર શક્ય નથી.

ઉત્તરાધ્યયન સૂત્ર - ૧, ગાથા - ૧૫/૧૬માં કહ્યું છે કે:

આત્માને દમવો જોઈએ, આત્મા દુર્દમ્ય છે. આત્માનું દમન કરનારો આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

બીજાઓ મને બંધનમાં નાંખીને દમે,<br>
તે કરતાં હું પોતે જ મારા આત્માને<br>
સંયમ અને તપ વડે દમું, એ શ્રેષ્ઠ છે.

ઇંદ્રિયોને સમાધિવાળી કરી આત્માને પાપપ્રવૃત્તિઓથી
બચાવતા રહેવો, નહિ બચાવેલો આત્મા સંસારમાં રખડે.
સારી રીતે રક્ષા કરાયેલો તે આત્મા દુ:ખમુક્ત થાય છે.

શરીરને અને મનને તપાવે, તે તપ.

તપ બે પ્રકારે : બાહ્ય તપ તથા આભ્યંતર તપ.

બંનેના છ - છ પ્રકારો કહ્યાં છે.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૩૦, ગાથા - ૩૦માં કહ્યું છે કે:
દેવ, ગુરુ, ધર્મ, મોક્ષ અને તેના સાધનો પ્રત્યે આદરભાવ
તે વિનય, દેવ - ગુરુ અને ધર્મની સેવા તે વૈયાવચ્ચ,
આત્મોન્નતિ કરનાર શાસ્ત્રોનું અધ્યયન તે સ્વાધ્યાય,
મનને અશુભથી હટાવી શુભવૃત્તિમાં એકાગ્રતા કરવું, તે
ધ્યાન અને લોકસમૂહનો ત્યાગ કરી એકાકીભાવે વિચરવું
તથા કાયાનું મમત્વ છોડી આત્મભાવે રહેવું, તે વ્યુત્સર્ગ,
જે કામ કરવા યોગ્ય નથી, એવું કામ થઈ જતાં એની
વિશુદ્ધિ માટે યથોચિત અનુષ્ઠાન કરવું, તે પ્રાયશ્ચિત્ત.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૯, ગાથા - ૩૫માં કહ્યું છે કે:
હે પુરુષ ! તું આત્માની સાથે જ યુદ્ધ કર.
બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે ?
આત્મા વડે જ આત્માને જીતવાથી સાચું સુખ મળે છે.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૨, ગાથા - ૩૬/૩૭માં કહ્યું છે કે:

'મારો આત્મા જ વૈતરણી અને કૂટશાલ્મલી વૃક્ષ છે,
મારો આત્મા જ કામધેનુ અને તે જ નંદનવન છે.
આત્મા જ સુખ-દુઃખનો ઉત્પન્ન અને નાશ કરે છે.
સન્માર્ગે ચાલનારો સદાચારી આત્મા મિત્રરૂપ છે અને
કુમાર્ગે ચાલનારો દુરાચારી આત્મા શત્રુરૂપ છે.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૨૮, ગાથા - ૩૬માં કહ્યું છે કે:

જે મહર્ષિઓ છે, તે સંયમ-તપથી પૂર્વ કર્મોનો ક્ષય કરી
સમસ્ત દુઃખરહિત એવા મોક્ષ પ્રત્યે શીઘ્રગમન કરે છે.
'શ્રદ્ધા' એટલે આત્મશ્રદ્ધા, દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા,
નવતત્ત્વો ઉપરની શ્રદ્ધા.

ક્ષમા = ક્રોધ અને ઉપલક્ષણથી માન, માયા, લોભ ઉપર
વિજય, ઋજુતા, નમ્રતા, નિર્લોભિતા કેળવવા તે.
તપ - અનેક પ્રકારનો, સંયમ - ૫ ઇંદ્રિયો ઉપર કાબુ,
ગુપ્તિ - ત્રણે યોગનો પ્રશસ્ત નિગ્રહ,
પરાક્રમ - ધ્યેય તરફ ધસવાનો પ્રયત્ન,
ધૈર્ય - ચિત્તસ્વાસ્થ્ય, કષ્ટ વેઠી લેવાની વૃત્તિ,
સત્ય - સત્યની ઉપાસના અને આગ્રહ,
કર્મરૂપી કવચનું ભેદન - સકલ કર્મોનો નાશ.

પ્રાણીમાત્રને આત્યન્તિક, અવિનશ્વર અને ઐકાન્તિક સુખની આકાંક્ષા છે, તે મળે ત્યારે પૂર્ણ સંતોષ થાય. આ આકાંક્ષા જ મુક્તિસુખ પ્રત્યેનું આત્મહિત સૂચવે છે. દેશ-કાલાદિ અવચ્છિન્ન દૃશ્ય પદાર્થો અલ્પ-વિનાશી છે, ત્રિગુણાદિ મિશ્રિત છે, તેમાં સુખની આશા 'મૃગતૃષ્ણા' રૂપ છે. સુખ અલ્પમાં નહિ પણ પરમમાં-ભૂમામાં છે.

'नाऽल्पेसुखमस्ति ।'

અલ્પ વડે પરમ સુખની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે? પરમ સુખ અને પરમાનંદની પ્રાપ્તિ તો દેશકાલાદિ અનવચ્છિન્ન અનંત ચિદાનંદસ્વરૂપ પરમાત્મતત્ત્વના લાભથી જ શક્ય છે, અન્યથા નહિ.

એ કલ્યાણી વિવેકી લોકો પરમ સુખની પ્રાપ્તિ માટે પરમાત્મ દેવનું જ ધ્યાન, આરાધન, ચિંતનાદિ કરે છે, તેને જ પરમભાવની ઉપાસના કહેવાય છે.

પરમાત્મતત્ત્વનું જ્ઞાન ગુરુ સિવાય શક્ય નથી.

आश्चर्योऽस्य वक्ता ।

પરમાત્મ દેવના સ્વરૂપનું નિર્વચન કરનાર ગુરુની પ્રાપ્તિ દુર્લભ છે.

જ્ઞાન આપે તે ગુરુ. વૃદ્ધોની સેવા એ ગુરુસેવા છે.

समाधिसिद्धिरीश्वरप्रणिधानात् ।

स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ।

પરમપદના અર્થીએ પરમાત્મદેવને જ
પરમગુરુ માની આરાધના કાળમાં એમની જ દયા અને
એમની જ સહાયતાની યાચના કરવી જોઈએ.
અત્યાસન્નકાળમાં ગુરુની સમીપતા અત્યંત આવશ્યક છે.
સર્વવ્યાપક પ્રભુસ્વરૂપી ભક્ત હૃદયમાં વિરાજમાન
ભગવાનથી અધિક સમીપ બીજું કોણ છે ?
અધિકતમ નજીક રહેવાના કારણે ગુરુભાવનાના
સર્વોત્તમ પાત્ર ક્લેશકર્માદિરહિત પુરુષવિશેષ ઈશ્વર છે.
ઈંદ્રિયો અને મનથી પણ પર, એવા
તે ગુરુતત્ત્વનું આહ્વાન કરવાનું સાધન કોઈ આકાર કે
રૂપ નહિ પણ 'तस्य वाचकः प्रणवः ।' એનું નામ,
તેનો પ્રકટ કરનાર 'ઓં' નો ધ્વનિ છે.
ગુરુમાં પરમ પ્રેમ અને પરાભક્તિ ઉત્પન્ન કરવાનું
પરમ અને ચરમ સાધન એક ઓંકાર છે.
આ નામનો જે પ્રભાવ છે અને તેમાં જેટલા
શીઘ્ર સિદ્ધિ અને સમાધિ લાવવાનું સામર્થ્ય છે,
તેનો એક અંશ પણ બીજા સાધનોમાં મળવો દુર્લભ છે.

'ૐ' પરમાત્માનું સર્વોત્તમ નામ છે, એમાં ઈશ્વરનું
સંપૂર્ણ સ્વરૂપ અને સર્વ ગુણો આવી જાય છે.
ઈશ્વર = ઐશ્વર્યવાન, પરમાત્મા = મોટા - મહાન આત્મા,
તેની સાથે અનંત જ્ઞાન, અનંત આનંદ કે અનંત શક્તિ
વગેરે વિશેષણોની જરૂર પડે છે, કિન્તુ 'ૐ' નામની
સાથે તેવા કોઈ જ વિશેષણોની જરૂર રહેતી નથી.
સર્વશક્તિમાન 'ૐ' નામમાં સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા,
પૂર્ણાનંદતા, અવિનાશિતા, સર્વવ્યાપિતાદિ ગુણો રહેલાં છે.
'ૐ'માં સર્વશક્તિમત્તા છે. અન્યની સહાયતા વિના
'ૐ' સ્વયં પ્રકટે છે, માટે સર્વશક્તિમાન છે.
સર્વવ્યાપિતા = અ - સ્વર, 'स्वयं राजते इति स्वरः ।'
સર્વ સ્વર - વ્યંજનોમાં વ્યાપ્ત માટે 'વિભુ'.
વ્યંજનોના પ્રકટ થવામાં પહેલું મૂળ કારણ સ્વર છે.
જેમ સ્વરમાં પહેલું આદિ અક્ષર અકાર છે અને તે
વ્યંજનોમાં જીવન, સત્તા અને પ્રકાશ અર્પે છે, તેની
જેમ પરમાત્મતત્ત્વ એ સર્વમાં વ્યાપી રહેલ સર્વના
અંતરાત્મા રૂપ જ છે, જો તે મૂળ સત્તા ન હોય તો
સર્વનો અભાવ થઈ જાય. तमेव भान्तं अनुभाति सर्वं ।
તેના પ્રકાશથી જ આખા સર્વ પદાર્થ પ્રકાશિત થાય છે.

અહીં 'સર્વશક્તિમાન'નો અર્થ એવો નહિ કે:
'ચાહે તે કરી શકે અને સર્વ કાંઈ કરી શકે.'
એવો અર્થ કરવા જતાં પોતે પાપાત્મા પણ
કરી શકે અથવા પુણ્યવાનને નરકમાં અને પાપાત્માને
સ્વર્ગમાં લઈ જઈ શકે, તો ઘણો અનર્થ થઈ જાય.
પરમાત્મામાં પ્રેમ, દયા, પવિત્રતા અને ન્યાયાદિ ગુણો
જ હોય, દોષ નહિ જ. 'તેઓ સર્વ કાંઈ કરી શકે છે'
એ અર્થ યુક્તિરહિત, ભક્તિશૂન્ય, ભૂલ ભરેલો છે.
સર્વદોષરહિતતા = પ્રભુ પવિત્ર પ્રેમ - દયાદિ ભરેલ છે.
'સર્વ દોષરહિત છે' એટલે સર્વ શક્તિઓ આદિ
સર્વ ગુણોથી ભરેલાં છે, એ અર્થ કરવો જોઈએ.
શક્તિમાત્ર સ્વરૂપથી પવિત્ર છે.
જાણવા - જોવાની શક્તિ છે, તે પવિત્ર છે પણ
એકને શત્રુ અને બીજાને મિત્ર તરીકે જોવો,
તે દોષ શક્તિનો નહિ, કિન્તુ ભાવનાનો છે.
રાગ-દ્વેષની ભાવનાથી દોષ આવે પણ જાણવા, જોવા,
સાંભળવા, વિચારવાની શક્તિ સ્વયં દોષરૂપ નથી.
રાગ, દ્વેષ, અજ્ઞાનથી પ્રેરિત હોય, ત્યારે જ તેનો
દુરુપયોગ થાય છે અને તે દોષો ભગવાનમાં નથી.

ભગવાનમાં સર્વશક્તિમાનતાની સાથે
સર્વદોષરહિતતા અને સર્વજ્ઞતા ગુણ છે.

સર્વજ્ઞતા

મનુષ્યનું બધું જ્ઞાન શબ્દોમાં પરોવાયેલું છે.
તેનું મન તથા બુદ્ધિ શબ્દક્ષેત્રની બહાર જઈ શકતી નથી.
કોઈપણ વસ્તુનું ધ્યાન અને વિચાર શબ્દોમાં જ થઈ શકે.
માનુષી જ્ઞાનના આધારભૂત શબ્દ અક્ષરોના સંયોગથી
જ ઉત્પન્ન થાય છે અને જે શબ્દ મળીને જ્ઞાનના
આધારભૂત શબ્દોને જ જન્મ આપે છે, એ સર્વમાં
આદિ અક્ષર 'અ' છે, અન્ય સર્વ અક્ષરોમાં 'અ' છે.
અક્ષરોમાં શબ્દ છે અને શબ્દોમાં જ્ઞાન છે.
બધા અક્ષરો અને શબ્દોને પ્રકાશક એવા
'અ'માં જ સર્વ જ્ઞાન સમાવિષ્ટ છે.
'અ' એ ઓંકારનો આદિ અક્ષર છે, તેથી
તે સર્વજ્ઞ - સર્વદર્શી - પરમાત્મવાચક બની શકે છે.

જ્ઞાનનો આદિ સ્રોત

'અ' વડે જ અન્ય વર્ણો, શબ્દો, શબ્દજન્ય જ્ઞાનની
ઉત્પત્તિ છે, તેથી તે પરમાત્માનું નામ છે. પ્રભુથી જ
જ્ઞાનની ઉત્પત્તિ છે, જ્ઞાનના આદિ સ્રોત પણ તે જ છે.
'અ'ની ધ્વનિની જેમ 'ક' તથા 'હ'ની ધ્વનિ કંઠથી જ
નીકળે પણ સાથે સ્વર મળે તો જ બોલી શકાય.

તે સિવાયના બધાંની ધ્વનિ કંઠથી ઉપરના સ્થાનોમાંથી નીકળે છે, તેથી 'અ' એ નાદનો આદિ સ્રોત હોવાથી પરમાત્મવાચક બની શકે છે. 'અ' ધ્વનિની આદિ કંઠથી છે, મધ્ય હોઠમાં છે અને અંત નાસિકામાં છે. આદિ ધ્વનિનો પ્રતિનિધિ 'અ' છે, મધ્યનો 'ઉ' અને અંતિમ 'પ'વર્ગનો પ્રતિનિધિ 'મ' છે. ધ્વનિની ઉત્પત્તિની જેમ સૃષ્ટિની આદિ પરમાત્માથી છે. ધ્વનિના મધ્યની જેમ સૃષ્ટિનું પાલન અને અંતની જેમ સૃષ્ટિનું વિસર્જન પણ પરમાત્મતત્ત્વથી છે. 'સૃષ્ટિનું સર્જન, પાલન અને લય પરમાત્મામાં જ છે' તેનો સૂચક અ + ઉ + મ્‌થી બનેલો એવો ૐ અક્ષર છે, 'અ' ધ્વનિ મુખની ભીતર અને સૂક્ષ્મ છે, 'ઉ' ધ્વનિ મુખની બહાર અને સ્થૂલ છે અને 'મ' ધ્વનિ સમાધિસૂચક અને સ્થૂલ-સૂક્ષ્મથી મિશ્રિત છે. સૃષ્ટિની પણ સૂક્ષ્મ-સ્થૂલ ઉભય અવસ્થામાં 'ઓં' છે.

## ૐ મંત્રના ધ્યાનનો અર્થ

વીતરાગભાવ - રાગથી પર - દ્વેષથી પર - તટસ્થભાવ, મધ્યસ્થભાવ, સમતાભાવ. કાયોત્સર્ગ = દેહનું વિસર્જન-વિસ્મૃતિ. સાધનાનું કેન્દ્ર દેહ નહિ પણ આત્મા છે.

'કાયોત્સર્ગ' એટલે અંતર્નિહિત પ્રસુપ્તપ્રાય દૈવત્વને જાગ્રત કરવાની આંતરિક પ્રક્રિયા, વિસ્મૃત 'સ્વ'ની સ્મૃતિને ઉદ્બોધિત કરવાની એક આધ્યાત્મિક કલા.

મન બુરૂં નથી, બુરી છે મનની વિકૃતિઓ.

રાગ-દ્વેષ સર્જિત વિકારોથી મુક્ત થવાની દિશામાં ચેતનાનો પ્રબળ અંતઃસ્ફૂર્ત પુરુષાર્થ જરૂરી છે. વિકૃતિઓ અને વિકારોથી ચેતનાનું વિમોચન થતાં તે પરમતત્ત્વ બને અને એ પરમતત્ત્વ જ પરમાત્મતત્ત્વ છે.

વૃત્તિઓના દમન કે શમન (મુક્તિ)થી નહિ પણ તેના ઔચિત્ય-અનૌચિત્યના વિવેકથી વૃત્તિઓ શમે છે. જીવનમાં વૃત્તિ-પ્રવૃત્તિઓનું ઔચિત્ય જળવાઈ રહે, તો પરમ ચૈતન્ય પ્રગટી ઊઠે છે.

ઔચિત્યનો મૂળ આધાર ધ્યાનમાર્ગ છે.

ધ્યાનમાર્ગથી આત્માની ગહરાઈમાં ઉતરી શકાય અને પ્રચ્છન્ન રહેલ અનંત ઈશ્વરત્વનો આવિષ્કાર કરી શકાય. ધ્યાનથી વિશુદ્ધ આધ્યાત્મિક સત્તા સુધી પહોંચી શકાય છે. જીવનની વેરવિખેર શક્તિઓને તે કેન્દ્રિત કરે છે. તદુપરાંત ધ્યાન દ્વારા શુભાશુભ સમગ્ર ધારા અનંત મંગળમાં સંક્રમિત થાય છે.

જેમ પ્રકાશમાં અંધકાર નષ્ટ થાય છે,
તેમ ધ્યાનની જ્યોતમાં કષાયો અને વિષયો
સર્વતોભાવે સમાપ્ત થાય છે અને
અંતરાત્મામાં એક અદ્ભુત, નીરવ અને
અખંડ શાંતિની ધારા પ્રવાહિત થવા માંડે છે.
જો મનુષ્ય તટસ્થ ભાવથી પોતાને જોઈ લે,
પોતાના મૂળ સ્વરૂપને નિરખી લે,
તો પછી રાગ-દ્વેષના દ્વંદ્વ રહી શકતાં નથી.
ધ્યાન એ સાધના છે અને શુદ્ધ ચૈતન્ય એ સિદ્ધિ છે.
ધ્યાન તત્કાળ કાર્ય કરે છે,
બંધન તૂટે છે અને આત્મા મુક્ત થાય છે.
પ્રભુનું તાત્ત્વિક દર્શન તે સમ્યગ્દર્શન,
પ્રભુનું તાત્ત્વિક મિલન તે સમ્યક્ચારિત્ર અને
તેનો ઉપાય તે સમ્યગ્જ્ઞાન છે.
ભાવ રૂપે પરમાત્મા સદા વિદ્યમાન છે,
કારણ કે ચૈતન્યસ્વરૂપે સર્વ જીવોની એકતા છે.
નવકારમંત્રનો મહિમા તે નામસ્મરણનો જ મહિમા છે.
નામ એ પરમાત્માનો મંત્રમય દેહ છે.
મંત્રમાત્ર તત્ત્વથી નાદરૂપ છે.

‘अर्हं’ આદિ મંત્ર જ્યારે નાદ રૂપે પરિણમે છે, ત્યારે
પરમાનંદનો અનુભવ થાય છે, એ મંત્રનું તાત્ત્વિક ફળ છે.
જ્યારે અર્હં મંત્રના જાપમાં તન્મયતા સિદ્ધ થાય છે,
ત્યારે અનક્ષર એટલે અનાહત નાદ ઉત્પન્ન થાય છે,
તે અરિહંત સ્વરૂપ છે.
नादोऽर्हन् व्योमधुनिः । बिन्दुनिर्गोऽनाहतः सोऽर्हन् ।
‘अर्हं’ એ પરમેષ્ઠિબીજ, જિનરાજબીજ,
સિદ્ધબીજ, જ્ઞાનબીજ, ત્રૈલોક્યબીજ અને
આ સિદ્ધચક્રનું પણ બીજ છે.
અહીં ત્રિકાળના જિનેશ્વરો વાચ્યરૂપે પ્રતિષ્ઠિત થયેલ છે,
તેથી તે ‘सकलार्हत् प्रतिष्ठानं’ ઇત્યાદિ છે.
ॐ = પરમેષ્ઠિ (જિનરાજ) બીજ. ह्रीं = ત્રૈલોક્યબીજ.
श्रीं = જ્ઞાનબીજ, લક્ષ્મીબીજ, સિદ્ધબીજ (પાઠાંતર લક્ષ્મી).
अर्हं = જિનરાજબીજ, સિદ્ધચક્રનું બીજ.
‘अधिष्ठानं शिवश्रियः ।’
અક્ષર એટલે મોક્ષ તેનો ઈશ હોવાથી મોક્ષનું બીજ છે.
શિવ = મંગળ, કલ્યાણ, શુભ અને
સકળ સિદ્ધિઓનું બીજ હોવાથી તે સિદ્ધબીજ છે.
અર્હં શબ્દબ્રહ્મ હોવાથી સમગ્ર શ્રુતજ્ઞાનનું બીજ છે.

સકલાર્હત્ । કલાસહિત અ, ર, હ જેમાં પ્રતિષ્ઠિત છે,
એવા અહીંયાં 'અ' કે 'હ' પર્યંતના સર્વ અક્ષરોનો
સમાવેશ થતો હોવાથી તે શ્રુતજ્ઞાનનું બીજ છે.
ત્રૈલોક્યબીજ = અહીંયાં રહેલા વર્ણોની રચના અનુક્રમે
અ, ર, હ કલા, બિન્દુસ્વરૂપ છે અને
સર્વ શાસ્ત્ર અને સર્વ લોકમાં તેની વ્યાપકતા છે.
અહીંના અક્ષરોની સર્વ જીવો અને
સર્વ શબ્દોમાં વ્યાપકતા સિદ્ધ થાય છે,
તેથી તે 'ત્રૈલોક્યબીજ' પદ ફળદાયક છે.

## 'અ'કાર - 'ર'કાર - 'હ'કારનો પરિચય

'અ'કાર એ સર્વ જીવોના કંઠને આશ્રયીને રહેલું સૌ
પ્રથમ તત્ત્વ છે. સર્વ વર્ણો અને શબ્દોમાં વ્યાપ્ત છે.
તે સર્વ વિદ્યાઓ તથા મંત્રોમાં ઓતપ્રોત છે અને
પ્રભુના સર્વ નામોમાં આકાશની જેમ વ્યાપીને રહેલું છે.
'ર'કાર એ અગ્નિબીજ અને સર્વ જીવોના મસ્તક
સ્થાને રહેલું છે, તે શુભ, પવિત્ર અને મંગલરૂપ છે.
તેનું ધ્યાન ધ્યાતાને ત્રિવર્ગરૂપી ફળ આપી શકે છે.
'હ'કાર સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલ છે. સૌ વર્ણોનો
અંત છે તેના ધ્યાનથી સકલ કાર્યની સિદ્ધિ થાય છે.

બિન્દુનું વર્તુળાકારે ધ્યાન મોક્ષદાયક છે.
તે બ્રાહ્મીઓની નાસિકા, અગ્રભાગ અને
વર્ણોના મસ્તક સ્થાને રહેલું છે.

'અર્હં'ના ધ્યાનમાં કુંડલિનીયોગ, નાદયોગ, બિંદુયોગ અને
લયયોગાદિ સર્વ યોગોનો સમાવેશ થયો છે.

ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાનં । ત્રણે લોક પર જેનું પ્રભુત્વ છે,
તેવા આર્હંત્યનું ધ્યાન મંગળદાયક છે.

૪૫ આગમની પૂજામાં કહ્યું છે કે :
'જિનવર જિનઆગમ એક રૂપે, સેવંતા ન પડો ભવકૂપે.'

શાસ્ત્રના પ્રત્યેક અક્ષર જિનેશ્વરતુલ્ય

શાસ્ત્રને અને તેના એકેક અક્ષરને જિનેશ્વરતુલ્ય માની
જ્યારે તેનું આરાધન કરવામાં આવે છે, ત્યારે
તે જિનેશ્વરની આરાધનાતુલ્ય ફળ આપે છે.

એક એક અક્ષરને અરિહંતતુલ્ય માની તેનું સતત સ્મરણ
કરનારો અરિહંત પરમાત્માના ધ્યાનમાં તન્મય બને છે,
ત્યારે અરિહંત પરમાત્માનું દર્શન પામે છે અર્થાત્
તે સમયે પોતાના આત્માને અરિહંતરૂપે જુએ છે.

પરમાત્મા સ્વરૂપે આગમનું ધ્યાન
આત્મસત્તામાં રહેલ પરમાત્મસ્વરૂપને પ્રકટ કરે છે.

શબ્દબ્રહ્મ એ પરબ્રહ્મનો વાચક છે,
શબ્દબ્રહ્મના બોધથી અનુભવજ્ઞાન પ્રગટે અને અનુભવ
દ્વારા સ્વસંવેદન પરબ્રહ્મ પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે.

નામઅરિહંતના સ્મરણ, ચિન્તન અને ધ્યાનથી
ભાવઅરિહંતરૂપ આત્માના દર્શન થાય છે. નામ તથા
આકૃતિ વસ્તુના પર્યાયરૂપ હોવાથી વસ્તુમાં જ રહે છે.
મૂર્તિના દર્શનથી આત્માની પ્રભુતાનું ભાન થાય છે.
આત્મદ્રવ્યની ઉત્કૃષ્ટતા હોવાથી સ્વ આત્મામાં રહેલી તે
પ્રભુતાનું ભાન થવાથી તેને પ્રગટાવવાની રુચિ પ્રગટે છે,
તે અનુસાર પરમાત્મતત્ત્વ પ્રત્યે આદર-બહુમાન વધે છે.
ભક્તિયોગે વીર્યોલ્લાસ વધતાં પરમાત્માના ધ્યાનમાં
તન્મયતા આવે છે, ત્યારે ધ્યાતા પોતે પોતાને જ
ધ્યેય સ્વરૂપે અનુભવે છે. મૂર્તિ એ પરમાત્માનું જ
આકાર સ્વરૂપ છે. મૂર્તિના ધ્યાનમાં તન્મય બનેલાને
જ્યોતિનો અનુભવ થાય છે.

જ્યોતિ જ્ઞાનમય છે, જ્ઞાન આત્મમય છે.
એ રીતે ધ્યાતા - ધ્યેય - ધ્યાન ત્રણેની એકતા સધાય છે.

ચતુર્વિધ સંઘની ભક્તિ કરવાથી તીર્થંકર પ્રભુની
આજ્ઞાનું પાલન થાય છે, તેથી ચિત્તશુદ્ધિ થાય છે.

શુદ્ધ ચિત્તમાં તીર્થના સ્થાપક તીર્થંકર સાથે સમાપત્તિ
થવાથી તે આત્મસાક્ષાત્કારનું સાક્ષાત્ કારણ બને છે.

'ભગવાનને સર્વ જીવો સમાન છે' તેનો અર્થ

સર્વ જીવોની શુદ્ધ સત્તા સંગ્રહનયની અપેક્ષાએ
સિદ્ધ સમાન છે, કેમકે આત્મતત્ત્વ જાતિથી એક છે.
ચૈતન્યની અપેક્ષાએ જીવતત્ત્વનો એક જ ભેદ છે.
વળી (૮) રૂચક પ્રદેશો સદા નિરાવરણ રહે છે.

સાધક જ્યારે સમભાવવાળો બની ભગવાન અરિહંતના
ધ્યાનમાં પોતાની મનોવૃત્તિઓને એકાકાર બનાવે છે,
ત્યારે પોતાને પણ પરમાત્મસ્વરૂપે જુએ છે.
ભગવદ્ ભાવની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે.

અપૂર્ણ દીવો પૂર્ણ દીવાના પ્રકાશની સાથે તન્મય બને,
ત્યારે તે પણ પૂર્ણ થાય છે, તે રીતે ભાવજ્યોતિથી
દીપસમાન પરમાત્મા સાથે તન્મય બનેલો અંતરાત્મા
પરમાત્મજ્યોતિને પ્રાપ્ત કરે છે.

આગમથી ભાવનિક્ષેપે જે અરિહંત બને છે, તે જ
આત્મા નોઆગમથી ભાવનિક્ષેપે અરિહંત બની શકે છે.
જે સ્વયં જિનસ્વરૂપ થઈ જિનનું ધ્યાન કરે છે,
તે સ્વયં જિનસ્વરૂપ બને છે.

આગમમાં બતાવેલ તીર્થંકરના સ્વરૂપમાં ઉપયુક્ત સાધક
એ વસ્તુતઃ તીર્થંકરસ્વરૂપ છે, કારણકે તે ઉપયોગ
સાથે તેની અભેદવૃત્તિ છે.

ધ્યાતાનું ધ્યેયાકારે પરિણમન થવું, એ જ <u>સમાપત્તિ</u> છે.

વાચ્ય અર્થાત્ અભિધેય પદાર્થના વાચકને <u>નામ</u> કહે છે
અને તે આદિ, મધ્ય અને અંત -
એમ શાસ્ત્રમાં સકલ વાઙ્મયમાં વ્યાપીને રહેલું છે.

અભિધેય પદાર્થની આકૃતિ તે સ્થાપના છે.

સર્વ દ્રવ્યોનો જ્ઞાતા આત્મા છે, તેથી
જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન તે ભાવધ્યેય છે.

પદસ્થ ધ્યાનમાં નામધ્યેય, રૂપસ્થમાં સ્થાપનાધ્યેય,
પિંડસ્થમાં દ્રવ્યધ્યેય, રૂપાતીતમાં ભાવધ્યેયનો ઉપયોગ થાય.

ધ્યેયરૂપે ધ્યાનપદ્ધતિ તે ભાવધ્યેય છે અને
ચેતન કે અચેતન બાહ્યપદાર્થનું ધ્યાન તે દ્રવ્યધ્યેય છે.

ધ્યાતા જ્યારે ધ્યેયના બળે દેહભાન ભૂલી ધ્યેયસ્વરૂપમાં
તન્મય બને છે, ત્યારે તે ધ્યેયસ્વરૂપને પામે છે, તેને
સમરસીભાવ અર્થાત્ ધ્યાતા - ધ્યેયનું એકીકરણ કહે છે.

ધ્યાનાવસ્થામાં ધ્યાતા તત્ત્વથી અરિહંત નથી, છતાં પોતાના
આત્માને ભાવઅરિહંતરૂપે વિચારે - ચિન્તવે - અનુભવે છે.

વૈખરી વાણીના પ્રયોગથી પ્રભુ સન્મુખ લાગે છે,
મધ્યમાના પ્રયોગથી હૃદયમાં પ્રવેશ કરતાં લાગે છે,
પશ્યંતીના પ્રયોગથી મધુર આલાપ કરતાં અનુભવાય છે
તથા પરાવાણીના પ્રયોગથી તન્મયભાવને પમાય છે.
વૈખરીમાં વાચિક અને મધ્યમામાં ચૈતસિકપદ હોય છે.
પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ - નિર્વિકલ્પ જ્ઞાનરૂપ
હોય છે. તેને મંત્રમયી, પદમયી, મંત્રદેવતા કહેવાય છે.
ચૈતસિકપદથી નિર્વિકલ્પપદ સુધી પહોંચવાનું હોય છે.
મંત્રનું માનસિક રટણ સંજલ્પરૂપ હોય છે, તે આંતર
વાણીરૂપ છે અને અચિંત્યદશા સુધી લઈ જાય છે.
પ્રથમ ચિંતનરૂપતા, પછી સંજલ્પરૂપતા અને
અંતે વિમર્શરૂપતાવાળી અવસ્થા આવે છે.
વિમર્શને પરામર્શ કે નિર્વિકલ્પ જ્ઞાન પણ કહેવાય છે.
સંજલ્પથી ભાવ્યમાન વસ્તુ સ્પષ્ટ થાય છે. અભેદ
પ્રણિધાન વખતે સંજલ્પ સ્વયમેવ છૂટી જાય છે.
ભાવ્યમાન વસ્તુનો સાક્ષાત્કાર = અચિંત્ય જ્ઞાન.
મંત્રની શબ્દરૂપ ઉચ્ચારણવાળી અવસ્થા હ્રસ્વ, દીર્ઘ,
પ્લુતાદિ છે, તેથી પર એવી એક જ્યોતિ અવસ્થા છે.
એ અવસ્થા બિંદુસ્થાન - આજ્ઞાચક્રમાં પ્રાપ્ત થાય છે,

ત્યારે મંત્ર દેવતાસ્વરૂપ યોગક્ષેમકારક બની જાય છે. મંત્રની બિંદુનવકવાળી અનિર્વચનીય તેજોરૂપ અવસ્થા સ્વયં પ્રકાશથી દ્યોતમાન હોવાથી દેવતાસ્વરૂપ છે.

બ્રહ્મની પ્રાપ્તિ ભાગ તે બ્રહ્મરંધ્ર છે.

મંત્રશૂલ = મંત્રોચ્ચારણ. રાજશૂલ = ગ્રન્થિવિદારણભાવ. ગ્રન્થિઓને ભેદવામાં બંને શૂલ સમાન કાર્યકારી છે.

મંત્રચૈતન્ય એટલે બ્રહ્મમય નાદશક્તિનો આવિર્ભાવ.

બળ = બાહ્યશક્તિ, વીર્ય = આંતરશક્તિ,
પરાક્રમ = શક્તિનો સદુપયોગ, સમુત્થાન = સમ્યક્પ્રયત્ન.
વિભાવમાંથી મુક્ત થવાના પ્રયત્નને 'પરાક્રમ' કહેવાય. અને સ્વભાવ - રમણતાના પ્રયત્નને 'સમુત્થાન' કહેવાય.

'ૐ અર્હં' મંત્રમાં ૐ એ પરાક્રમવાચક છે અને 'અર્હં' એ સમુત્થાનવાચક છે.

ૐ મંત્રજાપ દ્વારા આર્ત - રૌદ્રધ્યાનથી છૂટાય છે અને અર્હં મંત્રજાપ દ્વારા ધર્મ - શુક્લમાં પ્રવેશ થાય છે.

અનાહતનું શ્રવણ તત્ત્વરુચિ પ્રકટાવે છે, ધ્યાન તત્ત્વબોધ કરાવે છે અને તે વડે પ્રકટતી સમતા તત્ત્વ-પરિણતિરૂપ છે. એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર - એમ ત્રણે ગુણોની પ્રાપ્તિનો હેતુ અનાહત નાદ બને છે.

'અર્હં'ના આલંબનથી આત્મા સ્વરૂપાલંબી બને છે.

સાધનાનો મંગલ પ્રારંભ = નામસ્મરણ + મૂર્તિદર્શન.

નામ મુખ્યત્વે પ્રીતિ ઉપજાવે, રૂપ ભક્તિને જગાડે છે.
પ્રભુપ્રીતિ તથા ભક્તિ એ યોગનું બીજ છે અને
દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદનાનું ફળ છે.

ધર્મના મંગલ પ્રારંભની શરત

પાપની ભીરુતા તથા ગુણની ઉપાદેયતાવાળી બુદ્ધિ છે.

નામમાં જે પાપનાશ કરવાની શક્તિ છે,
તે શ્રદ્ધા - પ્રીતિ ઉત્પન્ન બને છે અને રૂપમાં જે
ગુણોત્પાદનની શક્તિ છે, તે ભક્તિઉત્પન્ન બને છે.
પ્રીતિ - ભક્તિ વડે થતું ધ્યાન ગ્રન્થિભેદ કરાવી સમ્યગ્
દર્શનાદિ ગુણો બનાવે છે. પ્રથમ સમકીત, એ પછી
દેશવિરતિ, અંતે સર્વવિરતિ આદિ ગુણસ્થાનકો પ્રકટે.
અનાહત એ ધ્યાનનું કાર્ય પણ છે અને ઉત્તરોત્તર
વિશુદ્ધિનું કારણ પણ છે. ૐ = આર્તધ્યાન નિવારણ,
શુક્લધ્યાન કારણ, ઊર્ધ્વતાસામાન્ય તથા અર્હં એટલે
રૌદ્રધ્યાન નિવારણ, ધર્મધ્યાન કારણ - તિર્યક્સામાન્ય.

જે મંત્ર વિશિષ્ટ સામાન્ય તરફ લઈ જાય,
તે મંત્ર રક્ષણ કરનારો મનાય છે.

'ૐ અર્હં' મંત્ર આત્માનું ઊર્ધ્વ - ત્રૈકાલિક અને તિર્યક્ - સર્વવ્યાપી સ્વરૂપનું ધ્યાન કરવાનો મંત્ર હોવાથી યોગમાર્ગને વિશાળ અને વ્યાપક બનાવે છે.

ત્રૈકાલિક અસ્તિત્વ નિર્ભયતાને આપે છે અને વિશ્વ કે સર્વવ્યાપી અસ્તિત્વ નિશ્ચિંતતાને આપે છે. 'ૐ અર્હં' મંત્ર કાળાતીત હોવાથી દેશાતીત છે અને ક્રિયાતીત હોવાથી ચિન્તાતીત છે, તેથી આ મંત્ર અને તેની અર્થભાવના નિર્ભયતા - નિશ્ચિંતતાને આપનાર છે.

o चैतन्यरहिता मन्त्राः प्रोक्ता वर्णास्तु केवलाः ।
फलं नैव प्रयच्छन्ति लक्षकोटिजपैरपि ॥

o मन्त्रार्थो देवतारूपचिन्तनं परमेश्वरि ।
वाच्यवाचकभावेनाऽभेदो मंत्रदेवतयोः ॥

- રુદ્રયામલતંત્ર (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

મંત્રાર્થની પ્રાપ્તિ કર્યા પછી મંત્રચૈતન્યના પુરુષાર્થ કરી મંત્રચૈતન્ય પ્રાપ્ત કર્યા પછી જ સંતોષ માનવો જોઈએ.

માનવજીવનમાં અત્યંત મહત્ત્વની બે વસ્તુ:
મંત્રની શક્તિ અને ઉદાત્ત શિવ સંકલ્પો.

મીમાંસકો કહે છે કે: વેદવાક્ય દ્વારા કોઈપણ કર્મ કરવાની પ્રેરણા થાય, તે મંત્ર 'પદવાચ્ય' કહેવાય છે.

મંત્રનો બહિર્ભાવ - અક્ષરભાવ દૂર કરી બહિર્વિસ્મૃતિ
કર્યાં પછી જે શક્તિ - દેવતારૂપે ભાસે છે અને આ
શક્તિસ્વરૂપદેવતાનું પરમશિવતત્ત્વ સાથે અનુસંધાન
થાય છે, તેમાં ચૈતન્યનો જે મહાપ્રવાહ વહી રહ્યો છે,
તેની સાથે મંત્ર અને મંત્રદેવતા જોડાઈ જાય છે.

મંત્રચૈતન્યની વિશિષ્ટ પ્રક્રિયા એટલે...

મંત્રનું ચૈતન્યના અવિચ્છિન્ન પ્રવાહમાં જોડાઈ જવું.

ત્યારે દૃષ્ટિના અશ્રુ અને દેહમાં રોમાંચ અનુભવાય છે,
તેથી મંત્રચૈતન્ય પ્રગટ થયાનું અનુમાન કરી શકાય છે.

શબ્દ એ તો શક્તિનું વાહન છે.

શબ્દ દ્વારા શક્તિ જાગવી જોઈએ, તેનું અનુસંધાન
મહાચૈતન્ય superconscious સાથે થવું જોઈએ.
એ પછી જ સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

મંત્ર = જે પછી વારંવાર મનન કરવા યોગ્ય હોય તે.
જેના મનન વડે ભયોથી રક્ષણ થાય, તે મંત્ર છે.
મનુષ્યનું શરીર પાર્થિવ છે તથા મન દૈવી છે. એ રીતે
પાર્થિવ અને દૈવી તત્ત્વનો અદ્ભુત સંયોગ થયેલો છે.
કોઈપણ દૈવી વસ્તુનો જો યથાર્થ ઉપયોગ થાય,
તો તેનાથી અચિન્ત્ય કાર્યો કરી શકાય છે.

मननं विश्वविज्ञानं त्राणं संसारबन्धनात् ।
यतः करोति संसिद्धौ मन्त्र इति उच्यते ततः ॥१॥
વિશ્વનું જ્ઞાન અને સંસારના બંધનમાંથી છૂટવાની
તાકાત મંત્રશક્તિથી પ્રાપ્ત થાય છે (પિંગલામત પ્રમાણે).

मननत्राणनाच्चैव मद्रूपस्यावबोधनात् ।
मन्त्र इति उच्यते सम्यग् मदधिष्ठानतः प्रिये ॥१॥
જેનું મનન કરતાં પરમ તત્ત્વનો બોધ થાય અને
તેમાં સ્થિરતા આવે, તે મંત્ર સમજવો.

पूर्णाहंतानुसंधानात्मस्फूर्जन्मननधर्मतः ।
संसारक्षयकृत् त्राणधर्मतो मन्त्र उच्यते ॥१॥
અહંતા સાથે અનુસંધાન કરીને આંતરમનને યાને
superconsciousને સ્તરે પહોંચે અને
તે ક્ષણથી આત્મામાં સ્ફુરણાઓ થાય,
જેનું અંતિમ પરિણામ સંસારક્ષયમાં આવે, તે મંત્ર છે.

મનુષ્યમાં મુખ્ય બે સંજ્ઞા : ક્ષુધાશમન - ભયનિવારણ.
આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ -
એ ચાર સંજ્ઞાઓમાં પ્રથમની બે મુખ્ય છે.
આધ્યાત્મિક દૃષ્ટિએ સૌથી મોટો ભય
જન્મ - જરા - મરણની પરંપરાનો છે.

મંત્રનો એક અર્થ suggestion સૂચન પણ થાય,
જેના વારંવાર પ્રયોગથી આંતરમન ઉપર અસર પડીએ.

मंत्रो देवाधिष्ठितोऽसावक्षररचनाविशेषः ।

मंतो पुण होइ पढिय सिद्धो ।

मंत्रणं गुह्यभाषणात् पुरुषार्थानामामंत्रणं च ।

જેનું વારંવાર મનન કરવાથી વિવિધ લબ્ધિઓ રક્ષણ થાય,
તેવા દેવાધિષ્ઠિત વિશિષ્ટ શબ્દરચનાઓ મંત્ર છે.

મંત્રબીજોનું વિજ્ઞાન - રહસ્ય

'ૐ' બીજ સર્જન - સૃષ્ટિ માટે અને
'ફં' બીજ વિસર્જન માટે વપરાય છે.
હુંકાર શબ્દ ગુપ્ત અને શૂન્યરૂપ છે.
'નમઃ' એ શોધન, અર્ચન અને મોહબીજ છે.

બીજાક્ષરોના વર્ણ તથા વર્ગ

સ્વરો તથા ઉષ્માક્ષરો શ્વેતવર્ણ - બ્રાહ્મણ વર્ગના છે.
કંઠસ્થ ક્ષત્રિયવર્ગ અને રક્તવર્ણના છે,
ચ વર્ગ અને પ વર્ગ વૈશ્યવર્ગ અને પીતવર્ણના છે,
ટ અને ત વર્ગ એ કૃષ્ણવર્ણ અને શૂદ્રવર્ગના છે.
બીજમાં વૃક્ષ, તેમ બીજાક્ષરોમાં સૂક્ષ્મસ્વરૂપે શક્તિ,
જપ અને ધ્યાનાદિ અનુષ્ઠાનોથી તે પ્રકટ થાય છે.

બીજાક્ષરોમાં પ્રથમ સ્થાન ૐકારને છે.

ૐ બીજ એ ભક્તિ, વિનય, પ્રણવ, વહ્નિ, ધ્રુવ, સત્ય,
શક્તિ, બિંદુ, ભવનાશન, મંત્રવિદ્યા પ્રસૂ, માતૃકાસૂ,
પ્રભુ, અનાદિ, અદ્વૈત, મોક્ષદાદિ સંસારમાં પ્રસિદ્ધ છે.

હ્રીંકાર એ માયાબીજ છે.

હ્રાં, હ્રીં, હ્રૂં, હ્રૈં, હ્રૌં, હ્રઃ - આ છ બીજો શૂન્યરૂપ છે.

ઐંકાર એ વાગ્બીજ કે તત્ત્વબીજ છે.

વષટ્ એ દહનબીજ, વૌષટ્ એ પૂજાગ્રાહક, સંવૌષટ્ એ
આકર્ષક, સ્વધા એ પૌષ્ટિક, સ્વાહા એ શાંતિબીજ છે.

મંત્રવર્ણોમાં રહેલ અદ્ભુત સ્ફુરણ ઊર્જા

શક્તિવાળા દ્રવ્યોનું જો અમુક રીતે સંયોજન થાય,
તો તેમાંથી અદ્ભુત શક્તિ ઉત્પન્ન થાય છે, જેમ કે
ગંધક, પારો, મહાસાલ, સુરોખાર મેળવવાથી
દારૂગોળો ઉત્પન્ન થાય છે અને એક જ ધડાકે તે
મજબૂતમાં મજબૂત દિવાલોના પણ ભુક્કા ઉડાવી દે છે.
અણુબોંબ કે હાઈડ્રોજન બોંબ પણ તેના ઉદાહરણો છે.
વર્ણો દ્વારા પણ વિશિષ્ટ સંયોજન થતાં
શબ્દોમાં એક શક્તિ ઉત્પન્ન થાય છે અને
તે મંત્રશબ્દો પણ પોતાનું અદ્ભુત કાર્ય કરે છે.

જેમ બધા મનુષ્યો, પશુઓ, વૃક્ષો સરખા નથી,
તેમ બધા અક્ષરો પણ સરખા નથી.
દરેકની શક્તિ ભિન્ન ભિન્ન હોય છે.
તેના સંયોજનથી ચમત્કારિક પરિણામો આવે છે.
વર્ણમાળાનો પ્રત્યેક અક્ષર તેના ઉચ્ચાર સાથે
તન અને મન ઉપર અદ્‌ભુત પ્રભાવ પાડે છે.
મંત્રની પૂર્વે તાર (ॐ), માયા ह्रीं અને રમા (श्रीं) બીજ
લગાડીને ૧૦૮ વાર જાપ કરતાં દીપનસંસ્કાર થાય છે.
શ્રદ્ધા - વિશ્વાસ મુખ્ય વિધિ છે.
જે જપ માત્ર મનોવૃત્તિથી સ્વસંવેદનરૂપ થાય, તે ઉત્તમ.
માનસજાપ સર્વ સ્થાન - સર્વ અવસ્થામાં કરી શકાય.
શરીર એ વાસણ છે, મન એ જળ છે.
શરીર જો ચંચળ બને, તો મન ઉપર પણ તેની
અસર થાય છે, તેથી આસન સ્થિર હોવું જોઈએ.
શરીરને આસનથી અને વૃત્તિને મંત્રજપથી બાંધવા.
પ્રસરણશીલ પાણીને ઘડામાં રાખતાં ત્યાં જ પડ્યું રહે છે,
તેમ પ્રસરણશીલ મનને મંત્રાક્ષર કે મૂર્તિ પર એકાગ્ર
કરીએ, તો મન ધીમે ધીમે શાંત અને સ્થિર બને છે.
મન, મંત્ર અને આત્મા સમરસ બનાવવા જોઈએ.

સંગજપદ શરીર, વસ્ત્ર, મન, બુદ્ધિ વગેરે નિર્મળ રાખવા છે.
Cleanliness is next to Godliness.

સંગજપ લાભદ કરવો આને

લાભ ચોરતી રસ Interest, ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ.

મનઃશુદ્ધિને પહેલા ભાવશુદ્ધિ કરે છે.

મળ-વિક્ષેપરહિત મનની અવસ્થા તે મનઃશુદ્ધિ છે.

મનઃશુદ્ધિ માટે મિચ્છામિ દુક્કડં ।

આ છ અક્ષરની નિર્યુક્તિ ભદ્રબાહુ સ્વામીએ કરી છે.

મિ = મૃદુતા અર્થાત્ આત્માને નમ્રતાથી જણાવવી.

ચ્છા = વિનય કરી દોષોને આચ્છાદિત કરવા.

મિ = મેરા અર્થાત્ મર્યાદા, ભગવાને બતાવેલા
વિધિને આચરવાને રહ્યો, કિન્તુ ઓઘ તેમ નહિ.

દુ = દુગંછા, આત્મનિંદા, હું અપરાધી, મેં અપરાધીએ
અપરાધ કરી આત્માને દુઃખી કર્યો, પોતાને નિર્ગુણી માને,
જગતનો ગુરુ જુએ તેને સાચી દૃષ્ટિ મળી છે. પોતાની જાતને
અપરાધી જણાવે તો અઈમુત્તામુનિએ કેવળજ્ઞાન મેળવ્યું.

ક્કડં = મેં જે પાપ કર્યું છે, તેને બાળું છું.

'કૃતં દહામિ' - એ બે અક્ષરોનો અર્થ

આત્મનિંદાપૂર્વક ઉપશમભાવથી પાપથી અટકવું છે.

## સાચું પ્રાયશ્ચિત્ત કોને કહેવાય ?

ઉત્તરીકરણં = જે પ્રાયશ્ચિત્ત કર્યું, તેનાથી વધારે સારું કરવું.
તેને માટે કાયોત્સર્ગ વડે પ્રાયશ્ચિત્ત કરવું.

મનપૂર્વક થાય, તે સાચું પ્રાયશ્ચિત્ત.

જેવું પાપ કર્યું, તેનાથી હજાર ગુણો પશ્ચાત્તાપ
આપણા ચિત્તની શુદ્ધિ કરે છે - દા. ત. દૃઢ પ્રહારી.
શલ્યરહિત બનવાથી મનની વિશુદ્ધિ થાય. માયાશલ્ય
પૂરી ભૂલ ન બતાવે - નાની બતાવે, મોટી ન બતાવે.
પોતાની જાતને નિર્દોષ માનીને આલોચના કરાવે.
મિથ્યાત્વશલ્ય શંકાથી પ્રાયશ્ચિત્ત કરાવે.
નિયાણશલ્ય કીર્તિ મેળવવા પ્રાયશ્ચિત્ત કરાવે.
સાચું મનપૂર્વકનું પ્રાયશ્ચિત્ત ત્રણે શલ્યરહિતપણે હોય.

સાચું પ્રાયશ્ચિત્ત સમજાવે છે કે :

આપેલું વચન પાળવું, મુસીબતો ધીરજથી સહન કરવી,
કમાણમાંથી દાન કરવું, હંમેશાં ભલાઈ કરવી.
સૌને પોતાનાં કર્મનું ફળ મળે છે, એવો વિશ્વાસ રાખવો.
'સત્કર્મોનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે' એવો અડગ
વિશ્વાસ રાખનારને કોઈ જાતનો ભય કે શોક હોતો નથી.
અન્યનું ભલું ઇચ્છવાથી આપણું ભલું જ થાય છે.

## સંસારસમુદ્રમાં તરવાની કળા એટલે શું ?

સંસાર એ સમુદ્ર સદૃશ છે.

સમુદ્રનું પાણી ડૂબાડનાર પણ છે અને તારનાર પણ છે.
શરીર નાવ છે, તેમાં રાગ-દ્વેષ અને વિષય-કષાયરૂપી
પથરા ભરવામાં આવે, તો તે ડૂબાડે છે અને આવશ્યક
ભાર ભરવામાં ન આવે, તો જળ તારનાર પણ થાય છે.
પાણીમાં ડૂબનારને પણ તે પાણી જ- ચાર વખત તો
બહાર કાઢે છે પણ પછી પોતે જ તરવાની કળાનો
ઉપયોગ જો ન કરે, તો જ ડૂબે છે.

તરવાની કળા એટલે દેહમાં રહેલો આત્મા,
તેનું જ્ઞાન, તેનું દર્શન અને તેમાં જ રમણ કરવાની
ક્રિયા છે, આસ્રવભાવનો ત્યાગ અને સંવરનું સેવન.

રત્નત્રયની સાધના એ...
દેહરૂપી નાવ વડે સંસારસાગરને તરવાની ક્રિયા છે.

## મનુષ્યદેહ અગત્ય શાથી ?

મન - વચન - કાયાના યોગ વડે
શુભનું સેવન અને અશુભનું વર્જન.
એ કળા શીખવાનું સાધન માત્ર મનુષ્યનો દેહ છે,
તેથી મનુષ્ય દેહની કિંમત અગણિત છે.

## 'તથ્ય' શબ્દના ત્રણ અર્થ

(૧) પદાર્થ જે સ્વરૂપે છે, તે સ્વરૂપે તેનું વર્ણન કરવું, જેમ કે અગ્નિ ઉષ્ણ છે તથા જળ શીતળ છે, ઇત્યાદિ.

(૨) પ્રત્યેક પદાર્થનું જે સ્વરૂપ છે, તેના બે અંશ છે: શબ્દગોચર અને અનુભવગોચર.

'ગોળ ગળ્યો છે' ગોળનો સ્વભાવ-ધર્મ શબ્દગોચર છે, પરન્તુ એ ગોળ કેવો ગળ્યો છે? એ અનુભવગોચર છે. 'મોક્ષમાં દુઃખના લેશ વિનાનું સુખ છે' તે શબ્દગોચર છે, છતાં તે સુખ કેવું છે, તે મતિ કે તર્ક વડે અગ્રાહ્ય છે, માટે અનુભવગોચર છે.

(3) વસ્તુના ગૌણ-મુખ્ય સ્વરૂપમાંથી મુખ્ય સ્વરૂપનું વર્ણન મુખ્યતાથી કરવું, તે પણ તથ્ય છે: જેમ કે 'આ કન્યા સુંદર છે' એમ કથન કરનાર તેના મુખની સુંદરતાથી વર્ણન કરે છે, શેષ અંગ સુંદર ન હોય છતાં એક અંગને મુખ્ય બનાવીને વર્ણન કરવાની પદ્ધતિ પણ અતથ્ય નથી, કિન્તુ તથ્ય છે. 'વૃક્ષના મૂળને સિંચન કરવાથી વૃક્ષ ફૂલે છે' એમ કહેવું તે તથ્ય છે, જો કે વર્ષાઋતુમાં વૃક્ષના ઉપરના ભાગને પણ સિંચન મળે છે, તેથી જ પ્રફુલ્લિતરૂપે ફૂલે છે,

મુખ્યતાદિ વૃક્ષના મૂળના સિંચનને મુખ્યતા અને ઉપરના સિંચનને ગૌણતા આપીને વર્ણવી શકાય.

'અમુક ઉત્તમ કુળ છે' એમ કહેતી વખતે તેનું અભ્યંતર સ્વરૂપ ઉત્તમ છે, બાહ્ય સ્વરૂપ નહિ, એ અપેક્ષા રાખીને તેને ઉત્તમ વર્ણવી શકાય છે. 'ચંદનબાળાનું દાન શ્રેષ્ઠ હતું' એમાં ભાવ મુખ્ય છે, કિન્તુ દ્રવ્યની ગૌણતા છે, છતાં તે સત્ય છે. વસ્તુના નિશ્ચય-વ્યવહાર સ્વરૂપમાં નિશ્ચયને મુખ્યતા આપી કહેવાય કે તે જીવ આરાધક થશે. બાહ્યવ્યવહારને ગૌણ કરીને અધ્યવસાયની અશુદ્ધિ-શુદ્ધિને ઉદ્દેશીને આરાધક-વિરાધક કહી શકાય. કોઈપણ જે સ્વરૂપમાંથી ગૌણને ઉડાવી મુખ્ય સ્વરૂપને જ તથ્ય કહેવું, તે અસત્ય બને છે. જેમ કે દાનમાં ભાવ જ શ્રેષ્ઠ હોવા ઘટે. 'દ્રવ્યની શ્રેષ્ઠતાની જરૂર નથી કે આલોચના નિશ્ચયથી જ કરવી જોઈએ, ગુરૂ પાસે કરવાની જરૂર નથી, તેમ કહેવું વ્યર્થ છે' ઈત્યાદિ કથન અતથ્ય છે. યા 'દ્રવ્ય જ શ્રેષ્ઠ જોઈએ, ભાવની જરૂર નથી, ગુરૂ પાસે આલોચના કરવી જોઈએ, પછી તે ભાવથી ન હોય અને વ્યવહારથી હોય તો ય શુદ્ધિ થઈ શકે' એમ કહેવું એ અતથ્ય છે.

નાદ = સુષુપ્તાવસ્થા = સ્વરરૂપ = અવ્યક્ત બ્રહ્મ.
બિન્દુ = સ્વપ્નાવસ્થા = વ્યંજનરૂપ = પરિવર્તિત વિષ્ણુ.
કલા = જાગૃતાવસ્થા = વર્ણરૂપ = સાંતિક શિવરૂપ.
નાદ, બિન્દુ, કલા અનુક્રમે ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યરૂપ છે.
નાદ = સામ્યાવસ્થા, બિંદુ = વિચલન, કલા = પ્રકટન અવસ્થા.
ૐ અર્હં નમઃ । મંત્રમાં અર્હંનો અ = અવ્યક્ત નાદરૂપ,
ર = આંતરિક બિંદુરૂપ અને હ = પ્રકટ કલારૂપ છે.

ૐકારમાં અ = નાદ = અરિહંતરૂપ.

ઉ = બિંદુ = આચાર્ય - ઉપાધ્યાયરૂપ. મ = કલા = મુનિ.
નવકારનો સાર = ૐ નમઃ સિદ્ધં । તેનો સાર 'અર્હં'.
સરલ રેખા = નાદ તથા બિંદુ અને વક્રરેખા = કલા.
નાદમાંથી બિંદુ અને બિન્દુમાંથી કલા એ સૃષ્ટિક્રમ અને
કલામાંથી બિંદુ અને બિન્દુમાંથી નાદ એ સંહારક્રમ છે.

ગુરુ અને મંત્રને વારંવાર બદલવા નહિ.

ફળ માટે શ્રદ્ધા અને ધૈર્યની ધારણા કરવાની જરૂર છે.
પરમધન = પ્રભુ. નામ કરતાં નામનું મહાત્મ્ય મોટું છે.
કરીને કર્મ કરો તથા મન પ્રભુને સોંપો. જાપ વડે
કરનો મણકો નહિ પણ મનનો મણકો ફેરવવાનો છે.

નામથી સ્વયં લાભ પ્રાપ્ત થઈ પરમ પદ મળે છે.

માનસિક જાપ કેવળ હૃદયથી થાય છે.

એ લક્ષ્યને કદી ભૂલવું નહિ કે
જીવનનો મુખ્ય ઉદ્દેશ ભગવત્પ્રાપ્તિ જ છે. એ માર્ગમાં
આવતાં વિઘ્નોને વારતા - ધીરતાપૂર્વક જીતવા જોઈએ.

પ્રાણ વાહન છે, મન સવાર છે તથા
ઈશ્વરપ્રણિધાન એ શરણાગતિરૂપ છે.

બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ ।
તસ્મિન્ તજ્જને ભેદાભાવાત્ તન્મયાઃ ।
યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।

સદ્ગુણસ્થાનોનું સેવન ચિત્તશુદ્ધિ માટે જ છે.

મનની નિશ્ચલતા ધારણા વડે, સ્થિરતા ધ્યાન વડે
અને તન્મયતા સમાધિ વડે સિદ્ધ થાય છે.

ધારણા વડે મનશુદ્ધિ, ધ્યાન વડે વૃત્તિઓનું નિવારણ
અને સમાધિ વડે આવરણક્ષય થાય છે.

અનુપ્રેક્ષાદિ ધારણામાં સહાયક છે.

જિનાગમોમાં ત્રણે યોગ વડે ધ્યાન માન્યું છે, તેથી
ત્રણે પ્રકારની ગુપ્તિ એ ધ્યાનસ્વરૂપ છે.

મનોગુપ્તિ એ શુક્લધ્યાનનું મૂળ છે.

સામાયિક ધર્મની ઉત્પત્તિ સમિતિ - ગુપ્તિથી થાય છે,
માટે તે પ્રવચન માતાના સ્થાને છે.

## જો જો... દુર્ધ્યાનનો નવો ગુન્હો ન થાય!

સમાપત્તિને પણ યોગાચાર્યોની માતા કહી છે, તેથી તે
મનોગુપ્તિરૂપ જ છે તથા અવશ્ય મોક્ષફળ આપનારી છે.

પાપોદય એ વર્તમાનનો ગુનો નહિ, પરન્તુ
પાપાચરણ એ વર્તમાનનો ગુન્હો ગણાય.

ડરવાનું પાપોદયથી નહિ, પરન્તુ પાપાચરણથી છે.
પાપનું ફળ દુઃખ છે. દુઃખને ભોગવતી વખતે ન
શરમાઓ, પાપ આચરતાં શરમાઓ. પાપ ભોગવવામાં
પાપ બંધાતા નથી, પાપ આચરવામાં પાપ બંધાય છે.
રોગથી પાપબંધ નહિ, અસમાધિ - દુર્ધ્યાનથી પાપબંધ છે.

અસમાધિ અને દુર્ધ્યાનનો નવો ગુન્હો ન થાય,
એ માટે મનને નવકારમંત્રની રટણામાં અને
અરિહંત આદિના શરણાની રટણામાં જોડી દેવું જોઈએ.

નવકારનું ફળ રોગ મટાડવાનું નથી, કિન્તુ
સંક્લેશ - ચિંતા અને દુર્ધ્યાન મટાડવાનું છે.

નવકારનો કેવો પ્રભાવ અને કેટલો બધો ઉપકાર કે એના
અવલંબને પાપવિચારો અને દુર્ધ્યાનથી બચી જવાય છે.
નમસ્કાર એક પ્રકારની સ્તુતિ છે, સ્તુતિ યા પ્રાર્થના
નિઃસ્પૃહભાવે થાય, તો એનો પ્રભાવ અચિન્ત્ય છે.

કેવો એ સમજતા હોય છે કે આપણે આટલી ઊંચી ગતિએ પહોંચ્યા છીએ અને આગળ ઉપર પણ સદ્ગતિ અને મોક્ષ મેળવવાનો છે, તે પ્રભુના પ્રતાપથી જ છે,

માટે આપણે પ્રભુ એમનું જ શરણું લઈ.

'ચમત્કાર ત્યાં નમસ્કાર' તે લૌકિક વાત છે અને

'નમસ્કાર ત્યાં ચમત્કાર' તે લોકોત્તર વાત છે.

## પ્રાર્થનામાં શું કરવાનું હોય છે?

પ્રાર્થનામાં અહંભાવ છોડવાનો હોય છે,

જાતને અજ્ઞ લેખવાની હોય છે,

પરમાત્માની અચિંત્ય શક્તિમાં

અત્યંત વિશ્વાસ રાખવાનો હોય છે,

જગતની આશા છોડી દેવાની હોય છે,

અનન્યભાવે શરણાગતિ સ્વીકારવાની હોય છે અને એ શરણાગતિ સ્વીકાર્યા પછી જે પરિણામ આવે, એને બરાબર વધાવી લેવાની તૈયારી રાખવાની હોય છે.

દયાદિવેલ પ્રેમ પરણાયું લાવો, માંહી સુરતા દીવેટ પ્રગટાવો;
માંહી બ્રહ્મઅગ્નિને ચેતાવો, દિલમાં દીવો કરો રે દીવો કરો.

પ્રેમનું કોડિયું, દયાનું દિવેલ, ધ્યાનની દીવેટને બ્રહ્મઅગ્નિથી પ્રકટાવો, જેથી અજ્ઞાનઅંધારું મટે, પરમાત્મ પ્રકાશ ફેલાય.

પરમગુહ્ય સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવે.
શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાએ જે હળિયા જી,
આતમગુણ અનુભવથી મળિયા, તે ભવભયથી ટળિયા જી.

હે ભવ્ય જીવો! તમે જો આત્મસુખના ઈચ્છુક હો, શુદ્ધાનંદના અભિલાષી હો, તો એવા શુદ્ધ દેવ છે, અશરણશરણ, જગદાધાર, જગતજીવના પરોપકારી, મોહતિમિર ધ્વંસ કરવા ભાસ્કર જેવા, કર્મરોગના પરમવૈદ્ય, મહામાહણ, મહાગોપ, મહાનિર્યામક, મહાસાર્થવાહ તથા સમ્યગ્દૃષ્ટિ જીવના જીવનપ્રાણ છે, દેશવિરતિધરને મહાનંદની બીજ જેવા યોગ્ય, નિર્ગ્રન્થ સાધુઓ જેહની આરાધી ચાલે છે, ઉપાધ્યાયના હૃદયસરોવરને વિષે હંસ રૂપ છે, આચાર્ય ભગવંતોના નાથ છે, ગણધર ભગવંતોના સાક્ષાત્ મોક્ષરૂપ છે અને સ્યાદ્વાદ ધર્મના ઉપદેશક છે, એવા ચંદ્રપ્રભ સ્વામી શ્રી અરિહંત દેવની સેવા કરો, એ જ એક આધાર છે અહર્નિશ શ્રી ચંદ્રપ્રભ સ્વામીની સેવા જ્યાં સુધી તમારી સંપૂર્ણ સિદ્ધતા ન થાય, ત્યાં સુધી અખંડ રહી, એટલો જ એક સાર છે, એમ માનો. - શ્રીમદ્ દેવચંદ્ર

ઠાણાંગસૂત્ર - ૭માં કહ્યું છે કે:

૭ કારણોને લઈને જીવનનો અકાળે અંત આવે છે:

(૧) લાગણીને આઘાત પહોંચવાથી (૨) શસ્ત્રાદિનો પ્રહાર થવાથી

(૩) અધિક આહાર કરવાથી (૪) વેદના વધી પડવાથી

(૫) સખત વસ્તુ સાથે અથડાવાથી

(૬) ખાડામાં પડી જવાથી (૭) શ્વાસનું રૂંધન થવાથી.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૭, ગાથા ૧૨/૧૩માં કહ્યું છે કે:

આત્મા મૃત્યુ પછી દેવલોકમાં જાય છે,
ત્યાં તેની સ્થિતિ અસંખ્ય વર્ષોની હોય છે, તેને
દુર્બુદ્ધિવાળો મનુષ્ય સો વર્ષથી પણ ઓછા આયુષ્યવાળા
માનવજીવનના કામ તથા ભોગ માટે હારી જાય છે.

ઉત્તરાધ્યયન સૂત્ર - અ - ૭, ગાથા - ૧૬માં કહ્યું છે કે:

મનુષ્યભવ એ મૂળ ધન છે, દેવગતિ એ લાભ છે અને
નરક - તિર્યંચની ગતિ એ મૂળ ધનનો નાશ છે.

મરણ સુધરી જવાનો ઉપાય

જ્ઞાન અને ક્રિયાની ઉપાસનામાં રક્ત રહેવું.

દયા વગેરે દશ લક્ષણ ધર્મનું આચરણ કરી
ક્ષમાદિ ગુણો વડે આત્માને ભાવિત કરનાર
સાધકનું મરણ સમાધિવાળું બને છે.

'મતિ તેવી ગતિ'નો અર્થ જેવી લેશ્યા, તેવી પરિણતિ.
જે લેશ્યામાં મરે, તે જ લેશ્યામાં જીવ ઉત્પન્ન થાય.

જે આત્મા ધર્મ કરીને પરભવમાં જાય છે,
તે સુખી થાય છે, કિન્તુ જે જિનવચનને જાણતો નથી,
તે ઘણીવાર બાલમરણ અને અકામ મરણે મરે છે.
જિનવચનને સાંભળવાથી અને તેમાં શ્રદ્ધાવંત થઈને
તેનું આચરણ કરવાથી પંડિત મરણ થાય છે અને
તે જ મૃત્યુ ધન્યવાદને પાત્ર છે.

સમાધિમરણ = જીવનના અંતે સ્વસ્થતાવાળું મરણ,
જીવની શુદ્ધિ, મોહ અને મમત્વરહિત અંતિમ અવસ્થા.

'શુભાત્મ પરિણામ' ક્યારે બને?

સમ્યગ્દર્શનં તત્ત્વરુચિરૂપો જીવપરિણામઃ ।
જીવરાશિ ઉપરનો સ્નેહપરિણામ તે 'શુભાત્મપરિણામ' ।
દર્શનમોહ કર્મનો ક્ષયોપશમ થવાથી ઉત્પન્ન થાય છે,
તે 'સકલસત્ત્વહિતાશય ।' દ્વારા 'ષડ્જીવનિકાય હિતં
પરમાત્મતત્ત્વં ।'ની પ્રાપ્તિમાં પરમ હેતુ બને છે.

દ્રવ્ય = અન્વય, સંબોધન.
ગુણ = અન્વયનું વિશેષણ - વિશેષણ.
પર્યાય = અન્વયના ભેદો - પ્રકારો - દ્રાવણ.

'આત્મમીમાંસા'માં કહ્યું છે કે:

કુવ્વાણં કુસ્સગ્ગો, નિમિત્તવવાર સુટ્ઠ દેહોત્તિ ।

ઉપાદાન નિષ્પત્તિ તે ઉત્સર્ગ સેવા.

ઉત્સર્ગ સેવા તે ઉત્કૃષ્ટ સાધના.

સાધના એ 'સેવા' શબ્દનો પર્યાય છે.

જેટલી સાધના, તેટલી અપવાદ ભાવસેવા અને સાધના કરતાં જેટલી આત્મશક્તિ પ્રગટી, તે ઉત્સર્ગ ભાવસેવા.

ઉત્સર્ગ ભાવસાધના તે કાર્ય અને

નિમિત્તાવલંબી અપવાદ ભાવસેવા તે કારણ છે.

એ રીતે પરસ્પર કાર્ય - કારણ ભાવ છે.

જેટલે અંશે બાહ્યપ્રવર્તન તે દ્રવ્યનિક્ષેપ અને

જેટલે અંશે ભાવપ્રવર્તન તે ભાવનિક્ષેપ.

ઉત્કૃષ્ટ ગુણ એવા શુદ્ધ દેવની સેવા દુર્લભ છે.

પ્રવચન = શાસન-ક્રિયારાધક. 'મુધાદાયી, મુધાજિવી ।'

નિ:સ્વાર્થ દાતા અને નિ:સ્વાર્થ લેનાર બે દુર્લભ છે.

શ્રુતને કાયાથી સ્પર્શવું એટલે નિત્ય સ્વાધ્યાય કરવો.

ચારિત્રને કાયાથી સ્પર્શવું = વ્રતનિયમ પાલન કરવાં.

શાસનની પ્રભાવના કરવી એટલે...

લોકોમાં તેનો પ્રભાવ વધે, એવાં કાર્યો કરવાં.

द्वा०द्वा० २०/१९ : विषयस्य समापत्तिरुत्पत्तिर्नामसंज्ञिनः ।
आत्मनस्तु समापत्तिर्भावी द्रव्यस्य तात्त्विकः ॥

અર્થાત્ઃ વિષય સમાપત્તિમાં નામસંજ્ઞા છે અને જે વિષયમાં આત્માનો ઉપયોગ જોડાય છે, તે વસ્તુનું નામ આત્માને મળે છે. ઉદાહરણ તરીકે: અગ્નિના ઉપયોગમાં જોડાયેલો 'માણવક' એ 'અગ્નિ' શબ્દથી સંબોધાય છે. આત્માની સમાપત્તિ વિષયની સમાપત્તિ કરતાં જુદી જાતની સમાપત્તિ છે અર્થાત્ આત્મા તે નામને ધારણ કરે છે, એમ નહિ પણ આત્મદ્રવ્યનો તે તાત્ત્વિક ભાવ બને છે.

ષોડશક ૧૨, શ્લોક ૫માં કહ્યું છે કે...

વિષયસમાપત્તિ તે વિષયપ્રતિભાસ રૂપ જ્ઞાન છે અને આત્મસમાપત્તિ તે આત્મપરિણતિવાળું જ્ઞાન છે, તે પરિણતિ જ્યારે સુદૃઢ થાય છે, ત્યારે તેને 'તત્ત્વ સંવેદન' યા 'સ્પર્શજ્ઞાન' તરીકે ઓળખવામાં આવે છે. તત્ત્વથી સાધકનો વિશુદ્ધ ભાવ એ જ યોગ-ક્ષેમ કરે છે, પરંતુ જેના આલંબનથી તે ભાવ ઉત્પન્ન થતો હોય, તે પરમાત્મા કે તેમના નામમંત્રને, મૂર્તિને કે આગમ શાસ્ત્રાદિને યોગક્ષેમંકર માનવાં, એ જરૂરી છે.

શાસ્ત્રપઠીને યોગક્ષેમંકર માનવાથી કૃતજ્ઞતાગુણ જળવાઈ
પાત્રતાના વિકાસ વડે આત્મા સિદ્ધિની નજીક પહોંચે છે.

સંભેદ પ્રણિધાન એ સવિકલ્પ છે, કેમકે
તેમાં ધ્યાતા - ધ્યેય - ધ્યાનનો કિંચિત્ ભેદ ભાસે છે.
અભેદ પ્રણિધાન વખતે ત્રણેની એકતા સધાય છે,
તેથી તે વખતે નિર્વિકલ્પતા અનુભવાય છે.
સંભેદ objective છે, અભેદ Subjective છે.
એક પરપરક છે, બીજું સ્વપરક છે.
એકમાં ધ્યેય પરમાત્મા - બીજામાં પરમાત્મરૂપ સ્વાત્મા છે.
સંભેદ વડે જ અભેદની પ્રાપ્તિ છે, કારણકે
શુભ વિકલ્પ દ્વારા જ નિર્વિકલ્પમાં જવાય. નિર્વિકલ્પનો
કાળ અલ્પ છે, સવિકલ્પદશામાં ઘણો કાળ રહી શકાય છે.
સંભેદપ્રણિધાનને સવિતર્ક - સવિચાર સમાપત્તિ અને
અભેદપ્રણિધાનને નિર્વિતર્ક - નિર્વિચાર સમાપત્તિ કહે છે.

સમાપત્તિનાં ત્રણ અંગ

ક્ષીણવૃત્તિ - ચિત્તપ્રસાદ અને નિર્મળતા.

તાત્સ્થ્ય = સ્થિરતા, તદંજનતા = તન્મયતા.

સંભેદ વખતે તાત્સ્થ્ય અવસ્થા, સંસર્ગારોપથી સધાય છે
અને અભેદ વખતે તદંજનતા અભેદારોપથી સધાય છે.

શબ્દબ્રહ્મ = શ્રુતજ્ઞાન, તેનો સાર અર્હં પદ છે.
શબ્દબ્રહ્મ વડે પરબ્રહ્મને પમાય છે, કેમકે
શબ્દબ્રહ્મ વડે નિર્મળતા અને સ્થિરતા સધાય અને
તે જ સ્થિરતા પરબ્રહ્મની પ્રાપ્તિનું પરમ કારણ બને છે.
'અર્હં' અક્ષરનો ઉપયોગ તે શબ્દબ્રહ્મ છે.
અર્હદાકારોપયોગ એ શબ્દબ્રહ્મ અને
ઉપયોગાકાર શુદ્ધ આત્મા એ પરબ્રહ્મ છે.
શબ્દબ્રહ્મ એ શબ્દાકાર ઉપયોગ છે અને પરબ્રહ્મ એ
ઉપયોગાકાર આત્મપ્રણિધાન છે અને એજ ધ્યાતા -
ધ્યેય - ધ્યાનની એકતારૂપ પરમ સમાધિ સમાપત્તિ છે.
ઉપયોગ એ શબ્દબ્રહ્મ અને ઉપયોગવાન એ પરબ્રહ્મ.
દ્રવ્ય રૂપે નામાદિ નિક્ષેપની એકતા છે.
વિશ્વની સર્વ વસ્તુ નામાદિ ચાર પર્યાયવાળી જ છે.
શબ્દ, અર્થ અને પ્રત્યયનો પરિણામ
નામાદિ ચાર પર્યાયયુક્ત વસ્તુમાં જ થઈ શકે છે.
અન્યોન્ય સંવલિત નામાદિ ચતુષ્ટયરૂપ વસ્તુમાં જ
ઘટાદિ શબ્દની અભિધાયક પરિણતિ પ્રવર્તે છે.
અર્થની પ્રતીતિ અને બુદ્ધિની પરિણતિ -
નામાદિ ચાર યુક્ત વસ્તુમાં જ થાય છે.

ભાવનિક્ષેપ = વિવક્ષિત ક્રિયાની અનુભૂતિયુક્ત હોય તે.

આગમથી ભાવનિક્ષેપ - જ્ઞાતા ઉપયુક્ત અને

નોઆગમથી ભાવનિક્ષેપ એટલે...

(૧) સુવિશુદ્ધ ક્ષાયિકાદિ ભાવ (૨) શ્રુત વિષયનાં અન્ય ચાર જ્ઞાન (૩) રત્નત્રય (૪) જ્ઞાન - ક્રિયા મિશ્રપરિણામ તથા (૫) જ્ઞાનપંચક રૂપ નંદી. પ્રથમના બે પ્રકારોમાં 'નો' શબ્દથી આગમશ્રુતનો સર્વથા અભાવ વિવક્ષિત છે.

છેલ્લા ત્રણ પ્રકારોમાં

'નો' શબ્દથી આગમનો દેશથી અભાવ વિવક્ષિત છે.

સંભેદ પ્રણિધાન આગમથી ભાવનિક્ષેપ રૂપ છે અને અભેદ પ્રણિધાન 'નો'આગમથી ભાવનિક્ષેપ રૂપ છે.

'શબ્દનયમાં નિક્ષેપ પરનયને સાધે છે.'

આ વાક્યનું તાત્પર્ય ઉપર મુજબ છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે:

આંતરિક ઉપયોગમય જ્ઞાનયોગ વડે શીઘ્ર આત્માંત બોધ થાય છે, તેથી જ્ઞાનયોગ એ મોક્ષનું સર્વશ્રેષ્ઠ સાધન છે.

આગમથી ભાવનિક્ષેપમાં ઉપયોગમય જ્ઞાનયોગ અને 'નો' આગમથી ભાવનિક્ષેપમાં અનુભવજ્ઞાન એટલે કે

અનુભૂતિયુક્ત જ્ઞાન વિવક્ષિત છે.

સંભેદપ્રણિધાનમાં વચનાનુષ્ઠાન અને
શાસ્ત્રયોગની મુખ્યતા છે અને અભેદપ્રણિધાનમાં
સામર્થ્યયોગ તથા અસંગ અનુષ્ઠાનની મુખ્યતા છે.
'ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે' આ વાક્યમાં
'ભાવ' શબ્દથી આગમ - નોઆગમ ભાવનિક્ષેપને માન્ય
આત્મઉપયોગ અને આત્માનુભવ સમજવો,
તે વિનાની ધર્મક્રિયાઓ દ્રવ્યનિક્ષેપમાં ગણાય છે.
યોગગ્રન્થોમાં તેને 'પ્રણિધાન' શબ્દથી કહેલ છે.
પ્રણિધાન = ચિત્તની નિશ્ચલતા અને સ્થિરતા.
નિશ્ચલતા વૈરાગ્ય વડે - સ્થિરતા એકાગ્રતા વડે સધાય.
તે માટે કહ્યું છે કે: 'अभ्यास - वैराग्याभ्यां तन्निरोधः |'
ચિત્તવૃત્તિનો નિરોધ અભ્યાસ, વૈરાગ્ય મળીને સધાય છે.
વિપશ્યના સાધના એ ચિત્તના શુદ્ધીકરણની સાધના છે.
શ્રેષ્ઠ ધર્મ કયો? અંતઃકરણની શુદ્ધિ અને પવિત્રતા.
અંતરજગતને શુદ્ધ કરવામાં આવે, તો
બાહ્ય એ જગત અનુકૂળ બની જાય છે.
મનની શાંતિ કે ચિત્તશુદ્ધિ અંદરથી જ પ્રાપ્ત કરવાની છે.
કર્મની નિર્જરા એટલે...
પ્રતિકૂળ સંયોગોનો પ્રેમપૂર્વક સ્વીકાર.

જે અંદર છે, તેને બહાર શોધવાથી તે કેવી રીતે મળે?

જગતની શુદ્ધિ કરવા પહેલાં
સ્વયંની શુદ્ધિનો નિર્ણય કરી લેવો જોઈએ.

સાધના યાચનામાં નહિ પણ સમર્પણમાં છે.
યાચના વડે પામર બનાય - સમર્પણથી પાત્રતા કેળવાય.

<u>સમ્યગ્દર્શન</u> = સત્યનો જ સ્વીકાર કરવાનો નિર્ણય.
<u>સમ્યગ્જ્ઞાન</u> = સત્યને જ સમજવાનો પ્રયાસ.
<u>સમ્યક્ચારિત્ર</u> = સત્યને જ સ્વીકારી - સમજી અને
તેને જ જીવનમાં પ્રતિષ્ઠા આપવી તે.

જીવન પ્રાપ્તિ માટે નહિ પણ અર્પણ અર્થે છે.
પ્રાપ્તિમાં અસંતોષની બળતરા છે, તૃષ્ણાની વૃદ્ધિ છે,
સમર્પણમાં સંતોષની અને શાંતિનો અનુભવ છે.

ડૂબવા માટે પ્રયત્નની જરૂર નહિ,
પ્રયત્ન અને પુરુષાર્થ તો તરવા માટે જ હોય છે.

સંગીતમય જીવન = વિચાર - આચાર - ઉચ્ચારની એકતા.

આત્મામાં પ્રવેશ કરવા માટેનાં શુદ્ધિનાં સાધનો છે:
સામાયિક કે પ્રતિક્રમણ. સહન કરો અને શુદ્ધ બનો.
સહન કરવાથી જીવન જ્યોતિરૂપ - પ્રકાશમય બને છે.
સંઘર્ષ કરવાથી જીવન જ્વાળારૂપ બની સ્વયંને બાળે છે,

'હું કેવળી છું' એમ ભગવાન કદી બોલ્યા નહિ.
ધર્મમાં સ્વદર્શનનું મહત્ત્વ છે, અન્યના પ્રદર્શનનું નહિ.

વલણ એ મનુષ્યનું આભૂષણ છે.

મહારાજની ચિંતન તેના વલણ ઉપરથી છે, કેમકે
જે તપેલામાં હોય, તે જ ચમચામાં આવે છે.

જીવન વિચારથી ચાલતું હોવાથી સૌ પ્રથમ કાળજી તો
પોતાના વિચારો ઉપર જ રાખવી જોઈએ.

કર્મથી જાતિ નિર્માણ થાય છે, જાતિથી કર્મ નહિ.

બ્રાહ્મણ એટલે જે સદાચાર પાળે, સંયમપૂર્વક વર્તે તથા
દાન, દયા અને પરોપકારનાં કાર્યો કરે તે અને
તેથી વિરુદ્ધ રીતે વર્તે, તે શુદ્ર જાતિનો સમજવો.
ઉચ્ચ જાતિમાં જન્મી અને ક્ષુદ્ર કાર્ય કરે, તો અન્ય
જન્મમાં શુદ્ર બને છે અને નીચ જાતિવાળો પણ ઉચ્ચ
કર્મ કરે, તો અન્ય જન્મમાં ઉચ્ચ જન્મને પામે છે.
વર્તમાન જન્મની કરણી હવે પછીના જન્મનું કારણ છે,
એમ સમજીને ઔચિત્યપૂર્ણ વર્તન હોવું જરૂરી છે.

કિલ્બિષીકપણું કોણ ન પામે?

प्रवाहपतितं कार्यं कुर्वन् नाप्नोति किल्बिषम्। અર્થાત્:
પ્રવાહથી આવેલ કર્મને કરતો કિલ્બિષીકપણું પામતો નથી.

પ્રેમનું કોડિયું, દયાનું દીવેલ અને ધ્યાનની દીવેટના
દીવામાં પરમાત્મતત્ત્વનો અગ્નિ પ્રકટાવ
કામ - ક્રોધ - લોભના અંધકારને દૂર કરવો.
ક્રોધને પચાવવાથી જીવનનું તે Tonic બની જાય છે.
પ્રેમ પ્રભુના નામનો, દયા પ્રાણીમાત્રની અને
લગન પ્રભુના ધ્યાનની જોઈએ.
આ દીવાની નિષ્કલંક જ્યોત પ્રગટાવાથી દિલનું અંધારું
દૂર થઈ જાય છે અને સચ્ચાઈનો પ્રકાશ પ્રગટે છે.
શાસ્ત્રં જ્ઞાપકં ન કારકં । તે રીતે Sign Board
માત્ર Danger - Safe જ બતાવે, કરવાનું પોતે.
અંતે શ્રદ્ધા આપણી અંદર જે ધર્મ છે, તેનું લેવાનું છે.
Islam means peace and surrender.
One step enough - Forgiveness!
પ્રત્યેક ધર્મમાં, પ્રત્યેક પંથમાં તથા પ્રત્યેક માનવમાં
સત્યનો અંશ હોય, તેને ગ્રહણ કરી સત્યગ્રાહી બનો,
એ અનેકાન્તનું રહસ્ય છે.
એ આગમમાં બધા પ્રશ્નોનું સમાધાન છે અને
એમાં જ માનવજાતની સાધના છે.
જિણવયણં - અણાહારૂવત્તં ।

मोक्षकारणसामग्र्यां, भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ॥१॥ (परिशिष्ट-२)

ઉપનિષદોનો સાર = ब्रह्म सत्यं जगन्मिथ्या ।
બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે.

'अन्नं ब्रह्म ।' 'प्राणाः ब्रह्म ।'
'मनो ब्रह्म ।' 'विज्ञानं ब्रह्म ।' 'आनंदं ब्रह्म ।'
અન્ન, પ્રાણ, મન, જ્ઞાન અને આનંદ એ બ્રહ્મ છે.

આત્મજ્ઞાન માટે આત્માને જોવો જોઈએ.
આત્મસાધના પહેલાં ચિત્તશુદ્ધિ આવશ્યક છે.
જ્યાં સુધી શરીરમાંની વાસના નાશ ન પામે,
ત્યાં સુધી અંતરના રામને ખોળી શકાતો નથી.

દેવો માટે ઇંદ્રિયોનું દમન, મનુષ્યો માટે સંપત્તિનું દાન
અને અસુરો માટે દયા -
એ ચિત્તશુદ્ધિનાં અને પરમેશ્વરપ્રાપ્તિનાં સાધન છે.
તેને જ જૈન શબ્દોમાં અહિંસા - સંયમ - તપ કહ્યાં છે.
અહિંસાનો પર્યાય દયા - સંયમનો પર્યાય દાન અને
તપનો પર્યાય ઇંદ્રિયદમન છે.
અથવા દમન વડે સંયમ અને દાન વડે
ઇચ્છાનિરોધરૂપ તપનું ગ્રહણ થઈ શકે છે.

## પશુજીવન અને માનવજીવનમાં તફાવત શું ?

પશુ આહારાદિ સંસ્કારો, હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયોની તક શોધે, જ્યારે મનુષ્યે જો સાચા મનુષ્ય બનવું હોય, તો દાનાદિ સુકૃતો, અહિંસાદિ ધર્મો અને ક્ષમાદિ ગુણો કેળવવાની તકોને શોધવા જોઈએ. વિશ્વમાં રહેલ બન્ને તકોમાં જે જેને શોધે, તે તેને મળે છે.

*Ask and receive, Seek & find, knock & the doors will be opened.*

કોઈ અપમાન કરે તો ક્ષમા કેળવવાની તક, કોઈ માન આપે તો નિરહંકારી બનવાની તક માનવી જોઈએ.

વસ્તુપાળે સોનાના ચરૂમાં સંપત્તિમાન થવાની અને અનુપમાએ એજ ચરૂમાં સુકૃતવાન બનવાની તક જોઈ. કોઈ ઠગે તો ય નિર્ભય બનવું, લોભના નિમિત્તોમાં સંતોષવૃત્તિ ધારણ કરવી. સદ્ગુણો કેળવવાની તકોને વધાવવા, તે મળેલાં ઉત્તમ માનવજન્મને સાર્થક કરે છે.

**ચિત્તશુદ્ધિ માટે અનિવાર્ય સાધનો : દયા - દાન - દમન.**

દયા + દાન વડે વિશ્વાત્માની સાથે સંબંધ બંધાય છે,
દમન વડે સ્વાત્માની સાથે સંબંધ સિદ્ધ કરાય છે.
ધર્મનું શરણું = અહિંસા, સંયમ અને તપનું શરણું.

તપ વડે દેહદમન, સંયમ વડે ઈંદ્રિયદમન અને
અહિંસા વડે આત્મદમન થઈ શકે છે.

સૂયગડાંગ સૂત્ર - અ - ૧૧, ગાથા - ૩૬માં કહ્યું છે કે:

શાંતિ એ અહિંસાનું બીજું નામ છે.
થઈ ગયેલાં - થનારાં તીર્થંકરોનું આધારસ્થાન અહિંસા છે.
અહિંસાના ઉત્કૃષ્ટ પાલનથી જ તીર્થંકર પદ મળે છે.

સૂયગડાંગ સૂત્ર - અ - ૧૧, ગાથા - ૩માં કહ્યું છે કે:

अप्पसमं मन्निज्ज छप्पिकाए ।
પ્રાણીઓ પ્રત્યે આત્મતુલ્ય ભાવ રાખો.
બ્રહ્મચર્ય વ્રત એ લોકોત્તમ છે, જિનવરનું મૂળ છે.
સ્ત્રીસંસર્ગત્યાગીને બીજી વસ્તુઓ છોડવી સહેલી છે.
સ્ત્રી - પુરુષ બન્ને માટે તે સમાન હિતકર છે.
બ્રહ્મવ્રતનું પાલન ઉત્તમ સમાધિને આપે છે.
અગ્નિ અને લાખ, બિલાડી અને ઉંદર, માર્જાર અને કુક્કુટ,
તેમ સંયમી પુરુષોને સ્ત્રીનો સંપર્ક ત્યાજ્ય છે.
સંયમમાં નિપુણ પુરુષ કોઈની સાથે વૈર - વિરોધ ન કરે.

## આસ્તિક્ય લિંગનું માહાત્મ્ય

अर्थोऽयमपरोऽनर्थः इति निर्धारणं हृदि ।
आस्तिक्यं परमं चिह्नं सम्यक्त्वस्य जगुर्जिनाः ।। અર્થાત્:

'શુદ્ધાત્મામાં રમણતારૂપી અહિંસા એજ સાર્થ છે,
એજ પરમાર્થ છે, બાકી બધા અનર્થરૂપ છે.'
એવા દૃઢ-શ્રદ્ધા-અખંડ વિશ્વાસ-અંતરનો નિર્ધાર-નિશ્ચય અને સચોટ નિર્ણય, એ આસ્તિક્ય ચિહ્ન છે.
ધર્મોપદેશ, સ્વપર ઉપકારક શુભ અનુષ્ઠાનો, જીવોમાં દયા, પ્રેમ, અનુકંપા વગેરે સર્વ પ્રભાવનાનાં હેતુ છે.
નિર્ભય, નિઃસંગ, નિર્લેપ, નિરાશંસ ચિત્તવૃત્તિ હોવી, એ જ ભાવવિશુદ્ધિ છે અને તે જ સમ્યગ્દર્શનનું લિંગ છે.
મૈત્ર્યાદિભાવો સમ્યગ્દર્શનના લિંગ અને અનિત્યત્વાદિ વિચારણાઓ સમ્યગ્જ્ઞાનનાં ચિહ્ન છે. સમ્યગ્જ્ઞાન એટલે સંશય-વિપર્યયરહિત આત્મા-અનાત્માનો બોધ.
આત્મા અરૂપી અને ચૈતન્યવાન છે. દેહ, વચન, મન, રાગ-દ્વેષ આદિ ભાવો પુદ્ગલ અર્થાત્ જડ સ્વભાવ છે.
અહિંસા એ મૈત્ર્યાદિ ભાવોનું ફળ છે, જેમકે સમ્યક્ત્વ વિરતિને તે ખેંચી લાવે છે. જ્ઞાનનું ફળ સંયમ-તપ છે.
સમાધિનું મૂળ આત્મતત્ત્વમાં સ્થિરતા છે.

सूई जहा ससुत्ता न नस्सई कयवरंमि पडिआवि।
जीवोऽवि तह ससुत्तो न नस्सइ गओ वि संसारे ॥१॥
-भत्तपरिन्ना - ८६ (परिशिष्ट-३)

## સાચું હિત જિનશાસનમાં

જે આત્માને અબદ્ધ, અસ્પૃષ્ટ, અનન્ય અને અવિશેષ જાણે છે, તે જ જિનશાસનને જાણે છે.
પર્યાયોમાં અનુસ્યૂત દ્રવ્ય તે પરમાર્થ તત્ત્વ છે.
જિનશાસન અને જિનસિદ્ધાંત એ સર્વજીવહિતૈષી છે.
જિનશાસનને છોડીને બીજે હિત નથી અને કદિ આત્મતત્ત્વને છોડીને બીજા પર વસ્તુમાં સુખ નથી.

## ચારિત્રનાં લક્ષણો

ઇષ્ટાનિષ્ટ વિષયોમાં રાગ-દ્વેષ ન હોવા અને લાભ - અલાભ આદિમાં સમભાવે રહેવું, તે ચારિત્ર છે.
મોહ તથા ક્ષોભવિહીન આત્માનો નિશ્ચલ પરિણામ તે 'ચારિત્ર' શબ્દનો વાચ્ય છે. કષાયનિગ્રહ, ઇંદ્રિયજય, વૈરાગ્યપરાયણતા, તિતિક્ષાભાવ એ સૌ એનાં ચિહ્નો છે.
ચારિત્ર = સમતા, મધ્યસ્થતા, શુદ્ધોપયોગ, વીતરાગતા.
ચારિત્ર એજ આત્માનો મૂળ સ્વભાવ છે.
જિનશાસનનો ધર્મ એ સદા માટે સામ્યસ્વરૂપ છે અને આત્માના મોહ - ક્ષોભરહિત પરિણામ એજ સામ્ય છે.
ફલ સર્વત્ર સમ અને નિર્દોષ છે.
સામ્યમાં જેનું મન સ્થિત છે, તે ફલમાં જ સ્થિત છે.

## તત્ત્વથી રાગ અને દ્વેષ એટલે શું ?

રાગ-દ્વેષ હોય, તે વ્યક્તિ કદાચ સર્વ શાસ્ત્રોને જાણે,
તો પણ તે વ્યક્તિ આત્માને જાણતો નથી.
આત્માનું અજ્ઞાનરૂપ પરિણમન જ તત્ત્વથી રાગદ્વેષ છે.
તત્ત્વદૃષ્ટિ વડે તેનો નાશ થઈ શકે છે.
સમતા એ સ્થિતપ્રજ્ઞતાનું જ બીજું નામ છે.
ધર્મમાં અને એના ફળમાં જે હર્ષ, તે સંવેગ છે અને
પાપ અને પાપના ફળમાં જે વૈરાગ્ય, તે નિર્વેદ છે.
પ્રમાદ એ અજ્ઞાન-કર્મ અને અપ્રમાદ એ જ્ઞાન-કર્મ છે.
સમિતિ-ગુપ્તિયુક્ત મહાવ્રતોનું પાલન એટલે ચારિત્ર.
તે અશુભથી નિવૃત્તિ - શુભમાં પ્રવૃત્તિરૂપ વ્યવહાર છે.
જેમ કીડી દીપક સાંધવા માટે નિરર્થક છે,
તેમ ચારિત્રહીનને ઘણું પણ શાસ્ત્ર શું કામનું?
સમ્યગ્દૃષ્ટિ જીવ વિષય-કષાયોમાં અલિપ્ત રહે છે.
આત્મસ્થિરતા ન થાય, ત્યાં સુધી જ્ઞાની જ જાગૃત છે.
શાસ્ત્રાભ્યાસ જીવનમાં અનુભવવા માટે હોય,
તો સાર્થક છે, અન્યથા વૃથા ભાર છે.

આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે:

સર્વતઃ પ્રમત્તસ્ય ભયમ્, સર્વતોઽપ્રમત્તસ્ય નાસ્તિ ભયં।

અપ્રમાદીને સદા મોક્ષ ક્યાં છે?

પોતાના લક્ષ્ય પ્રત્યેની સદા જાગૃતિમાં અને ક્રિયામાં.

મોક્ષના અદ્વિતીય સુખને માટે જે
અસાર એવા ઇંદ્રિયોના સુખોનું નિદાન કરે છે,
તે મૂર્ખ કાચમણિ માટે વૈડૂર્ય મણિનો નાશ કરે છે.

રાગાદિનો અનુત્પાદ એ અહિંસા છે અને
રાગાદિનો ઉત્પાદ તે તાત્ત્વિક હિંસા છે.

જીવ પોતે જ બ્રહ્મ છે.
એ બ્રહ્મમાં ચરણ તે પરમાર્થ-બ્રહ્મચર્ય છે.

સ્ત્રીસંગનાં ત્યાગીને બાકી બધો જ ત્યાગ સુકર છે.
સાગર તરી જનારને નદી તરવી સુતર છે.

સાધુ શરીર માટે નહિ, સંયમરક્ષા માટે ભિક્ષા કરે છે.

રાગ-દ્વેષવિમુખ સમતાભાવમાં રહેવું, તે મનોગુપ્તિ છે.

કાયોત્સર્ગ એ નિશ્ચય કાયગુપ્તિ છે.

હિંસાદિ પાપસ્થાનોની નિવૃત્તિ તે વ્યવહાર ચારિત્ર છે.
અભ્યંતર ધ્યાનતપ એ રાજયોગ છે અને બાહ્ય
અનશનાદિના ત્યાગરૂપ તે તેનું સાધન છે. મંત્રજાપ-
તત્ત્વચિન્તનાદિના અભ્યાસથી નિરાલંબ દશા પ્રાપ્ત થાય છે,
ત્યારે કાંઈ વિચારવા, બોલવા કે કરવાનું રહેતું નથી.

શરીર જડ છે, તે જાણતું નથી, કિન્તુ આત્મા સાધક છે,
તે દેખાતો નથી, માટે મુનિને જોવાનું રહેતું નથી.
વિષય-કષાયથી મુક્ત બની સ્વાધ્યાય-ધ્યાન વડે
નિજાત્માની ભાવના કરે, તેને અભ્યંતર તપ કહે છે.

जं अन्नाणी कम्मं, खवेहि बहुआइं वासकोडीहिं।
तं नाणी तिहिं गुत्तो खवेइ ऊसासमित्तेण। સૂક્તિ:

અજ્ઞાની ઘણા ક્રોડ વર્ષ સુધી જે કર્મ ખપાવે છે, તેને
ત્રણ ગુપ્તિવાળો જ્ઞાની શ્વાસોશ્વાસમાત્રમાં ખપાવે છે.

## વિનય એ મોક્ષનું દ્વાર છે.

વિનયથી તપ, સંયમ અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે તથા
આચાર્ય અને સંઘની સેવા થાય છે.
જ્ઞાનાદિ ગુણોનો વિનય તે નિશ્ચય વિનય છે અને
તથા ગુરુજનો, ગુણીજનો અને વૃદ્ધજનોનો વિનય
તે વ્યવહાર વિનય અથવા ઉપચાર વિનય છે.

## મોક્ષપંથે વૈયાવચ્ચનું માહાત્મ્ય

વૈયાવચ્ચ વડે તીર્થની અવ્યુચ્છિત્તિ થાય છે.
બાહ્ય વિષયોથી દૃષ્ટિ હટાવી સ્મૃતિને આત્મામાં જોડે,
તે 'ધ્યાન' નામનું તપ છે અને
આત્મા આત્મામાં લીન થઈ જાય, તે પરમ ધ્યાન છે.

## જીવન - મૃત્યુ : એક કળા

જીવવાની જેમ એક કળા છે, તેમ મરવાની પણ કળા છે.
મરવું નિશ્ચિત છે, તો તેવી રીતે કેમ ન મરવું,
કે જેથી મૃત્યુનું જ મૃત્યુ થઈ જાય?
જ્યાં સુધી રત્નત્રયના પાલનની કિંચિત પણ
સંભાવના હોય, ત્યાં સુધી જ જીવવાની ઇચ્છા રાખો.
જ્યારે તેવી આશા ન રહે, ત્યારે
શરીરને શાંત અને વિવેકપૂર્વક ત્યજો.
વસ્તુનો સ્વભાવ તે ધર્મ - આત્માનો સ્વભાવ સમતા.
તેથી સમતા એ ધર્મ છે. ક્ષમાદિ દશ સમતાના લિંગ છે.
સમિતિ - ગુપ્તિ આદિ તેનાં સાધન છે. ક્ષમાદિ દશ,
દાનાદિ ચાર અને જીવોની રક્ષા એ ધર્મના પ્રકાર છે.
સાધકનું સદાને માટે સાધ્ય હોય છે:
અંતસ્તત્ત્વરૂપ સમતાસ્વભાવ વિશુદ્ધાત્મા.
પ્રાણીઓની રક્ષા વગેરે તેનાં બાહ્ય સાધન છે, માટે
અંતસ્તત્ત્વ તથા બાહ્ય - બંનેનો આશ્રય લેવો જોઈએ.

ધર્મનું પ્રધાન લક્ષણ તે છે કે:
જે કાર્ય પોતાને અનિષ્ટ હોય,
તે મન - વચન - કાયાથી બીજા પ્રત્યે ન આચરવું.

# સાધુપદની ગરિમા શેમાં ?

સાધુને આહાર દેહાર્થે નહિ પણ ધ્યાનાધ્યયન, સંયમની
સિદ્ધિ માટે છે. સાધુ સિંહની જેમ પરાક્રમી હોવા ઘટે,
હાથીની જેમ સ્વાભિમાની, વૃષભની જેમ સંયમવાહક,
પવનની જેમ અપ્રતિબંધ, સૂર્યની જેમ તેજસ્વી,
ચંદ્રની જેમ સૌમ્ય, આકાશની જેમ નિરાલંબ,
પૃથ્વીની જેમ તિતિક્ષુ, સાગરની જેમ ગંભીર અને
મૃગની જેમ યથાલાભ સંતુષ્ટ હોય.

ગૌ પશુની જેમ ભિક્ષાવાન અને સર્પની જેમ પરકૃત
બિલ નિવાસી હોય. સમ્યગ્દર્શનાદિ ગુણોની ભક્તિ
એજ વસ્તુતઃ મોક્ષની ભક્તિ છે.

પરિણામવિશુદ્ધિ માટે ગુરુભજન મૂળ અવશ્ય કર્તવ્ય છે.
આર્ત, જિજ્ઞાસુ અને અર્થાર્થીની ભક્તિ પણ
વસ્તુની વિશેષતાના કારણે ધન્ય છે. શાંત વૃત્તિવાળા
જ્ઞાનીની તત્ત્વનિષ્ઠારૂપ ભક્તિ સવિશેષ પ્રશંસનીય છે.
શૌચધર્મ એટલે સંતોષ અને સમતારૂપી જળથી લોભ-
તૃષ્ણારૂપી મળને ધોવો તથા આહારમાં ગૃદ્ધિ ન કરવી તે.
'સર્વે પદાર્થો મારાથી પર છે' એમ જાણી
પ્રત્યાખ્યાન કરનાર આત્મા સ્વયં ત્યાગ સ્વરૂપ છે.

'અર્હં' પ્રત્યયરૂપે પ્રતીત થનાર શુદ્ધ આત્મતત્ત્વ એ જીવ.
બંધ-મોક્ષની કલ્પનાથી અતીત એવું ત્રિકાળશુદ્ધ તત્ત્વ
એ 'નિત્યનિરંજન પરમાત્મા' ઇત્યાદિ છે.

આત્મા માત્ર જીવનું સ્વરૂપ છે. મન, વચન અને
રાગ-દ્વેષાદિ અભ્યંતર ભાવો પણ પુદ્ગલનાં કાર્ય છે.

અહમિક્કો ખલુ સુદ્ધો દંસણણાણમઇઓ સદાઽરૂવી ।
ણ વિ અત્થિ મજ્ઝ કિંચિવિ અણ્ણં પરમાણુમિત્તં વિ ॥
ણ જીવસ્સ ણત્થિ રાગો, ણવિ દોસો ણેવ વિજ્જદે મોહો ।
જેણ દુ એદે સવ્વે પુગ્ગલદવ્વસ્સ પરિણામા ॥ (પરિશિષ્ટ-૪)

સત્તાસ્વભાવ જીવ અને પુદ્ગલોની વર્તના-પરિવર્તનામાં
જે ઉદાસીન નિમિત્ત છે, તે કાળદ્રવ્ય છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણે નિત્ય પરિણમન કરતાં રહેવું,
તે સત્તાનો સ્વભાવ છે. દલતરા પરમાત્મા એવ જીવાત્મા ।

પ્રત્યેક જીવ કારણપરમાત્મા છે,
મુક્ત થવાથી તે કાર્યપરમાત્મા બની જાય છે.

પ્રથમ બે તત્ત્વ ધર્મી છે, બાકીનાં સાત તત્ત્વો ધર્મ છે.
જીવ-અજીવ અથવા ધર્મી-ધર્મ, બે જ તત્ત્વ છે.
શુદ્ધ નયથી એક માત્ર આત્મજ્યોતિ જ તત્ત્વ છે, કેમકે
નવે તત્ત્વોમાં ધર્મીરૂપે અનુગત થવા છતાં
પોતાનું અસ્તિત્વ છોડતું નથી.

સર્વ દ્રવ્યોમાં ઉત્તમ દ્રવ્ય અને
સર્વ તત્ત્વોમાં ઉત્તમ તત્ત્વ એક જીવ દ્રવ્ય છે.
એક શુદ્ધ આત્મતત્ત્વ જ ઉપાદેય છે.
કર્મોની ઉપાધિથી થવાવાળા બાકીનાં બધાં તત્ત્વો હેય છે.
નિર્જરણ, કર્ષણ, નાશ, ગાળવું વગેરે એકાર્થક છે.
રાગ-દ્વેષ એજ બધા પાપોનું મૂળ - મહાપાપ છે.
મોહકર્મનો ક્ષય થવાથી બધા કર્મો નાશ પામે છે.
જીવ રાગ-દ્વેષાદિ પરિણામોના નિમિત્તે જડપુદ્ગલ એ
કર્મનું રૂપ ધારણ કરે છે, એમ જ જડપુદ્ગલ કર્મના
નિમિત્ત પામી જીવ રાગદ્વેષાદિ પરિણામને ધારણ કરે છે.
કર્મથી જન્મ-જન્મથી કર્મ, એમ અનાદિ ચક્ર ચાલ્યા કરે છે.
કર્મના પર્યાયવાચી નામો
વિધિ, વિધાતા, દૈવ, કર્મ, પુરાકૃત, સૃષ્ટા, ઈશ્વર વગેરે.
સ્વભાવ અને કર્મ - એ બે શક્તિઓને છોડી
જગતના કારણરૂપ અન્ય ઈશ્વર આદિની
સત્તા કલ્પવી, તે વ્યર્થ છે.
દ્રવ્ય નિત્ય અને એક છે, પર્યાય અનિત્ય-અનેક છે.
એ વિશેષણકૃત વિકલ્પ માત્ર છે. વસ્તુ ન નિત્ય, ન
અનિત્ય, ન તત્, ન અતત્, ન એક, ન અનેક છે,

પરન્તુ એક પદાર્થ એક રસાત્મક અખંડ પિંડ છે,
એક જાત્યન્તર ભાવ છે અને તે બૌદ્ધિક વિતર્કો,
માનસિક વિકલ્પો અને વાચિક ભેદોથી પર છે.
વસ્તુનું આ સ્વરૂપ 'અનેકાન્ત' શબ્દથી વાચ્ય છે.
અનેકાન્ત નામથી નહિ તો પણ આ સ્વરૂપને
કોઈને કોઈ પ્રકારે સર્વને માન્ય રાખવું પડે છે.
દ્રવ્યમાં ગુણ નિત્ય છે, પર્યાય અનિત્ય છે. દ્રવ્ય, ગુણ,
પર્યાય એ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનભેદે ભિન્ન છે.
પ્રદેશભેદ ન હોવાથી વસ્તુતઃ અનન્ય - અભિન્ન છે.
સદૃશ અંશ તે ગુણ છે, વિસદૃશ અંશ તે પર્યાય છે,
અસ્તિત્વથી પૃથક્ નથી, તેથી
વસ્તુ સામાન્ય અને વિશેષ - ઉભયાત્મક છે.
તત્ત્વ વચનાતીત છે. દ્વાદશાંગ શાસ્ત્ર કેવળ સ્થૂલ અને
વ્યાવહારિક પદાર્થોને જ વિષય કરે છે.

0 અહંકારના સ્થાને સર્વાત્મભાવ અને
સ્વહિતના સ્થાને સર્વહિતનો વિચાર ઉન્નતિકારક છે.
જે શાશ્વત આનંદ માટે વિશ્વ ઝંખી રહ્યું છે,
તે ક્ષણભંગુર તુચ્છ પદાર્થોથી મળી શકે નહિ.
અવિનાશી તત્ત્વની પ્રાપ્તિથી જ શાશ્વત સુખ મળી શકે.

મનનો ગુલામ તે પ્રકૃતિનો ગુલામ છે,
મનનો માલિક તે પ્રકૃતિનો સ્વામી છે.
મનમાંથી ક્ષુદ્ર વાસનાઓ નાબૂદ થાય,
ત્યારે જ પરમપદની પ્રાપ્તિ થાય છે.
સત્ય એક જ છે અને
જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, સર્વ રીતે પરિપૂર્ણ છે.
આત્માનુસંધાન કાયમ રાખવું, સ્વસ્વરૂપનું વિસ્મરણ
થવા ન દેવું, તે વૈરાગ્યના અભ્યાસથી જ શક્ય છે.

## ચૈતન્ય સાથે જડની એકતા

દેહમાં અહંતા છે, ત્યાં ક્ષુદ્ર જ પદાર્થોમાં મમતા છે.
'હું આત્માથી અલગ છું' એજ મોટી અજ્ઞાનતા છે.
'હું ચિત્ત, મન, બુદ્ધિ, દેહ...'
આ બધા કલ્પનાઓ આત્મામાંથી જ ઉત્પન્ન થયેલ છે.
જગત એ બ્રહ્મનું જ સ્ફુરણ છે.
જગતની સત્તા બ્રહ્મની સત્તાથી જુદી નથી, બ્રહ્મ જ
જગતનું નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ પણ છે.
અજ્ઞાનાવસ્થામાં જડ ચિત્તમય થઈ જાય છે,
જ્ઞાનાવસ્થામાં જડ ચૈતન્ય સાથે એકતા અનુભવે છે.
આત્માનું અદર્શન એજ અવિદ્યા.

'આ પ્રતીત થતું જગત ચિદાત્મા જ છે'
એવી સમ્યગ્દૃષ્ટિ જ અવિદ્યાનો નાશ કરે છે.
જાગ્રત આદિ સઘળી અવસ્થાઓમાં એક
આત્મતત્ત્વ જ રહેલું છે. ન ઓળખાયેલો આત્મા જ
સંસાર છે અને ઓળખાયેલો તે બ્રહ્મ થઈ જાય છે.
સર્વ વસ્તુઓના અધિષ્ઠાન તરીકે
એક આત્મા જ રહેલો છે અને
તે જ પોતાની અંદર વિચિત્ર લીલાઓ કર્યા કરે છે.
સદા બ્રહ્માકાર વૃત્તિ એજ એક નિર્વાણનો ઉપાય છે.

સત્યમયબુદ્ધિ આ લોકમાં સુખ,
પ્રભુમયબુદ્ધિ પરલોકમાં મોક્ષ.

<u>પરમાત્માનું સાકાર રૂપ આવશ્યક શા માટે?</u>

નિરંજન, નિરાકાર, વ્યાપક પરમાત્માને
આરાધના અને ઉપાસનાનાં એક પ્રમુખ સાધન તરીકે
સાકાર રૂપે સ્વીકારવામાં દીર્ઘ દૃષ્ટિ છે.
સાકાર રૂપમાં મન-વાણી સહેલાઈથી પ્રવૃત્ત થઈ શકે,
સાધના માટે જરૂરી એકાગ્રતા સહેલાઈથી સાધી શકાય.
વ્યાપક પરમાત્માને અવતાર દશામાં વ્યાપ્ત માનવાથી
એની વ્યાપકતાને જરા પણ આંચ આવતી નથી.

વૃક્ષમાં વ્યાપકરૂપે રહેલો રસ
ફળમાં મૂર્તરૂપે મધુર સ્વાદ છે તથા
શેરડીના સાંઠામાં વ્યાપકરૂપે રહેલી સાકરનો ઉપયોગ
તેની વ્યાપકતાને જરા પણ ખંડિત કરી શકતી નથી.

કવિ ભવભૂતિ કહે છે કે:

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥१॥ અર્થાત્:
લૌકિક સાધુઓની વાણી પદાર્થ પ્રમાણે વર્તે છે, જ્યારે
આદ્ય ઋષિઓની વાણીને અનુસારે પદાર્થ વર્તે છે.

'વિદ્યારણ્ય - પંચદશી'માં કહ્યું છે કે:

इत्थमात्मा परानन्दः परप्रेमास्पदं यतः ।
मा न भूवं भूयासमिति प्रेमात्मनीक्ष्यते ॥१॥ અર્થાત્:
આ આત્મા પરમાનંદ સ્વરૂપ છે. હું હંમેશા રહું,
એવો પ્રેમ લોકો આત્માની સાથે કરતાં રહે છે,
માટે આત્મા જ પરમ પ્રેમાસ્પદ છે.

ब्रह्मविद् परमाप्नोति शोकं तरति आत्मवित् ।
नरो ब्रह्मरसं लब्ध्वाऽऽनन्दी भवति नाऽन्यथा ॥२॥
બ્રહ્મરસનું પાન કરી આત્મવિદ્ શોકસાગર તરી જાય છે.
કેવળ બ્રહ્માનંદરસથી જ મનુષ્ય પૂર્ણાનંદ પ્રાપ્ત કરે છે.

## અહિંસા - સંયમ - તપધર્મનું સેવન કેમ?

અહિંસા ધર્મનું પાલન એ મંગળોનું માંગલ્ય છે તથા
સંયમ અને તપધર્મનું સેવન એ કલ્યાણોનું જનક છે.
સુખમાં સંયમ અને દુઃખમાં તપના આરાધન વડે જ
નિત્ય અહિંસાનું પાલન શક્ય છે.

જીવમાત્રને પોતાની અહિંસા ઇષ્ટ છે, તેથી
જીવો પ્રત્યે અહિંસાનું પાલન મંગળરૂપ છે,
અંતરાય તોડનાર છે અને ઇચ્છા પૂરનાર છે.

સુખ એ પુણ્યનું ફળ છે, તેથી
સુખ વડે અધિક ધર્મ કરવો જોઈએ અને દુઃખ એ
પાપનો વિપાક છે, એટલે દુઃખના સમય વખતે પાપનો
પરિહાર કરવાપૂર્વક તપધર્મનું સેવન કરવું જોઈએ.

## જિનધર્મની પ્રાપ્તિ શેનાથી થાય?

જિનધર્મ વંદન, પૂજન, સત્કાર, સન્માનથી પ્રાપ્ત થાય.
વંદન કાયા વડે, પૂજન ચંદન - પુષ્પાદિ વડે,
સત્કાર વસ્ત્ર - અંગરચના - આભૂષણાદિ વડે,
સન્માન સ્તુતિ - સ્તોત્રાદિ - ગીત - નૃત્ય - વાજિંત્રાદિ વડે
જિનધર્મની પ્રાપ્તિ થાય છે અને
પરંપરાએ ઉપદ્રવરહિત મોક્ષસુખ મળે છે.

## સામાયિક એટલે અભયદાનની સત્રશાળા

સામાયિકમાં અનંત જીવોને અભયદાન દેવાનો લાભ છે,
તેથી તે મોક્ષનું સાચું કારણ છે, કેમકે
મોક્ષ એ ષડ્જીવનિકાયને એકાંત હિતસ્વરૂપ છે.
મોક્ષમાં એકાંતિક સુખ છે, આત્યંતિક સુખ છે અને
અવિનશ્વર સુખ છે, તેનું કારણ મોક્ષના ઉપાયભૂત
સામાયિક છએ જીવનિકાયને અભયદાન દેવાની ક્રિયા છે.

## સામાયિક સૂત્રના ત્રણ વિભાગ છે:

પહેલાં વિભાગમાં करेमि सामाइयं,
બીજા વિભાગમાં सावज्जं जोगं पच्चक्खामि અને
ત્રીજા વિભાગમાં अप्पाणं वोसिरामि આવે છે.

## સામાયિક એ આધ્યાત્મિક ભક્તિ કઈ રીતે?

સામાયિકમાં દુષ્કૃતવર્જનરૂપી પાન છે,
સુકૃતસેવનરૂપી ભક્તિ છે તથા
પરમાત્મા સ્વરૂપની રમણતા રૂપી નિધાન છે.
करेमि सामाइयं = સ્વરૂપરમણતાની પ્રતિજ્ઞા - નિધાન છે.
सावज्जं जोगं पच्चक्खामि એ
પાપવર્જનની પ્રતિજ્ઞા છે તથા अप्पाणं वोसिरामि એ
સુકૃતસેવનની પ્રતિજ્ઞા છે.

## સામાયિકની ક્રિયા એ મોક્ષનું પરમ અંગ શાથી?

સામાયિકની ક્રિયામાં સમભાવમાં રહી વર્તમાન સાવદ્યનો ત્રિવિધ ત્યાગ થાય છે, ભવિષ્યનું પચ્ચખ્ખાણ થાય છે તથા તે ઉપરાંત અતીત સાવદ્યનું પ્રતિક્રમણ-ભૂતકાળના કર્મનું પ્રતિક્રમણ થાય છે, બીજા શબ્દોમાં અતીત સાવદ્ય વ્યાપારોની નિંદા, વર્તમાનમાં સંવર અને અનાગત સાવદ્ય વ્યાપારોનું પચ્ચખ્ખાણ થાય છે, તેથી સામાયિકની ક્રિયા એ મોક્ષનું પરમ અંગ કહેલ છે.

## મોક્ષ એટલે મોહનો ક્ષય.

મોહ = પરવસ્તુમાં મુંઝાવું, તેના આકર્ષણને વશ થવું.

મોહ એ સંમોહન અર્થમાં છે.

મોક્ષ = પરવસ્તુની સંમોહનઅસરથી સર્વથા વિમુક્ત થવું.

મોક્ષનો માર્ગ રત્નત્રયસ્વરૂપ છે, કારણકે

તેમાં જિનભક્તિ અને જીવમૈત્રી સમ્યગ્દર્શનસ્વરૂપ છે,

પુદ્ગલવિરક્તિ એ સમ્યગ્જ્ઞાનસ્વરૂપ છે અને

આત્માનુભૂતિ એ સમ્યક્ચારિત્રસ્વરૂપ છે.

જ્ઞાન વડે સ્વપરનો વિવેક થાય છે, દર્શન વડે સ્વની રુચિ જાગે છે, ચારિત્ર વડે સ્વમાં સ્થિરતા આવે છે અને તપ દ્વારા તે માટે જરૂરી પરાક્રમ સેવાય છે.

## મોક્ષમાર્ગ સરળ...

પરવસ્તુના માનસિક બંધનથી છૂટવાની ક્રિયા.
દાન વડે ધનનો, શીલ વડે વિષયોનો,
તપ વડે શરીરનો અને ભાવ વડે મનનો મોહ છૂટે છે.
ભગવાન ઉપરનો રાગ જીવને વીતરાગ બનાવે અને
ભગવાન ઉપરનો દ્વેષ જીવને ભવભ્રમણ કરાવે છે.
ભગવાનમાં રાગદ્વેષ નથી પણ ભક્ત રાગ-દ્વેષવાળો છે,
તેથી તેને રાગદ્વેષમાંથી છૂટવાનો ઉપાય એક જ છે કે
રાગનો વિષય વીતરાગને બનાવવા અને
દ્વેષનો વિષય રાગ-દ્વેષને બનાવવા.
વીતરાગ પાસે વૈરાગ્ય અને નિર્ગ્રન્થ પાસે ત્યાગ મંગાય.
તે સિવાયનું તે બે પાસે માંગણું, એ 'મતિમોહ' છે.
'જેવા આપ થયા, તેવો મને કરો' એ યથાર્થ માંગણું છે.
એ માટેની પ્રથમ શરત રાગ-દ્વેષમાં હેયબુદ્ધિ અને
વૈરાગ્ય-મૈત્રીમાં ઉપાદેયબુદ્ધિ થવી જોઈએ.

## મોક્ષનો ચતુરંગ માર્ગ

મૈત્રી એ સમ્યગ્દર્શન, વૈરાગ્ય એ સમ્યગ્જ્ઞાન,
પરવસ્તુનો ત્યાગ એ સમ્યક્ચારિત્ર તથા
સ્વવસ્તુમાં સ્થૈર્ય એ તપ, મોક્ષનો આ ચતુરંગ માર્ગ છે.

માનવભવમાં સાર ત્રિવર્ગ છે,
ત્રિવર્ગમાં પણ ધર્મ સાર છે,
ધર્મમાં પણ જિનકથિત ધર્મ એ સાર છે,
તેમાં પણ પંચ પરમેષ્ઠિ સાર છે અને
પંચ પરમેષ્ઠિમાં પણ સાર શ્રી અરિહંત દેવ છે.

## અર્હંના ત્રણ અક્ષરનું રહસ્ય

અ = સુષુપ્તિ, ર્ = સ્વપ્ન, હ્ = જાગ્રત અવસ્થા.

| | | | | |
|---|---|---|---|---|
| અ = અમૃત | સમ્યગ્દર્શન | નાદ | સત્ | અમાત્ર |
| ર્ = અગ્નિ | સમ્યગ્જ્ઞાન | બિંદુ | ચિત્ | અર્ધમાત્ર |
| હ્ = આકાશ | સમ્યક્ચારિત્ર | કલા | આનંદ | ત્રિમાત્ર. |

બિન્દુ = કલા - સમ્યક્તપ, અનાહત - અજપાજપ.
અર્હં એ પરમેષ્ઠિવાચક છે. અર્હં એ અક્ષરબ્રહ્મ છે.
અક્ષર = અવિનાશી. બ્રહ્મ = કેવળજ્ઞાન કે મોક્ષસ્વરૂપ.
સકલ અરિહંતો વાચ્યરૂપે જેમાં રહેલાં છે, તે શિવલક્ષ્મીનું
તથા મોક્ષ-ઋદ્ધિલબ્ધિસિદ્ધિ આદિ મહાસિદ્ધિઓનું વાચક છે.
શિવ એટલે કલ્યાણ, મંગલ, સુખ વગેરેનું વાચક છે.
કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી કે ધન-સંપત્તિરૂપ લક્ષ્મીનું વાચક છે,
અ થી હ્ પર્યંતના અક્ષરો જેમાં રહેલાં હોવાથી
સમગ્ર શ્રુતજ્ઞાનનું પણ વાચક છે.

સાંખ્ય મતે : પ્રકૃતિ - પ્રકરોતિ = સર્જે, વિસ્તારે તે.

અદ્વૈતવાદમાં શૂન્યમાંથી સર્જનની આપત્તિ આવે છે,
તેથી દ્વૈત એ જ પ્રમાણભૂત છે.
પુરુષ અસંગ છે, પ્રકૃતિ કર્ત્રી - ભોક્ત્રી છે.
પ્રકૃતિ અચેતન છે, પુરુષ ચેતન છે.
अचेतनं चेतनाधिष्ठितं कार्यं करोति । આને અચેતન
એવી પણ પ્રકૃતિ ચેતન પુરુષના આધારે કર્મ કરે છે.
પ્રકૃતિ પરતંત્ર છે, પુરુષ પ્રકૃતિનો નિયામક છે.
કાર્ય એ કારણમાં વિલીન થાય પણ આત્યંતિક પ્રલય
અસંભવિત છે. કારણમાં અવ્યક્ત રીતે કાર્ય છે જ.
બીજમાં વૃક્ષ અને જે રીતે તલમાં તેલ પહેલેથી છે,
તેમ અવ્યક્ત, અવ્યાકૃત કે પ્રકૃતિમાં વિશ્વ રહેલું છે.
મૂળ પ્રકૃતિ એ સર્જક છે, સૃષ્ટ નહિ.
પ્રકૃતિ - વિકૃતિ બુદ્ધિ, અહંકાર અને પાંચ તન્માત્રા -
એ સર્જક પણ છે અને સૃષ્ટ પણ છે
બુદ્ધિ પ્રકૃતિમાંથી સર્જાય છે, માટે
તે સૃષ્ટ છે અને અહંકારની સર્જક છે, એ જ રીતે
અહંકાર પણ સૃષ્ટ અને સર્જક - ઉભય છે.
પાંચ તન્માત્રા - રૂપ - રસ આદિનું પણ તેમ જ છે.

૧૬ તત્ત્વો કેવળ સૃષ્ટ છે તથા મન, ૧૦ ઇંદ્રિયો અને
પંચ મહાભૂતો - એ બધાં અસર્જક છે.

<u>કૃતિની પહેલાં આવે તે પ્રકૃતિ.</u>

સર્જન પહેલાં જે હોય, તે પ્રકૃતિ.

તેને પ્રધાન કહે છે, કેમકે સર્જનનું પ્રધાન કારણ તે છે.

વળી તે ત્રિગુણાત્મક છે.

પ્રકૃતિનો વિકાસ એટલે વિસ્તાર, તે વિશ્વ છે.

પ્રકૃતિ એ પુરુષના ભોગ માટે છે.

પ્રકૃતિ તથા પુરુષનો યોગ, તે જ સંસાર છે.

વાટ - તેલ - જ્યોતની જેમ ત્રણે ગુણો સંકળાયેલાં છે.

ગુણો સેવ્ય - પુરુષ સાક્ષી - સાધક છે. કર્તૃત્વ અહંકારનું છે.

'સત્ત્વ' એટલે સમતોલતા, તેના ઉદ્રેકમાં શાંતિ હોય.

'રજ' એટલે રાગ-દ્વેષાત્મકવૃત્તિ અને 'તમસ્' એટલે
પ્રમાદ, આળસ, અવિવેક, ભ્રમણા, મોહ ઇત્યાદિ.

પુરુષ પૂર્ણ, અભેદ, ચિદ્રૂપ અને સાક્ષી છે.

પુરુષ અસંખ્ય છે, જો એક જ માનીએ,
તો એકના મોક્ષમાં સર્વનો મોક્ષ થઈ જાય.

આત્માઓ બધા એકમેકથી અલગ અને સ્વતંત્ર છે.

'સાક્ષી' એટલે દ્રષ્ટા, મધ્યસ્થ, કૈવલ્ય, ઉદાસીન.

બુદ્ધિ જડ છે, તેમાં ચેતનાનો આભાસ તે
પુરુષના યોગે છે, તેથી પુરુષનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.
પ્રકૃતિ ભોગ્ય છે, તેનો કોઈ ભોક્તા હોવો જોઈએ,
તે પુરુષ છે. શરીર, ઇંદ્રિયો, મન આત્માને માટે છે.
આત્મા અલૌકિક અગુણ છે.
સુખ, દુઃખ, મોહાદિ ગુણોના ધર્મો છે, આત્માના નહિ.
જો એ ગુણો આત્માના હોય, તો મોક્ષ સંભવે નહિ.
પુરુષ ચેતન, અક્રિય, અગુણ, અવ્યય, જ્ઞાતા, દ્રષ્ટા છે,
જ્યારે પ્રકૃતિ એ જડ, સક્રિય,
ત્રિગુણાત્મક, વ્યક્તરૂપિણી, જ્ઞેય અને દૃશ્યમાન છે.

વિશ્વનું સર્જન કઈ રીતે થાય છે?

પ્રકૃતિમાં સંક્ષોભ થતાં વિશ્વનું સર્જન થાય છે.
વિશ્વનું સમવાયી કારણ પ્રકૃતિ છે,
તેમાંથી જ મહત્ અને મહત્માંથી અહંકાર
તથા અહંકારમાંથી ૧૦ ઇંદ્રિયો અને મન, શબ્દ વગેરે
તન્માત્રાઓમાંથી પંચમહાભૂત - એ રીતે સર્જન થાય છે.
આકાશનો ગુણ શબ્દ, વાયુનો ગુણ સ્પર્શ, અગ્નિનો ગુણ
રૂપ, જલનો ગુણ રસ અને પૃથ્વીનો ગુણ ગંધ છે, જે
અનુક્રમે શ્રોત્ર, ત્વચા, નેત્ર, જિહ્વા, નાસિકાના વિષયો છે.

પૃથ્વીનું વિસર્જન જળમાં, જળનું અગ્નિમાં,
અગ્નિનું વાયુમાં, વાયુનું આકાશમાં. આકાશ અહંકારમાં,
અહંકાર મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વ પ્રકૃતિમાં લય પામે છે.
સર્જન - વિસર્જનનું ચક્ર અનાદિ - અનંત છે.
વિષયો - વસ્તુઓ વડે ઇંદ્રિયોમાં ક્ષોભ થાય છે.

## વસ્તુનું ભાન એટલે...

ઇંદ્રિયોના સ્પર્શોને મન વ્યવસ્થિત કરે છે,
અહંકાર એ ઘાટને બુદ્ધિ પાસે રજુ કરે છે અને
બુદ્ધિ તેને આત્માની પાસે રજુ કરે છે, તે વસ્તુભાન.
પહેલાં અવલોકન, વિચારણા - ચિન્તન, પછી નિશ્ચય,
પછી ક્રમ. 'આ કાર્ય મારે કરવાનું છે' એવો અધ્યવસાય.
મન એ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનું મુખ્ય મથક છે.
કર્તૃત્વ અહંકારનું છે, પુરુષ હરહંમેશ મૂક સાક્ષીરૂપ છે.

## બુદ્ધિનું માહાત્મ્ય સૌથી વધુ કેમ?

બુદ્ધિ, અહંકાર, મન - એ દ્વારપાળો છે.
પાંચ જ્ઞાનેન્દ્રિયો એ પાંચ દ્વાર છે.
આત્મા અને ઇંદ્રિયો વચ્ચે મધ્યસ્થ બુદ્ધિની છે.
પ્રકૃતિનાં બધાં જ કાર્યોમાં સૌથી અગત્યનું કાર્ય બુદ્ધિ છે.
બુદ્ધિ જ પુરુષ - પ્રકૃતિ વચ્ચેનો ભેદ જાણી શકે છે.

પુરુષ રાજા છે, બુદ્ધિ પ્રધાન છે.
જડ હોવા છતાં પુરુષના પ્રતિબિંબને કારણે
બુદ્ધિ ચેતનવત્ વર્તે છે - ભાસે છે.
બુદ્ધિમાં પુરુષનું જે પ્રતિબિંબ પડે છે, તે જ જીવ છે.
અજ્ઞાન અને કર્મ તેના સાથે સંકળાયેલાં છે.
સુખ - દુઃખ, રાગ-દ્વેષાદિનો ભોક્તા જીવ છે અને
જન્મ-મરણના ચક્રમાં તે અટવાય છે.
જીવે પોતાનું જીવભાન તજી પુરુષભાન મેળવવાનું છે.

મોક્ષ કે મુક્તિ એટલે

જીવનું પોતાના અસલ સ્વરૂપનું અનુસંધાન.

બંધ પ્રકૃતિને છે - પુરુષને નહીં, તે છતાં પણ
તે પુરુષને હોય, એમ લાગે છે.
આ અજ્ઞાનને કારણે પોતાના અને પ્રકૃતિ વચ્ચેના
ભેદનું પુરુષને વિસ્મરણ થાય, એનું નામ 'બંધ' છે
અને જ્ઞાન થતાં બંને વચ્ચેનો ભેદ સ્પષ્ટ પ્રતીત થાય,
એનું નામ 'મોક્ષ' છે. મોક્ષનો અર્થ બ્રહ્મમાં વિલીન થવું,
એમ નહિ પણ પ્રકૃતિથી મુક્ત થવું, તે છે.
ચોવીસ તત્ત્વોના સાચા સ્વરૂપને સમજી, ચોવીસથી પુરુષ
ભિન્ન છે, એવા પ્રમા - યથાર્થ જ્ઞાન કરીને મોક્ષ થાય.

તત્ત્વથી બંધ, મોક્ષ, ભવભ્રમણ પ્રકૃતિને છે, પુરુષને નહિ.
પુરુષની પાસે પ્રકૃતિ પોતાનું સ્વરૂપ
પ્રત્યક્ષ કર્યા પછી તે આપોઆપ જ વિદાય લે છે.
પ્રકૃતિ કરતાં વધુ શરમાળ અન્ય
કોઈ સુંદરીની કલ્પના કરવી મુશ્કેલ છે.
પુરુષે પોતાને જોઈ લીધા છે, એમ જ્યારે એને લાગે છે,
ત્યારે એ એટલી બધી શરમાઈ જાય છે કે પછી
ફરી કોઈવાર પોતાનું મોં તેને બતાવતી જ નથી.
આવું સાંખ્યદર્શન કહે છે.

## શ્રી જિનવાણી કેવી છે?

આત્મતત્ત્વ પ્રકાશિની, સર્વ વિભાવવારિણી અન્યા
શ્રી જિનવાણી સદા જયવંતી વર્તે છે અહર્નિશ
શ્રી જિનવાણી આત્માનો જય કરાવનારી છે.

## શત્રુંજય તીર્થાધિરાજનો અચિન્ત્ય મહિમા

શ્રી જ્ઞાતાસૂત્રાદિ આગમસૂત્રો તથા શત્રુંજય માહાત્મ્ય
આદિમાં વર્ણવ્યો છે. આ તીર્થની યાત્રા તથા વંદનાદિથી
ત્રિલોકના તીર્થોની યાત્રાદિથી અધિક નિર્જરાદિ ફળ છે.
શ્રી શત્રુંજય તીર્થાધિરાજના ક્ષિતિતળથી
કાંકરે કાંકરે અનંતા આત્માઓ મોક્ષને પામ્યા છે.

પ્રભુશ્રદ્ધાથી અનુરાગ અને અનુરાગથી શ્રદ્ધા વધે છે.
અનુરાગ પ્રીત્યાત્મક છે, શ્રદ્ધા ભક્ત્યાત્મક છે.
આજ્ઞાપાલન એજ તાત્ત્વિક ભક્તિ છે.
આજ્ઞાપાલનથી અનુગ્રહ અને અનુગ્રહથી સિદ્ધિ મળે છે.
પરમાત્મા અને તેમની ઓળખાણ કરાવનાર સદ્ગુરુની
કૃપા - અનુગ્રહ મેળવવા આજ્ઞાપ્રધાન જીવન જોઈએ.
શાસ્ત્રો એ પરમાત્માનાં જ વચનો છે અને
તેમાં બતાવેલ હેય, જ્ઞેય, ઉપાદેયનો વિવેક
જીવનમાં આત્મસાત્ બનાવવા, તે પ્રભુની આજ્ઞા છે.
તેમાં પ્રથમ જીવ અને અજીવનું ભાન થવાથી
જડ તથા ચેતનનો વિવેક જાગે છે, ઉપરાંત
જડની હેયતા અને ચૈતન્યની ઉપાદેયતા સમજાય છે.
જડની આસક્તિથી જીવને અનંત ભવભ્રમણની વેદના
સહવી પડી છે તથા તેમાંથી છૂટવાનો ઉપાય પોતાની
ચૈતન્યસત્તાને પિછાની તેમાં જ ભક્તિ અને આસક્તિ
કેળવવી તે છે. જે જે વૃત્તિઓ - પ્રવૃત્તિઓ આત્માને
સ્વભાવથી ચ્યુત કરનાર છે, તેનો ત્યાગ અને જે જે
વૃત્તિઓ - પ્રવૃત્તિઓ સ્વભાવમાં સ્થિત કરાવનાર છે,
તેનો અતિ બહુમાનપૂર્વક સ્વીકાર કરવો,
એજ પ્રભુની આજ્ઞાનું પાલન છે.

## 'આસ્રવ હેય અને સંવર ઉપાદેય'
## એ બે શબ્દોમાં જ પ્રભુની આજ્ઞાનું રહસ્ય છે.

સત્તાથી સ્ફટિક સમાન નિર્મળ આત્મા
કર્મસંગથી મલિન અને વિરાટમાંથી વામન બન્યો છે,
સામર્થ્યવાન હોવા છતાં ય સામર્થ્યહીન બન્યો છે,
જડના સંયોગે શુદ્ધ ચૈતન્યવાન તે જડવત્ બન્યો છે,
પ્રતિપ્રદેશે અનંત અનંત ગુણોને ધારણ કરનાર સદા
ગુણનિધાન કર્મસંયોગે ગુણહીન - નિર્ગુણી બન્યો છે.
શાસ્ત્રવચનનું બહુમાન એ પરમાત્માનું જ બહુમાન છે.
શાસ્ત્રો એક દિવ્યદૃષ્ટિ આપે છે, તેના વડે ત્રિલોકના
ત્રણે કાળનાં સર્વ પદાર્થોને જોઈ - જાણી શકાય છે
અને તેના પક્કડમાંથી મુક્ત થઈ શકાય છે.

શાસ્ત્રાજ્ઞાનો સાર છે:
હેયનું ત્યાગ અને ઉપાદેયનું આદાન.

એ આજ્ઞાના આદરથી સર્વ જિનેશ્વરોનો આદર અને
એના અનાદરથી તેને કહેનાર સર્વ તીર્થંકર-ગણધરોનો
અનાદર, અબહુમાન, અવિશ્વાસ અને અશ્રદ્ધા થાય છે.
પરમાત્માના આદર - બહુમાન વિના કોઈપણ સાધના
તેના પ્રકૃષ્ટતા પર્યંત પહોંચી શકતી નથી.

શાસ્ત્રનિરપેક્ષ કરેલી ક્રિયાઓ
કદી પણ ફળવતી બની શકતી નથી.
શાસ્ત્રો ઉપરની વાસ્તવિક શ્રદ્ધા એ
શાસ્ત્રોએ કહેલી આજ્ઞાઓનું યથાશક્તિ પાલન છે.

## શાસ્ત્ર - પરમાત્માની જેમ જ પૂજ્ય !

શાસ્ત્ર એ પરમાત્માનાં વચનરૂપ હોવાથી પરમાત્મતુલ્ય પૂજ્ય છે. જેમ પરમાત્માનું નામ અને પરમાત્મસ્વરૂપની મૂર્તિ પરમાત્મતુલ્ય હોવાથી પૂજ્ય છે, તેમ શાસ્ત્ર પણ પરમાત્માનાં વચન હોવાથી સાક્ષાત પરમાત્મા જ છે અને પરમાત્માની જેમ જ પૂજ્ય છે.
અહીં કાળમાં પરમપદને પામનાર સર્વ જીવો શાસ્ત્રાજ્ઞાના પાલન દ્વારા જ ત્યાં પહોંચી શક્યા છે.
પરમાત્માનું બહુમાન તેમના નામ દ્વારા, મૂર્તિ દ્વારા, આગમ દ્વારા અને વચન દ્વારા જ સાધી શકાય છે.
શાસ્ત્રવચનો આપણા વિવેકચક્ષુને ખોલી આપે છે, તેથી હિતાહિતનો વિવેક ઉદય પામે છે.
વિવેકથી વૈરાગ્ય, વૈરાગ્યથી સંયમ અને સંયમથી કર્મશત્રુઓ ઉપરનો વિજય પ્રાપ્ત થાય છે, જેથી સચ્ચિદાનંદઘન સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે.

શાસ્ત્રવચનોનો મહાવાક્યાર્થ - તાત્પર્યાર્થ - એદંપર્યાર્થ
એક જ છે કે આત્મસ્વરૂપને ઓળખી આરાધના
કરી કર્મની જાળમાંથી તેને મુક્ત કરવો અને
આત્માને શાશ્વત સુખનો ભોક્તા બનાવવો.
જેણે એક આત્મતત્ત્વને ઓળખ્યું, તેણે સર્વ ઓળખ્યું,
જેણે આત્મતત્ત્વનો નિશ્ચય કર્યો,
તેને વિશ્વના સઘળાં પદાર્થોનો નિશ્ચય થઈ જાય છે.
કહ્યું છે કે : जे एगं जाणइ, से सव्वं जाणइ ।
અર્થાત્ : જેણે એક જાણ્યો, તેણે સર્વને જાણ્યું.
એકને જાણવા સર્વને જાણવું જોઈએ અને
સર્વને જાણવા એકને જાણવો જોઈએ.
શુદ્ધાત્માને ઓળખતાં પરમાત્માની ઓળખ થઈ જાય છે.
પરમાત્મા માર્ગદર્શક પણ છે અને માર્ગરૂપ પણ છે,
કેમકે પરમાત્માના નામાદિ નિક્ષેપો વડે થતું
આરાધન નિશ્ચયથી રત્નત્રયનું જ આરાધન બની રહે છે.
પરમાત્મસ્વરૂપના રાગ વડે ધ્યાન અને ધ્યાન વડે
આત્મરમણતા સાધવા માટે ચારે નિક્ષેપે
પાંચ પરમેષ્ઠીઓનું આરાધન આલંબનરૂપ બને છે.
આલંબન ધ્યાન વડે નિરાલંબન ધ્યાનમાં પ્રવેશ થાય છે.

પ્રભુમૂર્તિના ધ્યાનમાં તન્મય બનેલા ધ્યાતાને
આંતરજ્યોતિનો અનુભવ થાય છે,
તે જ્યોતિ જ્ઞાનમય છે અને જ્ઞાન આત્મામય છે.
વસ્તુતઃ ત્રણેની એકતા છે:
આકૃતિ, તેનું જ્ઞાન અને જ્ઞાનવાન આત્મા.
એ ત્રણેની એકતા એજ 'પરમાત્મદર્શન' કહેવાય છે.

પ્રભુભક્તિનું પ્રધાન ફળ શું?

જિનમૂર્તિના નામસ્મરણ - ધ્યાન દ્વારા શાંત ચિત્તમાં
પ્રભુ સન્મુખ આવી હૃદયપ્રદેશે બેસીને ભક્તને જાણે
મધુર વચનોથી બોલાવતાં હોય, એવો ભાસ થાય છે.
પછી એકાગ્રતા વધતાં તદ્રૂપ, તન્મયભાવ પ્રાપ્ત થતાં
ધ્યાતા, ધ્યેય, ધ્યાનની ત્રિપુટીની જે એકતા અનુભવાય,
તેનું જ નામ સમાપત્તિ યા આત્મદર્શન છે,
જે પ્રભુભક્તિનું પ્રધાન ફળ છે.

सो सविसेसं पच्चक्खाणठाणे मणं निरुंभित्ता,
सिद्धिसिलोवरि सरदिन्दु - कुन्द - संखुज्जलच्छवीए ।
अप्पाणं ठावित्ता तद् सन्निवत्तिणो सिद्धे,
दुणियासेस - किलेसे निउणं परिचिंतिउं लग्गो ॥१॥
- उपदेशपदवृत्ति, पृ० २६२ (परिशिष्ट-५)

ભક્ષીના વ્રત - નિયમોને સંભારી, તેમાં
મનને સ્થિર કરી દેવાથી ચિત્તની ચપળતા ટળી જાય છે.
જારિસઓ સિદ્ધસહાવો તારિસઓ હોઈ સવ્વજીવાણં ।
અર્થાત્ઃ જેવો સિદ્ધનો સ્વભાવ છે,
તેવો જ સર્વ જીવોનો (સ્વભાવ) હોય છે.
સહજ સમાધિ = આત્મસમાધિ.
સમાધિ, પરમસમાધિ, સમાપત્તિ, સમતા એકાર્થક છે.
સામાન્ય - સંગ્રહનયની અપેક્ષાએ શક્તિ અને
દ્રવ્યાર્થિકનયે વ્યક્તિની યુગપદ વિવક્ષા કરતાં
ત્રિકાળવર્તી સર્વે પરમાત્મા એક જ છે.
ભેદાભેદનયની અપેક્ષાએ સંસારી અને મુક્ત -
એવા ભેદ છે, કિન્તુ અભેદનયે ભેદ નથી.
'સંસર્ગારોપ' એટલે...
શ્રી તીર્થંકર પરમાત્માના અનંત ગુણોમાં
અંતરાત્માનો એકાગ્ર ઉપયોગ, ધ્યાન યા સ્થિરતા.
'અભેદારોપ' એટલે...
અંતરાત્મામાં શ્રી તીર્થંકર પરમાત્માનો અભેદોપયોગ.
વ્યવહારનયનો પાયો કૃતજ્ઞતા છે અને
નિશ્ચયનયનું મૂળ સ્વતંત્રતા છે.

પાંચ પ્રકારની ભક્તિના ભેદ વડે પણ
સમાપત્તિ સિદ્ધ થાય છે, જે નીચે પ્રમાણે હોય છે:

(૧) સ્વામિ-સેવકભાવ ચિત્તવૃત્તિને નિર્મળ બનાવે છે,
અંશ - અંશીભાવ ચિત્તવૃત્તિને સ્થિર કરે છે અને
પરમાત્મતુલ્ય આત્મભાવ તન્મયતાને લાવે છે,
તેને સંપૂર્ણ આત્માર્પણ કહેવાય છે.

(૨) દ્રવ્યપૂજા, ભાવપૂજા, પ્રતિપત્તિપૂજા પણ અનુક્રમે
નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા લાવે છે.

(3) પિંડસ્થ - પદસ્થ - રૂપાતીત અવસ્થાઓનું ચિન્તન
પણ અનુક્રમે નિર્મળતા, સ્થિરતા, તન્મયતા લાવે છે.

(૪) પ્રીતિ તથા ભક્તિ અનુષ્ઠાનથી નિર્મળતા આવે,
વચનાનુષ્ઠાનથી સ્થિરતા આવે અને
અસંગાનુષ્ઠાનથી સાધકમાં તન્મયતા આવે છે.

(૫) ભાષ્ય જાપ દ્વારા નિર્મળતા, ઉપાંશુ જાપ દ્વારા
સ્થિરતા અને માનસજાપ વડે તન્મયતા આવે છે.

ભગવંતની ભક્તિ અને શાસ્ત્રોક્ત
કોઈપણ અનુષ્ઠાનનું વાસ્તવિક ફળ
ચિત્તની નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા દ્વારા
સમાપત્તિની સિદ્ધિ કરવી, તે જ છે.

## અહિંસાદિ આચાર શા માટે પાળવાના ?

દાન, દયા, પૂજા, પરોપકાર, અહિંસા આદિ સઘળી ધર્મપ્રવૃત્તિઓ ઋણ મુક્ત્યર્થે જ કરવાની છે, નહીંતર તો તે અહંકારાદિની વૃદ્ધિનો હેતુ બની જાય.

કૃતજ્ઞતા અને ઋણમુક્તિ અનિવાર્ય છે. ભવચક્રમાં ભમતાં ભમતાં આપણો જીવ અનેકના ઉપકાર તળે આવ્યો છે અને વળી અનેક ઉપર તેણે અપકાર કર્યો છે તથા હજુ કર્યા જ કરે છે. એ બંને પ્રકારના ઋણમાંથી મુક્ત થવા માટે અને નવું ઋણ ન ઉપાર્જન થાય, એ માટે તેણે અહિંસાદિ આચાર પાળવાના છે. ઋણમુક્તિનો આ અધ્યવસાય ચિત્તશુદ્ધિ કરે છે અને શુદ્ધ ચિત્તમાં પરમાત્માના ગુણોનું અને પરમાત્માનું પ્રતિબિંબ પડે છે, તે દ્વારા પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન થાય છે અને એ ભાન જ જીવનું ભવભ્રમણ નિવારી આપે છે, તેથી જ કહ્યું છે કે :

आत्माऽज्ञानभवं दुःखं आत्मज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्मविज्ञान - हीनैश्छेत्तुं न शक्यते ॥१॥

આત્માને અજ્ઞાનથી થયેલું દુઃખ આત્મજ્ઞાન વડે જ હણાય, આત્મજ્ઞાન વિના કરાયેલ તપ વડે ય તે દુઃખ છેદાતું નથી.

– યો૦ પ્ર૦ શ્લો૦ ૩

ક્રિયાનાં બે દોષ: આશંસા અને અનુપયોગ.

ધર્મક્રિયાની પાછળ આશંસા અશુભાનુબંધની અને
ઉપયોગ રહિત ભાવ આજ્ઞાપાલનની ટોચી બોદર્સ.

અમૃતક્રિયાનાં ત્રણ લિંગો

વિસ્મય, પુલક અને પ્રમોદ -
એ સદ્વસ્તુની પ્રાપ્તિના હર્ષાતિરેકને સૂચવે છે.
હર્ષાતિરેકને ઉત્પન્ન કરનાર ભવભ્રમણનો ભય છે.
ભય જેટલો તીવ્ર, તેટલી ભાવવૃદ્ધિ અધિક.
ભાવની જેટલી વૃદ્ધિ, તેટલી આરાધનામાં
સાવધાનતા અને એકાગ્રતા અધિક.
અમૃતક્રિયાનાં આ લિંગો છે અને તે દ્વારા
પરમાત્મ સમાપત્તિ સહજ બને છે.
પ્રત્યેક અનુષ્ઠાનનાં આદ્યપ્રકાશક અરિહંત પરમાત્મા છે,
તેથી તે તે અનુષ્ઠાનનું આસેવન કરવું,
તે પરમાત્માની આજ્ઞાનું પાલન છે.
આજ્ઞાપાલન દ્વારા પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત થાય,
તેથી આત્મશુદ્ધિ વધે, જેથી નિર્મળ આત્મામાં પરમાત્માનું
પ્રતિબિંબ પડે છે અને તેમાં એકાગ્રતા વધતાં જ
સાધક પરમાત્મ સમાપત્તિ સિદ્ધ કરી શકે છે.

## ક્રિયાનું માહાત્મ્ય

જે ક્રિયાને ઉત્થાપે, તે જૈનશાસનની મર્યાદાને લોપે છે. કારણ વિના કાર્ય ન હોય, માટી વિના ઘડો ન નીપજે, તેમ ક્રિયા કરવાથી જ શુભ અધ્યવસાય પ્રગટે છે. કેવળ ક્રિયા વિરહિત ભાવને આદરવાથી અધ્યવસાયને સુધારી શકાતાં નથી. હૃદયમાં ભાવદૃષ્ટિ ધારણ કરીને જે શુભ વ્યવહાર આચરે, તે જ ભવસમુદ્રપારને પામે.

સદ્ભાવ અને સદ્વિચારોના અભાવમાં બાહ્ય સાધનોની વિપુલતામાં પણ અતૃપ્તિ કાયમ રહે છે.

માનવનું સાચું સૌંદર્ય અરીસામાં નહિ, પરન્તુ આચરણમાં જ પ્રતિબિંબ થાય છે. ફૂલની સુગંધ પણ પવનની સામે દિશામાં જઈ શકતી નથી, માત્ર સજ્જનની તથા સદ્ગુણોની સુવાસ સામી દિશામાં જઈને પ્રતિસ્પર્ધીના હૃદયમાં પણ પહોંચી શકે છે.

કોઈપણ વસ્તુ ઈચ્છતાં પહેલાં તેને લાયક બનો. બાળ શબ્દોમાં ફરજ બજાવો, પછી અધિકારની વાત કરો. લાયક બનશો તો ઈચ્છા નહિ કરો તો ય લાયકાતને અનુરૂપ વસ્તુ આપોઆપ જ આવીને ઊભી રહેશે. કોઈપણ કાર્યની ટીકા કરવા કરતાં તેને ટેકો આપો.

પોતપોતાના કર્તવ્યનું પાલન કરો.

કર્તવ્યપાલન જેવો ધર્મ બીજો કયો હોઈ જ શકે?

ક્રિયારૂચિરહિત જીવ જ્ઞાની નહિ પણ અજ્ઞાની છે.

जइ मे हुज्ज पमाओ इमस्स देहस्स इमाइ रयणीए ।
आहारमुवही देहं सव्वं तिविहेण वोसीरियं ॥ અર્થાત્:

જો આ રાત્રીએ મારા આ દેહનું મૃત્યુ થાય,
તો આહાર, ઉપધિ, દેહ - સર્વને ત્રિવિધે વોસિરાવું છું.

૦ સમ્યગ્દૃષ્ટિ દેવો પણ નિરંતર ભાવના કરે છે કે અમને સામાયિક વ્રતની સામગ્રી મળે, તો જ અમારું આ દેવપણું સફળ થાય અર્થાત્ સામાયિક વ્રતની સામગ્રીવાળો માનવભવ દેવભવથી ચઢિયાતો છે.

## ત્રિપદીના જ્ઞાનનું રહસ્ય

જડ અને ચેતનમાં એક મોટો તફાવત છે કે જડમાં જે ઉત્પાદાદિની ક્રિયા થાય છે, તેને જાણી શકતું નથી. ચેતનમાં આ ક્રિયા થાય અને ચેતન જો ઊંડું ચિંતન કરે, તો તેને આનું જ્ઞાન થઈ એનો અનુભવ થઈ શકે. મહત્ત્વપૂર્ણ આ અનુભવથી ખરેખર વસ્તુની વિનશ્વરતાનું ભાન થાય છે અને ખોટી આસક્તિથી બચી જવાય છે, ઉપરાંત અનાસક્ત અને રાગરહિત રહી શકાય છે.

મોટામાં મોટી મુશ્કેલીઓમાંથી જ
આપણામાં મોટામાં મોટી શક્તિઓ જન્મે છે.

પરસ્પરનાં કાર્યમાં નિમિત્ત બનવું, એ જીવોનો ઉપકાર છે.
ઉપકાર કરનાર દરેક વ્યક્તિ માત્ર નિમિત્ત છે.

ઉપ = સમીપ, ગ્રહ = ગ્રહણ કરવું અને કાર = કરવું.
ઉપગ્રહ અને ઉપકારનો અર્થ અનુક્રમે સમીપ ગ્રહણ
કરીને સમીપ કરવું અથવા સમીપ કરીને સમીપ ગ્રહવું.

પરસ્પર સુખ - દુઃખમાં, પુણ્ય - પાપમાં,
ધર્મ - અધર્મમાં, બંધ - મોક્ષમાં નિમિત્ત બનવું.

અહંને ઓગાળવા જિનની અધીનતાને જોયા.

શાસનની આરાધના - પ્રભાવના શા માટે?

જિનની અધીનતાને જોનારા અધીનતાને ધોનારા બને છે.
કાંઇપણ શુભ થાય અને તેમાં જો આપણે નિમિત્ત
બન્યા હોઈએ, ત્યારે સર્વ કાંઈ દેવગુરુકૃપાને ભળાવવું.
શાસનની જે કાંઈ પ્રભાવના થાય, તેમાં ઉપાદાન કારણ
શાસન પોતે છે, આપણે તો માત્ર નિમિત્તરૂપ બને છે.

શાસનની આરાધના અને પ્રભાવના
આપણા અહમ્‌ને ગાળવા માટે છે, પોષવા માટે નહિ.

સહુનું ક્ષેમ ચાહવાથી પ્રભુની રહેમ મળે છે.

વિજ્ઞાનવાદની સાથે આત્મવાદ અને ધર્મવાદ
ન ભળે, તો તે વિનાશનું જ એક કારણ બની જાય,
તેથી વિજ્ઞાનવાદની પ્રતિષ્ઠાથી અધિક પ્રતિષ્ઠા
આત્મવાદને મળવી જોઈએ. આત્મવાદમાંથી અહિંસા, પ્રેમ
અને ધર્મવાદમાંથી ન્યાય અને નીતિ ફલિત થાય છે.
પ્રેમ અને ન્યાયથી શૂન્ય એવું જીવન
નરક અને નિગોદનો રૂક બને છે.
સ્યાદ્વાદ એક વસ્તુમાં પરસ્પર વિરોધી ધર્મોનું પ્રતિપાદન
કરનાર નથી, કિન્તુ તે અપેક્ષાવાદથી તેના અવિરોધને
બતાવનાર સ્યાદ્ પદથી અલંકૃત એવું વાક્યવિશેષ છે.
વસ્તુમાં સ્વધર્મ એ અન્વય રૂપે અને
પરધર્મ એ વ્યતિરેક રૂપે વિદ્યમાન છે.
સ્યાદ્વાદ, અપેક્ષાવાદ, નયવાદ, અનેકાન્તવાદ - સૌ પર્યાય છે.
ઢાલની બંને બાજુની જેમ જ એક વસ્તુમાં અનેક
ગુણધર્મો રહેલાં છે. વસ્તુતત્ત્વના યથાર્થ નિર્ણય વિના
ક્રિયાનુષ્ઠાન કરવા છતાં સાધ્યની સિદ્ધિ થતી નથી.
કોઈપણ વાક્ય વસ્તુના એક ધર્મને જ જણાવે છે,
વસ્તુના અન્ય ધર્મને જાણવા માટે
સ્યાત્ - કથંચિત્ પદના પ્રયોગની આવશ્યકતા રહે છે.

વીતરાગથી અન્ય કોઈ શ્રેષ્ઠ દૈવત નથી અને અનેકાંતથી અન્ય કોઈ શ્રેષ્ઠ નયસ્થિતિ - ન્યાયમાર્ગ નથી.

જિનશાસન સકલ ન્યાયાકર, ભવ્યપ્રમોદ હેતુ, પરમઋષિપ્રણિત, પ્રમાણભૂત, આર્ષવચનરૂપ, મહાગંભીર, ઉપરાંત અન્યોને નિદર્શન રૂપ જગતનું કલ્પવૃક્ષ છે.

તેમાં પરમાર્થરૂપ તત્ત્વવ્યવસ્થા, શુદ્ધ જ્ઞાન - ક્રિયા (આચાર - વિચાર) અને તેને પાળવાની ઉત્સર્ગ - અપવાદ રૂપ વિશાળ વ્યવસ્થા છે.

એકાન્તમાં દૂષણ છે, અનેકાન્તમાં ભૂષણ છે.

જે રીતે રત્નોનું સારાપણું તેની પરીક્ષા અને ગોઠવણ ઉપર અવલંબે છે, તેમ નયવાદનું સમ્યગ્દૃષ્ટિપણું પણ તેમની પરસ્પર અપેક્ષા ઉપર અવલંબે છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો પરસ્પર સાપેક્ષપણે વર્તે, તો સમ્યગ્દૃષ્ટિ છે અને જો નિરપેક્ષપણે બન્ને પોતપોતાના વિષયમાં પ્રવર્તે, તો તે મિથ્યાદૃષ્ટિ છે.

જે અપેક્ષાએ જે વાક્ય કહેવાય છે, તે અપેક્ષાએ તે વાક્ય તેમ જ છે, એમ સ્યાદ્વાદ 'જ'કારપૂર્વક કહે છે.

દ્રવ્યદૃષ્ટિ જીવ આત્માને નિત્ય જ માને છે અને પર્યાયદૃષ્ટિ જીવ આત્માને અનિત્ય જ માને છે.

જગતમાં અન્ય મતના શાસ્ત્રોમાં જે કંઈ પ્રમાણભૂત તથા શ્રેષ્ઠ વચનો જોવા મળે છે, તે સર્વે દૃષ્ટિવાદ રૂપી સમુદ્રમાંથી ઉડેલાં વચનબિંદુઓ જ છે.

અનેકાંત વડે પરિમાર્જિત બુદ્ધિ વસ્તુના સ્વરૂપને યથાર્થપણે જાણે છે. વસ્તુને યથાસ્થિત જાણવાથી રાગ, દ્વેષ, અસત્ય શમે છે અને સત્યની નજીક પહોંચાય છે.

વાસનાક્ષય એવ મોક્ષઃ । વાસનાનો ક્ષય જ મોક્ષ છે.

ચાહ ગઈ ચિંતા ગઈ, મનવા બેપરવાહ;
જિસ કો કછુ ન ચાહિયે, વહ શાહન કા શાહ ...(૧)

આસક્તિ હોય તો જ વાસના, નહિ તો તે ઇચ્છા છે.
પ્રારબ્ધભોગ માટેની કેવળ ઇચ્છા બંધનકારક નથી, એમાં આસક્તિ ભળે તો જ બંધન છે.

સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દન્તિ માનવાઃ । સ્મૃતિઃ
પોતાના કર્મ વડે તેને પૂજીને માનવો સિદ્ધિને પામે છે.

મત્કર્મકૃત્ મત્પરમો મદ્ભક્તઃ સંગવર્જિતઃ ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ ! ॥૧॥
- અ૦ ૧૧, શ્લો૦ ૫૫ સ્મૃતિઃ

હે પાંડવ! જે મારા કર્મને કરનારો, મારો ભક્ત, સંગથી રહિત, સર્વ જીવોને વિષે વેર વિનાનો છે, તે મને પામે છે.

ઉદયાગત કર્મ સમ પરિણામે ભોગવવું,
એમાં પ્રભુની આજ્ઞાનું જ પાલન છે.
કર્મફળ ઉપર પ્રભુત્વ ધર્મનું છે અને
ધર્મનો આધાર પ્રભુના વચનની આરાધના છે.
સારાં - નરસાં જે કોઈ બનાવો બને છે,
તેની પાછળ કર્મનો અને ધર્મનો અવિચળ નિયમ
કાર્ય કરી રહ્યો છે, એ રીતે જોનાર સમ્યગ્દૃષ્ટિ છે.
ધર્મ એટલે જેનાથી સર્વનું હિતસુખ - ક્ષેમકુશળ થાય તે.
અધર્મ એટલે જેનાથી અન્યનું અહિત થતું હોય તે.
અધર્મ = પાપ. अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः।
જ્ઞાન અજ્ઞાનથી આવરાઈ ગયું છે, તેથી જીવો મોહ પામે છે.
નાટકમાં નાટકની ક્રિયાઓ કરનાર આત્મા હોય છે,
એ ક્રિયામાં તેમ એને સત્યત્વ બુદ્ધિ હોતી નથી, તેમાં
થતાં લાભ - હાનિ, માનાપમાનની અસર એના મન પર
થતી નથી, તેમ આ જગતમાં જે કાંઈ બનાવો બને છે,
તે કર્મ અને ધર્મના નિયમ મુજબ જ બની રહ્યા છે,
તેની અસર મન ઉપર થવા જોઈએ નહિ.
બધા જીવો પ્રત્યે સમવ્યવહાર કરવો.
સૌની સાથે આત્મૌપમ્યનો - પ્રેમનો વ્યવહાર કરવો.

ભગવાન હૃદયમાં નિરાકાર શાંત સ્વરૂપે રહે છે,
તેથી ક્યારેય ક્રોધ ન કરવું, નહીં
શાંતિસ્વરૂપ ભગવાન આપણા હૃદયમાંથી ખસી જાય.
કોઈ આપણને ભાંડે, અપમાન કરે, તો તે મૂર્ખ હશે
પણ આપણે ક્રોધ કરી ભગવાનને કાઢી મૂકનાર એના
કરતાં પણ વધુ મૂર્ખ છીએ. ટૂંકમાં સદા શાંતિમાં રહેવું,
એ શાંતિ દ્વારા ભગવાનનું સ્મરણ કરવું. પોતાની
તથા બીજાની શાંતિ જાળવવાની પૂરતી કાળજી રાખવી.
પ્રભુ પાપરહિત છે, માટે તેમનું નામ લેવાથી પાપ જાય.
જગતના જીવોનું પાપ જાય, તે માટે જ
પ્રભુના નામ - રૂપનું અસ્તિત્વ છે. ભગવાનના રૂપમાં
આપણું રૂપ છુપાયેલું છે, તેથી તેને રોજ જોવું જોઈએ.

એ જ્ઞાન જ ભક્તિ છે કે:

'હું ભગવાનનો છું, ભગવાનનો અંશ છું.'

આ જ્ઞાનથી ભગવાનમાં પરમપ્રેમ સ્વાભાવિક જન્મે છે.
જ્યાં પ્રેમ, ત્યાં ઈશના ગુણાનુવાદનું શ્રવણ - કીર્તન,
અર્ચન - સેવન, સખ્ય - આત્મનિવેદન સહજ બને છે.
ભક્તિ એ હૃદયનો ભાવ છે અને
ભાવ પ્રમાણે ક્રિયા સ્વાભાવિક જ થાય છે.

દિવસે કામ હોય, ત્યારે તે કામ પોતાનું નહિ પણ
કર્મના નિયમ મુજબ લાગવાનું છે, એમ માનવાથી
લાગવાનું સ્મરણ રહેશે અને કામ ન હોય, ત્યારે
હૃદયમાં અનુભવાતી શાંતિસ્વરૂપે પ્રભુસ્મરણ રહેશે,
આમ ચોવીસે કલાક આત્મસ્વરૂપ પ્રભુનું સ્મરણ રહેશે.

ત્યાગેનૈક અમૃતત્વમાનશુઃ ।

અર્થાત્: ત્યાગથી જ પરમપદની પ્રાપ્તિ થાય છે.
સંકોચ એ જીવનો ધર્મ છે, ઔદાર્ય એ ઈશધર્મ છે.
ત્યાગ એટલે જીવનમાં સંકોચમાંથી છૂટા થવું -
વિશાળ થવું જીવનું પગલું - જીવથી શિવ થવાનો પ્રયાસ છે.

મુખ્ય ત્યાગ 'અહં' અને 'મમ'નો છે.

'મમ' એટલે પોતાનું જે હોય તે, મુખ્યપણે ધન - સંપત્તિ.
ધનનો ત્યાગ એટલે... સ્વધન બીજા માટે વાપરવું તે.

સ્ત્રી - પુત્રાદિનો ત્યાગ એટલે...

સ્ત્રી - પુત્રાદિમાં આસક્તિ - મૂર્છા તથા પક્કડનો ત્યાગ.
બધું ભગવાનનું છે, ધર્મ - કર્મનું છે. આપણે તો તેમાં
માત્ર નિમિત્ત છીએ, એ વિચાર ત્યાગનો છે.
બીજા માટે જે કાર્ય કરવામાં આવે છે, તે સેવા છે
અને પોતાને માટે જે કરવામાં આવે છે, તે ભોગ છે.

સેવામાં પરહિતનો - ભોગમાં પોતાનો વિચાર હોય છે.
સેવ્યની અભિરૂચિ પ્રમાણે સેવા કરવાની હોય છે,
પોતાની અભિરૂચિ પ્રમાણે નહિ.
પોતાના માટે કરેલું મોટામાં મોટું કામ સેવાના
નાનામાં નાના કામની પણ બરાબરી કરી શકતું નથી.
ભોગનું દરેક કર્મ અનિત્ય આસક્તિને દૃઢ કરે છે.
સેવામાં ત્યાગ છે, ઉદારતા છે, નમ્રતા છે, પ્રેમ છે.
સેવા તનથી, ધનથી, મનથી થાય છે.
ધન ન હોય તો પણ તન અને મન હોય છે.
બધાનું ભલું ચિન્તવવું - એ મનની સેવા છે.
'બધામાં ભગવાન રહેલા છે' એ યાદ રાખી
જે સેવા કરાય, તે પ્રભુસેવા છે, પ્રભુભક્તિ જ છે.
સેવામાં જે કાંઈ દુઃખ - કષ્ટ ભોગવાય છે, તે સ્વેચ્છા
વડે હોવાથી તેમાં આનંદ છે, સંતોષ છે, સમાધાન છે.
શાંતિ ભગવાનનું સ્વરૂપ છે.
જ્ઞાન - ભક્તિ સાધન અનેક, સબ સત્ય જુઠ કછુ નાહીં.
પ્રકૃતિ દેશથી સાધન દેર કે મતભેદ હોય. યજ્ઞ, તપ, પૂજા,
અર્ચા વગેરે આધ્યાત્મિક કર્મો છે. દાન, સેવા વગેરે
નૈતિક કર્મો છે. કર્તાના ભાવ પ્રમાણે કર્મનાં ફળ મળે છે.

## ત્રણ પ્રકારના કર્મ

બીજાને નુકસાન કરવાનો હેતુ હોય અને
જેમાં અજ્ઞાન - મોહ વગેરે હોય, તે તામસી કર્મ.
જેમાં દંભ, માન, સ્વાર્થ કે અહંકાર હોય, તે રાજસી
અને ભગવત્ પ્રીત્યર્થે નિર્હેતુક, સ્વાર્થરહિત અને
સ્વધર્માચરણરૂપ કર્મ હોય, તે સાત્ત્વિક કર્મ છે.

સાત્ત્વિક કર્મો જ અંતઃકરણની શુદ્ધિ કરે છે.

જે કર્મની પાછળ 'હું કરું છું' એ અભિમાન ન હોય,
'કર્તા - હર્તા ભગવાન છે, હું તો નિમિત્તમાત્ર છું' એ
ભાનપૂર્વક જે સત્કર્મ થાય, તે શુદ્ધ કર્મ કહેવાય છે.

આગ્રહમાં આપણા ભાવનો અહંકાર છે.

'હું કર્તા છું, હું કરી શકું છું' એ અહંકારનું સ્વરૂપ છે.

હોઈ હૈ સોઈ જો રામ રચી રાખા,
કો' કરી તર્ક બઢાવઈ શાખા ?

જે થવાનું છે, તે જ થશે, વ્યર્થ ચિંતા કરવી નહિ.

નિત્ય તૃપ્ત રહેવું, આત્મામાં જ તૃપ્ત રહેતાં શીખવું.

ઘરની મિથ્યામમતા છૂટે, આખું જગત પોતાનું ઘર બનશે.

सुखस्य दुःखस्य न कोऽपि दाता
परो ददातीति कुबुद्धिरेषा ।

'આપણા સુખ-દુઃખનાં કારણ બાહ્ય છે' એમ માનવું એ કુબુદ્ધિ છે. 'આપણા સુખ-દુઃખનાં કારણ આપણે પોતે રહીએ છીએ, બાહ્ય નિમિત્તમાત્ર રહેલ છે' આમ સમજવાથી દુઃખનાં નવાં કારણો ઊભાં કરીશું નહિ.

## 'ૐ તત્ સત્' મંત્રનું માહાત્મ્ય

'ૐ તત્ સત્' એ જીવનનું ધ્રુવ સત્ય છે.

ૐ શબ્દથી એમ સમજવું કે: 'આ બધું બ્રહ્મસ્વરૂપ છે. જે કાંઈ આપણે કરીએ છીએ, તે કાર્યની સામગ્રી - કર્તા - કર્મ - કાર્ય વગેરે બધું જ બ્રહ્મનું સ્વરૂપ છે.

'તત્' શબ્દથી એમ સમજવું કે:

બધું ભગવાનને આ બ્રહ્મને સમર્પણ કરવાનો ભાવ છે.

'સત્' શબ્દથી સત્કર્મ - સ્વધર્મ સમજવાનો છે.

સ્વધર્મ વિરુદ્ધના પર કે નિષિદ્ધ કર્મ મોહથી કરાય છે, તેથી તે બધાં અસત્ કર્મ છે અને તે કારણે જ 'ૐ તત્ સત્' મંત્રને જીવનમાં વણી લેવો જોઈએ.

## કઈ પ્રકૃતિ કયા ગુણસ્થાનકના કયા સમયે ખપે?

### નિર્વાણ પામનાર જીવ

અયોગિ ગુણસ્થાનકના દ્વિચરમ સમયે ૭૨ પ્રકૃતિ અને ચરમ સમયે ૧૩ પ્રકૃતિને ખપાવે છે.

'હું પોતે આનંદસ્વરૂપ આત્મા છું,
શરીર અને મન મારાં છે, હું તે નહિ!
જેમ પ્રારબ્ધ અનુસાર શરીર કોઈપણ પરિસ્થિતિમાં રહેય,
તેનાથી આપણું આનંદસ્વરૂપ તો પર જ છે, તેમ
પૂર્વના સંસ્કાર અનુસાર મન ચંચળ રહેય કે સ્થિર,
તેનાથી અશાંત થવાનું કારણ નહિ, કારણકે
મનથી તો આપણું આનંદસ્વરૂપ પર જ છે.
આમ ચિંતા છોડતાં જ મન આપોઆપ શાંત થાય છે.
'પોતે આનંદસ્વરૂપ છે, તેથી સુખ માટે મને ક્યારેય
બહારથી કાંઈપણ જોઈએ નહિ!
આમ જ્યારે વસ્તુની ચાહ મનથી જતી રહે,
તો ચિંતા રહે નહિ અને મનમાં હંમેશાં શાંતિ રહે.

## ધર્મ અને લોકવ્યવહાર

ધર્મ આંતરિક શુદ્ધિમાં માને છે, જ્યારે
લોકવ્યવહાર બહારથી જ શરીર શણગારવામાં સમજે છે.
જે દુઃખમાં દીન ન થાય અને
સુખમાં અભિમાની ન થાય, તે જ સાચો મહાત્મા છે.
શુદ્ધ દેવ - ગુરુ - ધર્મની શ્રદ્ધા તે વ્યવહારસમકીત છે.
તે નિશ્ચયસમકીતનું કારણ છે.

દર્શન ગુણવંત આત્મા એજ દેવ,
જ્ઞાન ગુણમય આત્મા તે જ ગુરૂ અને
ચારિત્ર ગુણવંત આત્મા તે જ ધર્મ.

નિશ્ચય દેવ આત્મસત્તાને સિદ્ધ સમાન પ્રતીતિ કરાવે છે,
નિશ્ચય ગુરૂ હેય - ઉપાદેયનો વિવેક કરાવે છે અને
નિશ્ચય ધર્મ આત્માને દુર્ગતિમાં પડતાં અટકાવે છે.
ચૌદ પૂર્વનો સાર એ છે કે શુદ્ધ નયે આત્માનુભવ કરવો.

શુદ્ધ ઉપયોગ એજ મુક્તિનો માર્ગ છે.

ચાર કષાય, પાંચ વિષય, ત્રણ યોગ, પાંચ અવ્રતથી રહિત થઈ, જ્ઞાન - દર્શન - ચારિત્રમય આત્મસ્વરૂપમાં એકાગ્રતાભાવે લીન થાય, ત્યારે જીવ શુદ્ધોપયોગી બને છે.
આપણે પ્રમત્ત કે મહાસ્વાર્થી ન બનવું, હિતૈષી બનવું.

હિતૈષી = સર્વનું હિત ઈચ્છનાર.

પ્રમત્ત = મદમત્ત, મદ રાખનારો.

મહાસ્વાર્થી = બીજાનું શું થશે, એનો વિચાર ન કરનાર.

કેવા જીવનક્રમથી ૯૯ વર્ષ જીવાય ?

પ્રભાતે ૫ વાગે ઉઠવું અને ૯ વાગે જમવું, સાંજના ૫ વાગે વાળુ અને ૯ વાગે સુવું. આવા જીવનક્રમથી નેવું + નવ વરસનું જીવન જીવાય છે.

चउव्विहे वि आहारे राइभोयणवज्जणा ।
सन्निहि - संचओ चेव, वज्जेयव्वो सुदुक्करं ॥१॥
અર્થાત્: અશન, પાન, ખાદિમ, સ્વાદિમ - એ ચાર પ્રકારના આહારનું રાત્રે સેવન ન કરવું, તેમ જ તે પદાર્થોની સન્નિધિ કે સંગ્રહ પણ રાત્રે ન રાખવો.
રાત્રિભોજનનો ત્યાગ અતિદુષ્કર છે.
सन्तीमे सुहुमा पाणा तसा अदुवा थावरा ।
जाइं राओ अपासंतो कहमेसणियं चरे ॥ - દશવૈ. ૬/૨૪
અર્થાત્: સંસારમાં ઘણા ત્રસ અને સ્થાવર જીવો તો અત્યંત સૂક્ષ્મ હોય છે. રાત્રે અંધારામાં તે જોઈ શકાતાં નથી, તો પછી રાત્રિભોજન તો થઈ જ કેવી રીતે શકે?
શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે:
राइभोयणविरओ, जीवो भवइ अणासवो । અર્થાત્: રાત્રિભોજનના ત્યાગથી જીવ અનાશ્રવ થાય છે.
રાત્રિભોજન કરતાં ભોજનમાં સૂક્ષ્મ કે સ્થૂલ જીવો પડવાની પૂરી સંભાવના છે. ભોજનમાં જૂ આવી જાય તો જલોદર થાય, કરોળિયો આવી જાય તો કોઢ થાય, કીડી આવી જાય તો બુદ્ધિનાશ થાય અને ઝેરીલી અગર જેવી જીવનો ગળ આવી જાય તો મૃત્યુ પણ થાય.
- યોગશાસ્ત્ર

## પુરુષાર્થ બે પ્રકારે થાય છે: બાહ્ય અને આંતર.

આંતર પુરુષાર્થ ઉપયોગ, ભાવના અને પરિણામરૂપ છે તથા બાહ્ય પુરુષાર્થ વચન અને વર્તનરૂપ છે, ઉપરાંત બાહ્ય પુરુષાર્થ એ યોગરૂપ - અભ્યંતર ઉપયોગરૂપ છે.

## અભ્યંતર પુરુષાર્થરૂપ ઉપયોગના ચાર પ્રકાર: શુદ્ધ, અશુદ્ધ, શુભ અને અશુભ.

શુભ અને અશુભને અલગ ન ગણીએ, તો ઉપયોગ કે અધ્યવસાયના બે પ્રકાર: શુદ્ધ તથા અશુદ્ધ. જે રાગ-દ્વેષાદિથી અનુરંજિત હોય, તે અશુદ્ધ અને તેથી વિરુદ્ધ હોય, તે શુદ્ધ ઉપયોગ કે અધ્યવસાય છે. જ્યાં સુધી રાગાદિ વિકૃતિથી સર્વથા મુક્તિ ન થાય, ત્યાં સુધીનો ઉપયોગ અંશે શુદ્ધ - અંશે અશુદ્ધ હોય.

## સંક્લેશ એટલે શું?

સંક્લેશ એટલે કષાયજનિત પરિણામ.

જ્યારે સંક્લેશનું બળ અધિક હોય, ત્યારે શુદ્ધિની માત્રા ઓછી અને અશુદ્ધિની માત્રા વધારે હોય. સંક્લેશબળ ઘટે કે શુદ્ધિની માત્રા વધે-અશુદ્ધિની ઘટે. સંસારી જીવના એક જ ઉપયોગમાં એક જ વખતે તારતમ્યથી શુદ્ધિ અને અશુદ્ધિ - બંને અંશથી હોય જ.

કોઈપણ ઉપયોગ સદા ન હોય કે જે
સર્વદા અશુદ્ધ જ હોય કે સર્વદા શુદ્ધ જ હોય.
ગાઢ મિથ્યાત્વના કારણે શુદ્ધિનો અભાવ હોય,
તો પણ શુભનું અસ્તિત્વ સંભવી શકે છે.
આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો પાયો એ છે કે
અધ્યવસાયની અશુદ્ધિ ઘટતી જાય - શુદ્ધિ વધતી જાય.
ઉપરના ગુણસ્થાનકે ચઢવાનો એ જ ઉપાય છે કે:
શુદ્ધ ઉપયોગને સાધ્ય બનાવી અશુભ ઉપયોગને છેદ
અને શુભ ઉપયોગને ઉપાદેય સમજી વ્યવહાર કરવો.
પહેલું ગુણસ્થાનક મિથ્યાત્વરૂપ છે,
બીજું સાસ્વાદન છે અને ત્રીજું ગુણસ્થાનક મિશ્ર છે.
મિશ્રમાં પરભાવની મિશ્રતા છે. ચોથું સમ્યક્ત્વરૂપ છે.
અહીંથી શુદ્ધ ઉપયોગમાં ચઢવાની શરૂઆત થાય છે.
તેમાં વ્યવહારથી શુદ્ધ દેવ - ગુરુ - ધર્મની શ્રદ્ધા તથા
નિશ્ચયથી શ્રદ્ધાવાન - જ્ઞાનવાન અને ચારિત્રવાન
આત્મા સ્વ અનુભવે દેવ, ગુરુ અને ધર્મરૂપ છે.
નિશ્ચયથી આત્મસત્તા સિદ્ધ સમાન છે, માટે દેવ છે,
તે હેયોપાદેયને જણાવે છે, તેથી ગુરુ છે અને
દુર્ગતિમાં પડતાં અટકાવે છે, માટે ધર્મ છે.

ત્યાં મિથ્યાત્વના અંશ ગયા, એટલી શુદ્ધતા પ્રગટ થઈ.
ચરમાવર્તને પામેલ જીવમાં શુદ્ધોપયોગની પાત્રતા આવે છે
પણ અશુદ્ધોપયોગથી સર્વથા મુક્ત થઈ શુદ્ધ ઉપયોગની
પ્રકૃતિતરફ પહોંચવાની પૂર્ણ યોગ્યતા તો
ચોથા સમ્યક્ત્વ નામના ગુણઠાણાથી જ શરૂ થાય છે.
પાંચમે અવિરતિના થોડાં અંશ જાય, તેટલી શુદ્ધતા પ્રગટી,
છઠ્ઠે અવિરતિનાં સર્વ કારણો તજ્યાં,
તેટલાં શુદ્ધતાના અંશ વધ્યા. સાતમે પ્રમાદ ગયો, તેટલાં
અંશે શુદ્ધતા વધી. આઠમે અપૂર્વ સ્થિરતા આવી,
તે સ્થિરતા રૂપી શુદ્ધતાના અંશ વધ્યાં.
નવમે વેદ-હાસ્યાદિ નિવર્ત્યા, તેથી અધિક શુદ્ધતા થઈ,
ઉપરાંત સ્થૂલ કષાયો પણ નિવર્ત્યા.
દશમાના અંતે સૂક્ષ્મ કષાયો પણ ઉપશમશ્રેણીતરફ
ઉપશમ્યા અને ક્ષપકશ્રેણીએ કષાયો મૂળથી ગયાં, એટલે
મોહનીય કર્મની સકલ ચપલતા નિવર્તી અને શુદ્ધતા વધી.
બારમા ગુણઠાણાના અંતે જ્ઞાનાવરણાદિ સમૂલ ગયા,
તેરમા ગુણઠાણામાં પરમ શુદ્ધ ઉપયોગ -
કેવળજ્ઞાન - દર્શન અને દાન - ભોગાદિ શુદ્ધ પ્રગટ્યા,
ત્યાં પૂર્ણ શુદ્ધ ઉપયોગ થયો.

શુદ્ધનયે આત્માનુભવ - તે જ સર્વ ધર્મોપદેશનો સાર છે.

આત્મસ્વરૂપમાં સ્થિરતાભાવે - રમણતારૂપ શુદ્ધોપયોગ
જ મુક્તિનો માર્ગ છે. સ્વપરનો વિવેક અને શુદ્ધ નયે
આત્મસ્વરૂપને જાણનાર જ આ શુદ્ધોપયોગ પામી શકે.

ધર્મની પ્રાપ્તિનું એ મહાન રહસ્ય છે,
માટે શુદ્ધોપયોગમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ઉત્કૃષ્ટ વસ્તુઓમાં પરમ ઉત્કૃષ્ટ કોઈ હોય,
તો તે પરમાત્મતત્ત્વ જ છે, શુદ્ધાત્મા જ છે.

આગમમાં ભાવનિક્ષેપ - જે ઉપયોગસ્વરૂપ છે,
તેને જ ideal Reality સમજવાની છે. આપણે
External objectને 'સત્' માનવા ટેવાયેલા છીએ,
એટલે ભૂત-ભાવિ પદાર્થનો ઉપયોગ આવે, ત્યારે એ
ઉપયોગના તે વિષયને 'અસત્' માનીને ચાલીએ છીએ,
કારણકે ત્યારે External object સામે હોતો નથી.
દેશ-કાળના વિચારોમાં બંધાયેલું આપણું મન ઉપયોગના
વિષયને દૂરદેશ-દૂરકાળનો માનીને વર્તે છે, તેથી તેના
અર્થક્રિયાનો - સાંનિધ્યનો પ્રત્યક્ષ આપણને થતો નથી,

તેના સાંનિધ્યનું સંવેદન થતું નથી,
તેથી તેના અર્થ-ક્રિયા પણ અનુભવાતી નથી.

Ideal reality પોતે બે રૂપે રહેલ છે:
Subjective & Objective પણ તેમાં subject
and object બંને આપણી ચેતનાના આકારો છે.
Ideal realityના બે ભિન્ન ભિન્ન સ્વરૂપો:
એક External અને બીજું Inner.
વિજ્ઞાનવાદી બૌદ્ધો External બાહ્ય અર્થનો
ઇન્કાર કરે છે, જ્યારે આપણે બંનેમાં માનીએ છીએ.
Inner આકારમાં External કારણભૂત છે.
જે Inner આકાર છે, તેને
Real - Real માનવો, એ ઉપાદાનનો પક્ષ છે.
ફક્ત વર External પદાર્થ વિના પણ
Inner આકાર ઉત્પન્ન થાય છે, તેને પણ
અર્થક્રિયાકારી - Reality તરીકે સ્વીકારવાનો છે.
સામાન્ય માણસો તેને Imagination માનીને
તેનું મહત્ત્વ આંકતાં નથી, પરન્તુ હકીકતમાં તે પણ
Reality છે અને તેની અર્થક્રિયા પ્રત્યક્ષ થાય છે.
જેમ ગરુડના ચિત્રમાં પણ ગરુડના ઉપયોગાદિ
ગરુડચિત્રની અર્થસિદ્ધિ માની છે, એ સ્પષ્ટ સૂચવે છે કે
External ગરુડમહારાજ ન હોવા છતાં ઉપયોગમાં રહેલાં

Inner ગુરુમહારાજ પણ
Real જ છે અને પોતાનું કાર્ય કરે છે.
ઉપાસકને આમ દેવ-ગુરુ સદા નિકટ જ લાગે છે.
Externalને જેટલાં Real માને છે, તેટલાં જ કે
તેનાથી પણ વધારે એ ઉપયોગાકાર ગુરુને Real
માનીશું તો તે ઉપયોગાકાર External જેટલું જ કે
તેથી પણ વધારે કૃપા આપશે કે, આપવા સમર્થ છે.
માત્ર આ Realityને આપણે નિરંતર ભાવનાથી
પરિપુષ્ટ બનાવવા જોઈએ અને પુષ્ટ જ દૃઢ - દૃઢતર -
દૃઢતમ, ઘન - ઘનતર - ઘનતમ બનાવવા જોઈશે અને
એ રીતે દૃઢ બનાવનારને ઉપાસના કરતી વખતે
External જેટલો જ આપોઆપ Inner ઉપર આવે.
આવા ઉપાસકને સદા - સર્વત્ર સિદ્ધાચલ + શંખેશ્વર છે.
આપણી જે હજુ અદૃઢતા છે, તે કારણે External
આલંબન લેવા માટે તે તે સ્થળે જવું જરૂરી બને છે,
પરન્તુ આદર્શ તો આજે એ રાખવાનો છે કે
દિશા અને કાળથી દૂર હોઈએ, ત્યારે પણ
પૂર્ણ સામીપ્યનો અનુભવ કેવી રીતે થાય?
આ પણ એક સાધનાનો વિષય છે.

દરેક સાધનાઓને પ્રકૃતિ તરફ પહોંચવા માટે
અમુક સમય લાગે છે, પરન્તુ જો તે મંડ્યો જ રહે,
તો કાળાંતરે પ્રકૃતિ તરફ અવશ્ય પહોંચે છે.

## સંભેદ ઉપાસના - અભેદ ઉપાસના

પરમાત્મા આકારોને ભિન્ન તથા અભિન્ન -
એમ ઉભય રૂપે ઉપાસી શકાય છે, જેમકે
શરીરનો દાહ કરી આપણે જ હોવા છતાં જ્યારે
દાહને જોઈએ છીએ, ત્યારે આપણે દૃષ્ટા અને દાહ
એક બળતરનો પદાર્થ હોય તેમ દૃશ્યરૂપે જોઈએ છીએ.
તે રીતે પરમાત્મા આપણા શુદ્ધ આકારને હૃદયાદિમાં
સ્થાપીને ભિન્ન પરમાત્મા રૂપે પણ ઉપાસી શકાય.
તેને 'સંભેદ ઉપાસના' કહી શકાય તથા
સોડહં ભાવથી અભિન્ન રૂપે તે જ ઉપાસનાને
'અભેદ ઉપાસના'નું નામ આપી શકાય.
આ રીતે ભિન્ન - અભિન્ન: ઉભયરૂપે ઉપાસી શકાય.
પ્રભુની પ્રતિમામાં પણ આ જ રીતે Realપણું છે
અને તે realપણાંની ઉપાસના કરવામાં આવે,
એટલે કે ભગવાન ઉભરાવાને માટે
સત્ય અને Real બની જાય છે.

આ Realityનું કુદરતી મહત્ત્વ એ છે કે
Externalપણે સિદ્ધ કરવામાં આપણું અસામર્થ્ય
હોય તો પણ ભગવાનને તો સર્વ તીર્થંકર ભગવંતો,
વિહરમાન જિનેશ્વરો અને તેમનાં સમવસરણ આદિ
સત્ અને Real બનેલાં જ રહે છે અને
એ રીતે એનું ફળ પણ એને મળે જ છે.
પરમાત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે.
શુદ્ધ ચૈતન્યમાં અનંત સામર્થ્ય છે અને
તે સામર્થ્ય ક્રિયાશીલ અર્થાત્ active જ હોય છે.
જરૂર છે આપણી, એમની તે ઉપાસના કરવાની.
જ્યારે Reality અત્યંત ઘન બને છે, ત્યારે તે
External objectને પણ સ્પર્શ કરે છે અને
એને પૂર્ણ રીતે સમર્પિત થવાય છે, ત્યારે
તેમનું યોગક્ષેમ કર્તૃત્વ પણ પૂર્ણ રીતે અનુભવાય છે.
આ Reality માન્યતારૂપ - beliefરૂપ કરતાં પણ
ઘણો જ વધારે પ્રભાવ લાવે છે.
આ Reality અનુભવરૂપ, સ્પષ્ટ Feelingરૂપ કે
સંવેદનરૂપ છે, માટે જ વિષયપ્રતિભાસ ઉપયોગ
અને તત્ત્વસંવેદન ઉપયોગમાં ફરક છે.

વિષયપ્રતિભાસમાં આકાર છે, પરન્તુ
આકારના સામર્થ્યને માનવાનું જ હોતું નથી, તો પછી
અનુભવવાની તો વાત જ ક્યાં રહી? તત્ત્વસંવેદનમાં જે
આકાર છે, તેને માનવાનો છે. એના સામાન્ય-સામર્થ્યની
Realityરૂપે અનુભવ લેવાનો છે.-Jambuvijayjee

પદાર્થના આકારને કેટલું મહત્ત્વ આપવું અને
કેટલું મહત્ત્વ ન આપવું, એના આધારે
એક જ વાત મિથ્યાદૃષ્ટિને વિષયપ્રતિભાસ અને
સમ્યગ્દૃષ્ટિને તત્ત્વસંવેદનરૂપ બની શકે છે. object
જેટલો Real છે, તેટલો જ અને તેના કરતાં પણ
અનેકગણો Real - બરોબર Ideal છે. Idealની મૂળ
ઉત્પત્તિ objectમાંથી થયેલ હોવાથી કેટલીક વાર
object ઉપર પણ Ideal અસર ઉપજાવે છે.
વશીકરણ, મારણ, ઉચ્ચાટન, મોહનાદિ પ્રયોગો તેના બળે
થઈ શકે. ચિત્તશક્તિ સૂક્ષ્મ હોઈને અધિક કાર્યક્ષમ છે,
એની ખબર ન હોવાથી ઉપાસનામાં બળ આવી શકતું નથી.
સ્થૂલ પદાર્થને તો જેટલો ઘાટ કે આકાર આપી શકાતો
હોય, તેટલો જ અપાય પણ સૂક્ષ્મને તો જેટલો-જેવો
આકાર આપવો હોય, તેટલો સરળતાથી આપી શકાય છે.

<u>વિશુદ્ધ ચૈતન્યની ઉપાસના શા માટે?</u>

વિશુદ્ધ ચૈતન્ય એજ પરમાત્મતત્ત્વ છે.
એ દેશ-કાળથી પર છે અથવા સર્વદેશ-સર્વકાળવર્તી છે,
માત્ર જરૂર છે એની અનુભૂતિ લેવાની અને કેળવવાની.
આપણો એ અપરાધ છે કે આપણે
ઉપાસનામાં idealની ઓછી શક્તિ માનીએ છીએ.
Scienceની દૃષ્ટિ ભૌતિકવાદમાં ઉપયોગી છે, કિન્તુ
અધ્યાત્મવાદમાં તો spiritual દૃષ્ટિ જ મુખ્ય છે.
Scienceની Heroworship મુખ્ય છે,
અધ્યાત્મની Divine worship જ ઉપયોગી છે.
પરમાત્માની Ideal Realityને ખૂબ જ
શક્તિશાળી, સ્પષ્ટ અને દૃઢ બનાવવા પડશે.
નામમાત્ર પૂજા ઉપાસનાને ઉપયોગી બનાવવું પડશે.
Science અને philosophy -
એ બે વચ્ચે મૂળભૂત ફરક આટલો જ પડે છે.
પ્રભુને આપણે સ્પષ્ટપણે તથા Real અનુભવીશું,
તો જ તે ઉપાસના ફળવતી બનશે.
બધી ઉપાસના વિશુદ્ધ ચૈતન્યની છે,
તેને જ જુદા જુદાં નામ-રૂપ વડે ઉપાસવાનું છે.

ભગવાનના અતિશયો અને સમવસરણાદિ
કેવળ બાહ્ય પદાર્થરૂપે નહિ પણ અતિભવ્યાતિભવ્ય
ભાવનાઓરૂપ છે, તેથી બાહ્યાર્થ કરતાં તે ઘણું જ
વધારે પરમાર્થરૂપ છે, પરમ પરમાર્થરૂપ છે.
આપણા માટે એ પદાર્થો
માત્ર સત્ નહીં પણ પરમ સત્ છે.
આમ Ideal Reality આપણને સાધના - પ્રગતિ -
ઉન્નતિમાં અત્યંત ઉપયોગી છે, પરમ આવશ્યક છે.
ચેતનાનાં આકારો દ્વારા સ્વચેતનાને સુધારવાની છે.
ચેતનાની પરમ શુદ્ધ દશા - તે જ પરમાત્મતત્ત્વ છે.
આપણે પોતે ચૈતન્યના જ બનેલાં છીએ.
આપણો દેહ તો બાહ્ય બંધન છે,
પરમાત્મા આપણી અંદર - ભીતર બિરાજમાન જ છે,
માત્ર જરૂર છે એની અનુભૂતિ લેવાની - તેને જગાવવાની.
આપણને આપણામાં ચેતનરૂપતા કરતાં દેહરૂપતાની
અનાદિ ભ્રાંતિ છે. આ દેહાધ્યાસને દૂર કરવા માટે જ
પરમાત્માની અનુભૂતિમાં આપણે રહેવાનું છે અને એ
વિશુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ - સર્વવ્યાપી છે,
સર્વ કરુણાદિ ગુણો અને સર્વ શક્તિથી સમેત છે.

## તાત્ત્વિકી ઉપાસના કઈ રીતે થાય ?

આ પરમાત્માને આપણે જો really પાસે જ - ચારે તરફ બિરાજમાન, સર્વગુણસંપન્ન, સક્રિય અને active-dynamic આપણા રક્ષક અને ઉદ્ધારક પરમ દયાળુ તરીકે સમજીને ભજવાનું રાખીને ચાલીએ, તો સક્રિય રૂપે આપણું ત્રાણ તથા શરણ થાય છે, જેથી આપણો ઉદ્ધાર થાય છે. સૂક્ષ્મને જો આપણે સ્થૂલને જેટલો real પદાર્થ માનીએ છીએ, તેટલો જ રાખીને બને તો સ્થૂલ કરતાં પણ વધારે Real માનીને Feeling રૂપે અનુભવીએ, તો જ ઉપાસના તાત્ત્વિકી બને છે. અરિહંત પરમાત્માનું વિવેચન પણ આપણે પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ જ કરીએ છીએ, કે જે ઉપાસનામાં બાધક થાય છે.

## આપણા ઉપાસનામાં કેમ પ્રાણ પુરાતો નથી ?

આપણે સદા એવા એકાંતિક વિચારો અને એકાંતિક સંસ્કારોથી ટેવાઈ ગયાં છીએ કે : કેવળજ્ઞાન થયાં પછી નિરંજન-નિરાકાર ભગવાનમાં કરુણાદિ કશું જ નથી હોતું. તથા મોક્ષમાં ગયા પછી તેમને કાંઈ કરવાનું જ નથી! આ જ કારણે આપણા ઉપાસનામાં પ્રાણ પુરાતો નથી.

આપણો ઉપાસના માર્ગ Ideal Reality આધારિત છે,
તેમાં Space & timeનો ઉલ્લેખ ગૌણ છે. મુખ્ય
સંબંધ ગુરુ અને ચૈતન્યમાં ઓતપ્રોત થવું તે છે,
સ્વત્વ છોડીને શરણે જવું તે છે.

Ideal પરમાત્મા પુરુષોત્તમ સચ્ચિદ - શરણ્ય - સર્વજ્ઞ છે.
'ભગવાન મારા જીવનને આધાર આપવા સમર્થ છે'
એમ માનવાથી સદા આધારપણાંનો અનુભવ થશે,
દૈન્ય અને ભય ચાલ્યાં જશે તથા આનંદ અનુભવાશે.

સમાધિ = સહજ સ્વરૂપમાં આત્માની સ્થિરતા.

શુભ ભાવના અને સદ્ગુણોમાં ઓતપ્રોત બનવાથી
ચિત્ત નિર્મળ થતાં પ્રસન્ન ચિત્તથી પરમાત્મસ્વરૂપના
ચિંતનમાં સ્થિરતા - તન્મયતા આવતાં સહજ સમાધિ
પ્રગટીને અતીન્દ્રિય અલૌકિક આનંદનો આસ્વાદ મળે છે.
યમ તથા નિયમના પાલનથી ચિત્ત નિર્મળ બને છે,
આસન - પ્રાણાયામ - પ્રત્યાહારના અભ્યાસથી કોઈ
એક વિષયમાં સ્થિરતા થાય છે, તેનું રૂપ ધારણા છે.
ધારણાથી ધ્યાન અને ધ્યાનથી સમાધિ સિદ્ધ થાય છે.
તત્ત્વચિંતન તે અધ્યાત્મ, તેનો વારંવાર અભ્યાસ તે
ભાવના, તે તત્ત્વનું ચિન્તન વધુ સૂક્ષ્મ બનતાં ધ્યાન,

ધ્યાનનું ફળ સમતા અને તેનું ફળ રાગ-દ્વેષની સૂક્ષ્મ વૃત્તિઓનો પણ સંક્ષય અને તેના ફળરૂપે કેવળજ્ઞાન. ત્યાર બાદ પરિસ્પંદાદિક વૃત્તિઓનો પણ ક્ષય થતાં જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. સંક્લિષ્ટ વૃત્તિઓનો નિરોધ તે સંપ્રજ્ઞાત અને સંક્લિષ્ટ-અસંક્લિષ્ટ બંનેનો નિરોધ તે અસંપ્રજ્ઞાત યોગ છે, જે મોક્ષનું અનંતર કારણ છે.

## ક્ષાયિક સમાધિ પામવાનો રાજમાર્ગ

ક્રોધાદિ કષાયોના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષયથી અનુક્રમે ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક સમાધિ પ્રાપ્ત થાય. વિષય-કષાયની પરિણતિ શાંત થયે સમાધિ પ્રગટે છે. વિભાવ = કર્મકૃત પરિણતિ. સ્વભાવ = જ્ઞાનગુણરમણતા. સમાધિ પામવાનો રાજમાર્ગ એ કે જડ પુદ્ગલ પ્રત્યેની આસક્તિ તજી સ્વભાવ પ્રત્યે આસક્તિ કેળવવી. નિશ્ચયથી આત્મા જ પરમ દેવ-ગુરુ-ધર્મ-તત્ત્વ છે. શિવ, શંકર, વિષ્ણુ, સ્વયંભૂ, પરમ બ્રહ્મ પણ તે છે.

સંજોગમૂલા જીવેણ પત્તા દુક્ખપરંપરા ।
તમ્હા સંજોગ - સંબંધં સવ્વં તિવિહેણ વોસિરિયં ॥

સમજૂતિ: સંયોગના કારણે જીવો દુઃખની પરંપરા પામે છે, તેથી સર્વ સંયોગના સંબંધો ત્રિવિધે વોસિરાવું છું.

## અનંત ભવભ્રમણ શાથી ?

પ્રકૃતિ કર્મવશે એવા એવા સંયોગો આવી મળે છે,
જેમાંના કેટલાક રાગની લાગણી જન્માવે છે અને
કેટલાક સંયોગો દ્વેષની લાગણી પ્રગટાવે છે.
એ રીતે જીવ રાગ-દ્વેષને વશ થઈ અનંત કર્મો ઉપાર્જે,
જીવનું અનંત ભવભ્રમણ વધારી મૂકે છે.
તત્ત્વદૃષ્ટિએ ઇંદ્રજાળ અને સ્વપ્ન સમ આ સંયોગો
મોહમૂઢ આત્માને રાગી-દ્વેષી બનાવી કર્મબંધનમાં જકડે છે.
નશ્વરને શાશ્વત માનવા તે ભ્રમણા છે અને
તેમાં આસક્તિ કરવી, તે ભવભ્રમણને વધારનાર છે.
કાળનું જોર વિનશ્વર શરીર ઉપર ચાલે છે, પરન્તુ
અવિનશ્વર આત્મા ઉપર નહિ જ. સ્વરૂપથી સર્વ
આત્માઓ એક છે અને સત્તાથી સૌ સિદ્ધ સમ છે.
oneness of all & sameness of purpose.
કાંચળીના ત્યાગથી જેમ સર્પનો નાશ નથી,
તેમ દેહના ત્યાગથી આત્માનો નાશ થતો નથી.
આત્માનુભવ એ જ મોક્ષનું પ્રધાન સાધન છે.
'આત્મા શાંતસુધારસનો કુંડ, જ્ઞાનાદિ ગુણરત્નોની ખાણ,
અનંત સમૃદ્ધિનો ભંડાર તથા શિવમંદિરનું સોપાન છે,'

એ રીતે વિચારી પરપરિણતિને છોડી આત્મપરિણતિમાં રમણ કરવું, એજ પરમાર્થ છે. શુદ્ધ સ્વરૂપમાં અત્યંત સ્થિરોપયોગ થવાથી અતિશય નિર્મળતા પ્રાપ્ત થાય છે, તે નિર્મળ ધ્યાનમાં લીન બનવાથી નિર્વિકલ્પ રસાસ્વાદનો અનુભવ થાય છે.

'ધ્યાન દ્રવ્ય સાધર્મતા, તેહી કરી એક સ્વરૂપ;
ભેદભાવ ઇહાં મેં નહીં, એહવો ધ્યાન રૂપ.'

પરમાત્માના નિર્મળ ગુણપર્યાયનું ચિન્તન કરવાથી જ્યારે ઉપયોગ નિર્મળ બને, ત્યારે નિજસ્વરૂપનું ફરી સ્થિરતાપૂર્વક ધ્યાન કરવું. મૂળ ધ્યાનદ્રવ્યની સમાનતા હોવાથી સર્વ જીવોનું સ્વરૂપ એકસરખું છે.

Similarity of substance.

અરિહંત પરમાત્માનું ધ્યાન એજ આત્માનું ધ્યાન છે અને એજ પરમનિધાન છે. આત્મચિન્તન એજ પરમ જ્ઞાન છે, પરમધ્યાન છે, પરમજ્યોતિ છે, પરમફળને પ્રગટ કરવાનું પરમસાધન છે, માટે વારંવાર સ્વરૂપધ્યાનમાં તન્મય બનવું જોઈએ. નિર્મળ સ્ફટિક જેવો આત્માનો શુદ્ધ સ્વભાવ એજ નિશ્ચયથી વાસ્તવિક ધર્મ છે, અહિંસાદિ તેનાં સાધન છે, તે વ્યવહાર ધર્મ છે.

પરમર્ષિ સ્વરૂપાદિ પણ નિશ્ચયધર્મનાં હેતુ હોવાથી
વ્યવહારથી ધર્મ કહેવાય છે.

નિશ્ચયધર્મ એ સાધ્ય - વ્યવહારધર્મ એ સાધન છે.

## કેવળલક્ષ્મીનું નિધાન ક્યાં છે?

આત્માના સહજ સ્વરૂપના દર્શનથી જન્મ - મરણના દુ:ખો મટી જાય છે. આપણું સહજ સ્વરૂપ આપણી જ પાસે છે, આપણા આત્મમંદિરમાં અમૂલ્ય નિધાન રહેલું છે, તેથી પરની આશા અથવા યાચના કરવાની જરૂર નથી. નિજસ્વરૂપને જાણ્યા વિના જીવ સંસારમાં ભમે છે. જે નિજસ્વરૂપને જાણી લે, તે ભવસાગરનો પાર પામે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણ છે, કેવળલક્ષ્મીનું નિધાન છે. આ અસાર સંસારમાં એક જિનધર્મ જ સારભૂત અને સુખદાયક છે, કેમકે તે સ્વરૂપને સમજાવે છે. તીર્થંકર પરમાત્મા ભાવનિક્ષેપે માર્ગદર્શક છે અને નામ - આકૃતિ અને દ્રવ્ય વડે તે માર્ગરૂપ પણ છે. સમવસરણસ્થ જિનેશ્વરની વાણી જેમ નિર્મળ ભાવને ઉત્પન્ન કરીને કર્મમેલને ધુએ છે, તેમ તેમની પૂર્વોત્તર અવસ્થા, આકૃતિ, નામ પણ તેના અવલંબનકારના હૃદયે પરમ વિશુદ્ધ ભાવ જન્માવી નિર્મળતા પ્રગટાવે છે.

પરમપુરુષ પરમાત્મા પ્રભુના ચારે સ્વરૂપો દ્વારા ભવ્ય જીવોને ભવકૂપ-કર્મકૂપમાં સદા આલંબનભૂત બને છે.

સમ્યગ્દર્શન = પ્રભુનું તાત્ત્વિક દર્શન. સમ્યગ્જ્ઞાન = દર્શનગુણ અને ચારિત્રગુણના પ્રાપ્તિનું સાધન અને સમ્યક્ચારિત્રગુણ = પ્રભુ સાથે સાક્ષાત ભાવમિલન.

## આગમપુરુષના પાંચ અંગ

વૃત્તિ, ભાષ્ય, ચૂર્ણિ, નિર્યુક્તિ અને પરંપરાગત અનુભૂતિ.

## પરમાત્મસ્વરૂપે આગમનું ધ્યાન

આત્મસત્તામાં રહેલ પરમાત્મતત્ત્વને પ્રગટ કરે છે.

આગમના અભ્યાસથી શબ્દબ્રહ્મનું ભાન થાય છે.

શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચક છે. તેના બોધથી અનુભવજ્ઞાન પ્રગટે અને સ્વસંવેદ્ય અનુભવથી પરબ્રહ્મ પ્રાપ્ત થાય છે. પશ્યંતી વાણી વડે માનસજાપ - કાયોત્સર્ગાદિ થાય છે. પરાવાણીમાં ધ્યાતા - ધ્યેય - ધ્યાનની એકતા અનુભવાય છે. વૈખરી વાણી વડે સ્તુતિ - સ્તોત્રાદિ અને મધ્યમા વાણી વડે ઉપાંશુ જાપ થાય છે. આમ નામઅરિહંતના સ્મરણ, ચિંતન, ધ્યાનથી ભાવઅરિહંતરૂપ આત્મદર્શન થાય. મૂર્તિ = અરિહંતનું સાકાર સ્વરૂપ. મૂર્તિ જ્યોતિરૂપ છે, જ્યોતિ ભાવમય - ભાવ આત્મમય. તત્ત્વથી ત્રણેની એકતા.

## ચૈત્ય, કુલ, ગણ કે સંઘની ભક્તિ શું કરે ?

તીર્થરૂપ ચતુર્વિધ સંઘનું દર્શન - મિલન - પૂજન એ
તીર્થંકર ભગવંતનું જ દર્શન, મિલન અને પૂજન છે.

નિરાશંસ ભાવે કરેલ સંઘભક્તિ
તીર્થંકરપદની પ્રાપ્તિ કરાવે છે. 'ઉપદેશપદ'માં કહ્યું છે:

જે આરાધક આશંસારહિત થઈ
ચૈત્ય, કુલ, ગણ કે સંઘની ભક્તિ કરે છે,
તે પ્રત્યેક બુદ્ધ, ગણધર અને તીર્થંકરપદને પામે છે.

સંઘભક્તિ આજ્ઞાપાલનરૂપ હોવાથી ચિત્તવિશુદ્ધિ થાય,
તે ચિત્તમાં તીર્થસ્થાપક તીર્થંકર સાથે સમાપત્તિધ્યાન થાય.
સમાપત્તિ = તન્મયતા. તે ધ્યાતા - ધ્યેય - ધ્યાનની એકતા
રૂપ હોઈ આત્મસાક્ષાત્કારનું સાક્ષાત્ કારણ બને છે.

**સાધકને અરિહંતપ્રભુનો વિરહ હોતો નથી, કારણ કે...**

અરિહંતના વિરહમાં ય અરિહંતના ગુણોમાં ઉપયોગવાળા
સાધકના હૃદયમાં ઉપયોગરૂપે ભાવઅરિહંત વર્તે છે.
અરિહંત પદની આરાધનાની જેમ સિદ્ધ આદિ પદોની
આરાધના વડે પણ તીર્થંકર નામકર્મ બંધાય છે, કેમ કે
તે પદો પણ સાક્ષાત્ યા પરંપરાએ અરિહંતસ્વરૂપ છે
યા સર્વ પદો અરિહંત પદને પમાડનારા હોવાથી પણ
અરિહંતસ્વરૂપ છે.

કેવા અપૂર્વ ભાવથી આત્માને ભાવિત કરવો ?

અરિહંત પરમાત્માનું નામ, મૂર્તિ, વાણી કે ચતુર્વિધ સંઘ
પણ કથંચિત્ અરિહંત સ્વરૂપ હોવાથી નામનું સ્મરણ,
મૂર્તિનું દર્શન, વાણીનું શ્રવણ કે સંઘનું મિલન અહીં
સાક્ષાત્ અરિહંતનું જ દર્શન અથવા મિલન થયું છે,
એવા અપૂર્વ ભાવથી આત્માને ભાવિત કરવો જોઈએ.
ભાવથી ભાવની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે.
જ્ઞાનજ્યોતિથી દેદીપ્યમાન પરમાત્મા સાથે ભાવથી તન્મય
બનેલો અંતરાત્મા પરમાત્મજ્યોતિને પ્રાપ્ત કરે છે.

લોગસ્સ સૂત્ર દ્વારા નામજિન,
અરિહંત ચેઈઆણં સૂત્ર દ્વારા સ્થાપનાજિન,
સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર દ્વારા દ્રવ્યજિન અને
શક્રસ્તવ સૂત્ર દ્વારા ભાવજિનની આરાધના થાય છે.

શરીરસ્થ - છદ્મસ્થ અવસ્થામાં રહેલાં અરિહંતોનું ધ્યાન
તે પિંડસ્થ ધ્યાન છે, નામના અક્ષરો વડે પદસ્થ ધ્યાન
અને કેવળી અવસ્થામાં રૂપસ્થ ધ્યાન થાય છે.
સિદ્ધાવસ્થાના ધ્યાન દ્વારા રૂપાતીત ધ્યાન થાય છે.
સિદ્ધસ્વરૂપની ભાવનામાં ધ્યાતા તન્મય બને, ત્યારે સિદ્ધ
પરમાત્મા સમ આત્માને નિરંજન - નિરાકાર અનુભવે છે.

## ૪ પ્રકારના ધ્યેય

(૧) નામધ્યેય : અભિધેય પદાર્થનું વાચકપદ તે નામ. તે આદિ, મધ્ય, અંત - સકલ વાઙ્મયમાં વ્યાપીને રહેલું છે. નામધ્યેય = જ્યોતિર્મય અરિહંતના નામનું હૃદયમાં ધ્યાન. અકારથી હકાર સુધીના અક્ષરો ઉભયલોકના ફળને આપનારા પરમ શક્તિશાળી મંત્રો છે, તેનું મૂલાધારાદિ ચક્રોમાં ધ્યાન કરવું, તે પણ નામધ્યેય - પદસ્થ ધ્યાન છે.

(૨) સ્થાપનાધ્યેય : અભિધેય પદાર્થની આકૃતિ - પ્રતિમા - બિંબને સ્થાપના કહે છે. શાશ્વતા અથવા અશાશ્વતા જિનબિંબોનું ધ્યાન એ રૂપસ્થ ધ્યાન છે.

તેમાં મૂર્તિનું આલંબન મુખ્ય છે.

(3) દ્રવ્યધ્યેય: ચેતન - અચેતન બાહ્ય પદાર્થોનું ધ્યાન.

ગુણ તથા પર્યાયનો આધાર તે દ્રવ્ય છે.

પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્ત છે.

વિવક્ષિત સમયે દ્રવ્ય ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયનો નાશ થાય છે અને દ્રવ્યપણે ધ્રુવ - કાયમ રહે છે. એમ વિચારવું દ્રવ્યધ્યેય છે કે : જળમાં જળતરંગોની જેમ અનાદિ - અનંત એવા જડ - અજડ દ્રવ્યોમાં સ્વપર્યાયો ઉત્પન્ન થાય - તેમાં જ વિલય પામે છે.

(૪) <u>ભાવધ્યેય</u> : સર્વ દ્રવ્યોનો જ્ઞાતા આત્મા જ છે, તેથી જ્ઞાનસ્વરૂપ આત્માનું ધ્યાન કરવું અને પંચ પરમેષ્ઠિઓનું ભાવ નિક્ષેપ દ્વારા થતું ધ્યાન - એ ભાવધ્યેય છે.

ધ્યેયતુલ્ય ધ્યાન પદ્ધતિ તે ભાવધ્યેય છે.

ધ્યેયના બળે ધ્યાતા જ્યારે પોતાનું દેહભાન ભૂલીને ધ્યેયસ્વરૂપમાં તન્મય બને છે,

ત્યારે તે ધ્યેય સ્વરૂપને પામે છે,

તે સમરસીભાવ અથવા એકીકરણ એ જ ભાવધ્યેય છે.

<u>પદસ્થમાં નામધ્યેય, રૂપસ્થમાં સ્થાપનાધ્યેય, પિંડસ્થમાં દ્રવ્યધ્યેય, રૂપાતીતમાં ભાવધ્યેયનો મુખ્યત્વે ઉપયોગ છે.</u>

<u>સહજ</u> સમાધિ = આત્મ-સમાધિ.

સિદ્ધના સ્વરૂપના ધ્યાનની એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે પ્રથમ પિંડસ્થ - પદસ્થ - રૂપસ્થ ધ્યાન દ્વારા અરિહંત પરમાત્માનું આલંબન ધ્યાન કરવાથી રાગ-દ્વેષની ગ્રંથિ છેદાઈ જાય છે, દેહાધ્યાસ છૂટી જાય છે અને અસંગદશાને પામેલા યોગીના બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ પામે છે.

બ્રહ્મરન્ધ્રને સિદ્ધશિલા કહો

આત્માને સિદ્ધ સમાન માની ધ્યાન કરવાથી અપૂર્વ આનંદની અનુભૂતિ થાય છે.

## મહાસમાધિ એટલે...

સત્તાએ તો સર્વ જીવો સિદ્ધની જ સમાન છે અને નિત્ય ઉઘાડા ૮ રૂચક પ્રદેશોમાં આત્માને સિદ્ધ સમાન જાણી મસ્તક સ્થાને રહેલાં અનંત સિદ્ધોની સિદ્ધતારૂપી મહાસાગરમાં એકમેક મળી જઈ અસંગતાપણાને પામવી તે. મનુષ્ય દેહના આકાર સાથે લોકની સરખામણી કરતાં

મસ્તક સ્થાને સિદ્ધશિલા આવે છે.

ઉપર રહેલાં તે અનંત સિદ્ધોના નિર્મળ સ્વરૂપનું ચિન્તન કરવાથી ધ્યાનમાં તન્મયતા સિદ્ધ થઈ શકે છે.

સુદ્ધાઇદસહાવો કેવલસણ્ણાણદંસણાણંદો ।

જો ચેવ ય પરમપ્પા સો સિદ્ધપ્પા ણ સંદેહો ॥ અર્થાત્‌: રૂપાતીત સ્વભાવવાળા, કેવળજ્ઞાન - દર્શન - આનંદમય પરમાત્મા છે, તે જ સિદ્ધાત્મા છે. જેમના ધ્યાનમાં તન્મય બનવાથી આત્મા પણ સિદ્ધ બને છે, તે નિઃસંદેહ છે. ભેદનયની અપેક્ષાએ સંસારી - મુક્ત, બે અવસ્થા છે. પરન્તુ અભેદનયે એમ નથી. દ્રવ્યાર્થિકનયે ત્રિકાળવર્તી સર્વ પરમાત્મા એક જ છે. દલતયા પરમાત્મા એવ જીવાત્મા ॥ દ્રવ્યથી જીવાત્મા એ પરમાત્મા જ છે. સિદ્ધ પરમાત્માને પ્રગટ રૂપ છે, તે સંસારી જીવોને

અપ્રગટરૂપે સત્તામાં રહેલું છે. આત્મસ્વરૂપમાં સ્થિરતા મેળવવા પરમાત્મસ્વરૂપનું જ્ઞાન - ધ્યાન સહાયક છે.

તે પરમાત્મસ્વરૂપ વચનબુદ્ધિ અગોચર છે,
અવ્યક્ત, અનંત અને નિર્વિકલ્પ છે, માટે
મનને વિકલ્પરહિત બનાવી તેમનું ધ્યાન કરવું જોઈએ.

देवो भूत्वा देवं यजेत् । अर्थात्:

દેવની પૂજા દેવ સદૃશ બનીને જ થઈ શકે છે.

'જેમના કેવળજ્ઞાનના અનંતમા ભાગમાં પણ અનંત દ્રવ્ય - પર્યાયથી ભરેલાં લોકાલોક જ્ઞેયરૂપે સ્થિર છે અને જે અહીં લોકના ગુરુ છે' આ રીતે ચિંતન કરતો સાધક મનને સિદ્ધસ્વરૂપમાં સ્થિર બનાવી, તેમના ગુણસ્મરણથી પ્રસન્ન થઈને સિદ્ધસ્વરૂપને સિદ્ધ કરવા માટે આત્માને આત્મા દ્વારા આત્મામાં જ તન્મય બનાવવા પ્રયત્ન કરે છે. બાહ્યભાવોથી અગ્રાહ્ય છતાં અંતરંગભાવોથી ગ્રાહ્ય થઈ શકે એવું સિદ્ધસ્વરૂપ છે. જેના અલ્પકાળના ધ્યાનથી પણ ભવ્યાત્માઓની ભવરૂપી વ્યાધિ દૂર થઈ જાય છે. આમ વારંવાર સિદ્ધસ્વરૂપના સ્મરણ દ્વારા ભાવસિદ્ધસ્વરૂપના આલંબક યોગી ગ્રાહ્ય-ગ્રાહકભાવ રહિત થઈ તન્મયતા સિદ્ધ કરે છે.

તન્મયતા સિદ્ધ થતાં એવો વિભ્રમ રહેતો નથી કે:
'હું ગ્રાહક અને પરમાત્મા ગ્રાહ્ય'.
જ્યારે જ્યારે અભેદભાવે પરમાત્મામાં ભળતા જાય,
ત્યારે ત્યારે સાધકમાં સમરસીભાવ પ્રકટે છે.
આત્મા અને પરમાત્માની એકતાને તે ભાવ
સિદ્ધ કરતો હોવાથી 'એકીકરણ' પણ કહેવાય છે.
આવા એકીકરણ - સમરસીકરણ વડે પરમાત્મસ્વરૂપમાં
જેઓ તલ્લીન બને છે, તેઓ તાદાત્મ્યભાવે રહેલા
સિદ્ધતાને પ્રકટાવી સિદ્ધસ્વરૂપી બને છે.

## શાંતિની શક્તિનું માહાત્મ્ય

રોષની એક મોટી શક્તિ છે, તેમ
તેની સામે તેનાથી પણ બળવત્તર એક શક્તિ છે,
જેનું નામ છે 'ઉપશમ', તે શાંતિની શક્તિ છે.
શમ દ્વારા જ રોષનો સાચો પ્રતીકાર થઈ શકે છે.
ક્ષમાશક્તિ અને અહિંસાશક્તિના
અપાર બળનો અનુભવ કરવો, એમાં જ
માનવભવનું - જન્મનું સાર્થક્ય - અદ્‌ભુત સાફલ્ય છે.
૦ સમજે તે પ્રમાણે વર્તે, તે ભાગ્યશાળી છે.
ઉત્તમ શિક્ષક પ્રથમ માતા, પછી પિતા, અંતે આચાર્ય.

બહિરાત્મભાવ એટલે...

હું દેહ છું, ધન - સ્વજનાદિ મારાં છે, એવી વૃત્તિ.

અંતરાત્મભાવ એટલે...

હું આત્મા છું, શરીરાદિનો સાક્ષી માત્ર છું, એવી વૃત્તિ.

પરમાત્મભાવ એટલે... જ્ઞાનાનંદમય આત્મા.

પ્રવચનઅંજન એટલે... શાસ્ત્રનું ગૂઢ રહસ્ય.

આત્માર્પણ એટલે... બહિરાત્મભાવને તજી અંતરાત્મભાવમાં સ્થિર થઈ નિત્ય પરમાત્મભાવથી ભાવિત થવું.

બહુશ્રુત એટલે... કાનથી સાંભળીને થયેલ જ્ઞાની.

wellread એટલે... આંખથી વાંચીને થયેલ વિદ્વાન.

વાંચવાથી આંખને નુકસાન થવાનો સંભવ છે પણ સાંભળવાથી કાનને નુકસાનનો કે થાકનો સંભવ નથી, માટે Wellreadની અપેક્ષાએ બહુશ્રુતપણું એ પ્રશસ્ય છે.

દયાળુ આત્મા અહીં પોકારે છે કે:

'મારા દુઃખમાં કોઈ ભાગીદાર થતું નથી,
એનું મને એટલું દુઃખ નથી કે જેટલું હું
બીજાના દુઃખમાં ભાગીદાર થઈ શકતો નથી, એનું છે.
મારું એકલાનું જ દુઃખ હું ભોગવી શકું છું પણ
બીજા બધાનું નહિ, એનું મારે મન ભારે દુઃખ છે.'

ચેતનાની મહાશક્તિને માણો ૐ 1-3-75

આમ તો તમને અસંખ્ય આશિષ મળેલાં છે, પરન્તુ એ સહુમાં સૌથી વધારે મહાન વરદાન છે તમારું જીવન. આ ધરતી પરના તમારા અસ્તિત્વમાં સચ્ચિદ્‌સ્વરૂપી આનંદ અને શુભ સામર્થ્યનો અનંત વિસ્તાર પથરાયેલો છે, તમારી જાતને નાની ન માનશો. તમારામાં જ રહેલું ઈશ્વર તત્ત્વ તમારી ઓળખાણની રાહ જુએ છે. તમારી ઈચ્છા, બુદ્ધિ, વિચાર, ભાવના, અનુભૂતિઓને આ દૈવતત્ત્વમાં નિયોજિત કરો. કદી ભયભીત ન થશો, ગભરાશો નહિ. પરમપાવન જીવનભાગીરથી તમારી અંદર જ વહે છે.

૦ શેરડીના કઠોર લાગતાં સાંઠામાં જેમ મધુર રસ હોય, એવી રીતે તમારામાં જીવનની ચેતના છલકાઈ રહી છે. અંદર ઉતરીને એનો પરિચય કરો, એની મહાશક્તિને માણો, પછી વિશ્વની તમામ કડવાશ ઓગળી જશે, પરન્તુ અવિચળ અંદરના આ ચેતનમાધુર્યને ચાખો તો ખરા. જડ બની બેસી ન રહો, આંતરચેતનાને બહાર પ્રગટાવો. આપણે જડ નહિ, ચેતન માનવ છીએ, માટે દીપકની જેમ પળે પળે અધિક પ્રજ્વલિત થઈ આત્મપ્રકાશ મેળવો. તમારી જાતને બદલતાં રહો, ક્ષણે ક્ષણે બદલતાં રહો.

## જ્ઞાનીના સંગનું વર્ણન

જે ભગવાનમાં રમી રહ્યા છે, તે જ્ઞાની.

સંગ જ્ઞાની અથવા આત્માર્થીનો જ કરવો.

આપ્તપ્રણીત શાસ્ત્રોનો અભ્યાસ,

સ્વાધ્યાય, સૂત્રાર્થ ચિન્તન કરવાથી મનનો વિક્ષેપ ટળે

અને મોક્ષસાધનાનો ઉત્સાહ વધે છે.

'ઉપમિતિ ભવપ્રપંચ કથા'માં કહ્યું છે કે:

(१) तस्मादेतेऽपि मूर्छन्ति भगवद् बिंबेषु । અર્થાત્:

કારણકે આ મુનિઓ બહુ પ્રભુપ્રતિમામાં મોહ પામે છે,

(२) रज्यन्ति स्वाध्यायकरणेषु ।

સ્વાધ્યાય કરવામાં રાગી થાય છે,

(३) स्निह्यन्ति साधर्मिकजनेषु ।

સાધર્મિકજનો વિષે સ્નેહ કરે છે,

(४) प्रीयन्ते सदनुष्ठानेषु ।

સદ્અનુષ્ઠાનમાં ખુશ થાય છે,

(५) तुष्यन्ति गुरुदर्शनेषु ।

ગુરુદર્શનમાં તુષ્ટ થાય છે,

(६) हृष्यन्ति सदर्थोपलम्भेषु ।

સદ્અર્થના લાભમાં હર્ષ પામે છે. -ઉપમિતૌ।

## પ્રવચન માતાનું સ્વરૂપ

પ્રવચન = દ્વાદશાંગી. તેના આધારભૂત છે શ્રમણસંઘ.
શ્રમણસંઘની જનેતા એટલે આઠ પ્રવચન માતા અર્થાત્
પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું અખંડપણે પાલન.
પ્રવચન માતાની ઉપેક્ષા કરનાર સાધુ એ સાધુ નથી,
શ્રાવક એ શ્રાવક નથી. પ્રવચન માતાને આશ્રિત રહેલ
સાધુને ભવનો ભય હોતો નથી અથવા ચારિત્રરૂપી
શરીરને ઉત્પન્ન કરનાર હોવાથી તે માતાના સ્થાને છે.

પ્રવચન માતાનું પાલન ચારિત્રને
ઉત્પન્ન કરે છે, પાલન કરે છે અને શોધન કરે છે.

ગુપ્તિ એ ઉત્સર્ગમય છે અને
સમિતિ એ અપવાદમય - વ્યવહારમય છે.

મનોગુપ્તિ એ સાધ્ય છે, શેષ સાત તેનાં સાધન છે.

ધર્મશ્ચિત્તપ્રસત્તિ | કર્મ રૂપી મળના નાશથી
નિર્મળ અને પુષ્ટ બનેલું ચિત્ત એજ ધર્મ છે.

શાંતિ = ઉપદ્રવોનું શમન. તે અર્થે ૧૨ પ્રકારના તપ
કહ્યા છે, જેનાં ઉપવાસથી ત્રિવિધ લાભ થાય છે:
પહેલો આધ્યાત્મિક, બીજો શારીરિક, ત્રીજો આર્થિક.

'જગમાત્ર દયાપાત્ર, વિશ્વમાત્ર વૈરાગ્યપાત્ર.'

કૃષ્ણાદિ વર્ણવાળાં પુદ્ગલવિશેષથી
જે પરિણામ થાય છે, તેને 'લેશ્યા' કહેવાય છે.

આત્માનું સહજ રૂપ સ્ફટિક સમાન નિર્મળ છે.

ચિન્તનીય વિષયમાં મનને એકાગ્ર કરવું, તે ધ્યાન છે.
દુઃખ કે પીડાનું ચિન્તન મુખ્ય હોય, તે આર્તધ્યાન.
હિંસા, ક્રોધ, વૈરાદિનું ચિન્તન મુખ્ય હોય, તે રૌદ્રધ્યાન.
જિનેશ્વરે કહેલા ધર્મનું ચિંતન મુખ્ય હોય, તે ધર્મધ્યાન.
આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણતા હોય, તે શુક્લધ્યાન.
શુક્લ લેશ્યાવાળા જીવને આર્તરૌદ્ર ધ્યાન ન હોય, કિન્તુ
તેવા જીવોને શુભ એવું ધર્મ-શુક્લ ધ્યાન જ હોય.

ભૂતાર્થનયથી જાણવું એટલે...
નવતત્ત્વોમાં અનુગત એક આત્મતત્ત્વનું દર્શન કરવું તે,
કેમકે નવેતત્ત્વ એક આત્મતત્ત્વના જ વિશેષ પર્યાયો છે.

નવ તત્ત્વોમાં અનુગત એક આત્મતત્ત્વ
મન અને વચનથી અગોચર તથા નિર્વિકલ્પ છે, તેથી
મૌન દ્વારા જ તે ગ્રાહ્ય છે.

ભૂતાર્થનયથી જાણેલા જીવાદિ નવ તત્ત્વો એજ સમ્યક્ત્વ.

આત્માના સ્પર્શ વિનાનું શાસ્ત્રજ્ઞાન એ બાલશ્રુત છે
અને વ્યવહારચારિત્ર એ બાલચારિત્ર છે.

વ્યવહારસમ્યક્ત્વ એ નિશ્ચયસમ્યક્ત્વનો હેતુ છે.
વિશુદ્ધાત્મા સાધ્ય છે અને અહિંસા, દયા, દાનાદિ તેના
સાધન છે. સાધ્ય તથા સાધન - બંને મહત્વના મોક્ષ છે.
યત્રૈવાહિતધીઃ પુંસઃ શ્રદ્ધા તત્રૈવ જાયતે ।
યત્રૈવ જાયતે શ્રદ્ધા ચિત્તં તત્રૈવ લીયતે ॥ (પરિશિષ્ટ-૬)
આહિત ધીઃ = સ્થિર બુદ્ધિ, બુદ્ધિની સ્થિરતા.
નિઃશંક માટે નિર્ભય, નિષ્કાંક્ષ માટે નિઃસ્પૃહ.
અપ્પાણં મુણદિ તિણમેત્તં । પોતાને પોતાને તૃણમાત્ર જાણ.
પોતાના દોષોનું જે સદા નિંદન - ગર્હા કરે છે, તે
આત્મગવેષક છે. આત્મા દ્વારા આત્માને જાણીને જે
રાગ તથા દ્વેષના હેતુઓમાં સમ રહે છે, તે પૂજ્ય છે.
સત્ત્વેષુ મૈત્રીં ગુણિષુ પ્રમોદં, ક્લિષ્ટેષુ જીવેષુ કૃપાપરત્વં ।
માધ્યસ્થભાવં વિપરીતવૃત્તૌ, સદા મમાત્મા વિદધાતુ દેવ ॥
વિપરીતવૃત્તિ = ધર્મવિમુખ વૃત્તિવાળાને વિષે. (પરિશિષ્ટ-૭)
<u>જ્ઞાનવિમલ કૃત ચૈત્યવંદનમાં કહ્યું છે કે :</u>
નામે તો જગમાં રહ્યો, સ્થાપના પણ તિમ હી,
દ્રવ્યે ભવમાંહિ વસે, પણ ન કળે કિમ હી. ...(૧)
ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવન મેં ત્રિકાળે,
તે પારગને વંદીએ, ત્રિહું યોગે સ્વભાવે. ...(૨)

પરમાત્માનું નામ એ પરમાત્માનો મંત્રાત્મક દેહ છે.

નામ અક્ષરાત્મક છે, અક્ષર મંત્રસ્વરૂપ છે.
મંત્ર એ તત્ત્વથી નાદરૂપ છે. અર્હં આદિ મંત્રો અંતે
નાદસ્વરૂપ પરિણામ પરમાનંદનો અનુભવ કરાવે છે.
અર્હં મંત્રજાપમાં તન્મયતા સિદ્ધ થતાં અનક્ષર એવો
અનાહત નાદ જન્મે, તે શબ્દબ્રહ્મરૂપે અરિહંતસ્વરૂપ છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.
અર્હંમાં અ ર્ હ્ અને કલા, બિન્દુ સર્વ શાસ્ત્રો અને
સર્વ લોકોમાં વ્યાપેલા છે, તેથી તે ત્રૈલોક્યપાવન છે.
અર્હં અક્ષરમાં અનાદિસિદ્ધ માતૃકા રહેલી છે.
સકલ આગમોના રહસ્યભૂત પદ અર્હં છે.

અર્હં અક્ષરમાં અકારનું માહાત્મ્ય

અકાર એ સર્વ સ્વરોમાં અગ્ર સ્થાને છે,
સર્વ વ્યંજનોના ઉચ્ચારણમાં તેનો પ્રયોગ થાય છે, સર્વ
વિદ્યાઓ - મંત્રોમાં વ્યાપીને રહેલ છે, સર્વ મનુષ્યો, દેવો,
દાનવો, પર્વતો, વનો, ઉદ્યાનો અને દેવાધિદેવોના નામમાં
આકાશની જેમ વ્યાપેલું છે. અકાર એ સર્વગત, સર્વ
સ્વરૂપ, સર્વવ્યાપી, સનાતન અને સર્વ જીવવ્યાપી છે,
સર્વ જીવોના કંઠસ્થાને અને સર્વ જીવોને આનંદપ્રદ છે.

## અર્હં અક્ષરમાં રકારનું માહાત્મ્ય

રકાર એ સર્વ જીવોના મસ્તક સ્થાને બ્રહ્મરંધ્રમાં છે.
તે રત્નત્રયી, તત્ત્વત્રયી અને પુરુષાર્થત્રયીને આપનારું છે
અને સર્વ તત્ત્વજ્ઞાનીઓને પૂજવા યોગ્ય છે.

## અર્હં અક્ષરમાં હકારનું માહાત્મ્ય

હ તત્ત્વ એ સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલું છે,
મહાપ્રભુ તરીકે પ્રસિદ્ધ છે, પરમાત્માના નામને કહે છે,
તે સર્વ સિદ્ધિઓને સૂચવનારું છે.

## અર્હં અક્ષરમાં બિન્દુનું માહાત્મ્ય

બિન્દુ એ સર્વ પ્રાણીઓના નાસાગ્ર ઉપર રહેલું છે.
જલબિન્દુની જેમ તે મુક્ત વર્તુળાકાર છે. યોગીપુરુષો
વડે તે ચિંતન કરવા યોગ્ય છે, સર્વ જીવોને મોક્ષદા છે.

અકારાદિ બધા અક્ષરો અને બિંદુ મળીને
જે દેવનું નામ બને છે, તે 'અર્હં' સ્વરૂપ તત્ત્વ છે.
તે કુંડલિની યોગ, નાદયોગ, બિન્દુયોગ તથા
લયયોગ વગેરે સર્વ યોગોનો મૂળ આધાર છે.
અર્હં મંત્રના ધ્યાનમાં બધા યોગોની સાધના રહેલી છે.
સર્વ જીવોમાં શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો
છે, તેથી અર્હં મંત્ર સર્વ જીવોમાં વ્યાપીને રહેલો છે.

એ રીતે સર્વ અક્ષરો અને સર્વ જીવોમાં જેની વ્યાપ્તિ છે,
તે સર્વ શ્રુતોમાં, સર્વ મંત્રોમાં સર્વ વિદ્યાઓમાં અને
ધ્યાનાદિ સર્વ યોગોમાં અનુસ્યૂત છે. પ્રભુનામ એમ
જિનેશ્વરસ્વરૂપ છે, તેમ અર્હં પણ આગમ - જિનવાણી
રૂપ હોવાથી તે જિનેશ્વરસ્વરૂપ છે. સિદ્ધાંતને અનુરૂપ
વર્તન કરવાથી જિનાજ્ઞાની જ આરાધના થાય છે.
આપ્તના મુખથી તે નીકળેલ હોવાથી મંત્રરૂપ પણ છે,
શ્રુતના એકેએક અક્ષરને અરિહંતતુલ્ય માની સ્મરણ
કરનારો સાધક જ્યારે અરિહંતધ્યાનમાં તન્મય બને છે,

ત્યારે અરિહંતનું દર્શન પામે છે અર્થાત્

પોતાના આત્માને અરિહંતસ્વરૂપે જુએ અને જાણે છે.
અર્હંનો જાપ ચાહે શાબ્દ હો, ઉપાંશુ હો, માનસ હો યા
અજપાજાપ હો, તે પોતાનું ઇષ્ટ કાર્ય કરે જ છે.
શબ્દબ્રહ્મમાં એ શક્તિ છે કે તે નામ દ્વારા નામીને
સાક્ષાત્ કરી આપે છે. મંત્રોને જે સાધારણ અક્ષર માને,
શબ્દોના બનેલાં મંત્ર દેવેશ્વરને સાધારણ વ્યક્તિ માને
તથા જે મૂર્તિનું ધ્યાન કરે, તેને પાષાણની મૂર્તિ માને,
તે ત્રણે અપાત્ર છે. સિદ્ધિ માટે મંત્ર, વ્યક્તિ અને
મૂર્તિ - આ ત્રણે ઉપર દૃઢ વિશ્વાસની જરૂર છે.

શાસ્ત્રોનો સાચો સંપર્ક આપણને સાચો ધર્મ શીખવે છે.

જીવનમાં એક જ પળ એવી આવે છે કે માણસને માટે વધુ ઉપયોગી હોય છે અને તે પળ એટલે વર્તમાનકાળ. તે પળનું એટલું મહત્ત્વ હોય છે કે એ વખત પૂરતો આપણી જાત ઉપર સંયમ મેળવી શકીએ છીએ અને એ પળે જે કાંઈ આવી મળે, તે જ આપણા સમાગમનું પાત્ર હોય છે. આપણે ચોક્કસપણે જાણતાં નથી કે આપણે આવા માણસને ભેટી જશું. એવે વખતે જ એ માણસ તરફ ભલાઈ બતાવવી, એ જ કર્તવ્ય. આવા એક માત્ર ઉદ્દેશથી આપણે આ જગતમાં હયાતિ ભોગવીએ છીએ.

## અપ્રમાદથી મૃત્યુને પાર

પ્રમાદ = મૃત્યુ અને અપ્રમાદ = અમૃત - અમરતા.

કામ, ક્રોધ, લોભરૂપી વિકારો એ જ મૃત્યુરૂપ યમ છે. વિપરીત માર્ગે ચાલનારા કદી આત્મસાક્ષાત્કાર કરી ન શકે. એમની શક્તિ વેડફાઈ જાય છે, એથી અંતરાત્મામાં પરમાત્માના દર્શન કરવાની લગનશક્તિ અવરાઈ જાય છે.

જે લોકો સ્થિર બુદ્ધિવાળા છે તથા
અપ્રમાદ સેવાને પ્રમાદથી દૂર રહે છે,
તે લોકો અવશ્ય મૃત્યુને પાર કરી જાય છે.

જે જ્ઞાની પુરુષો પ્રમાદથી દૂર રહી કામનાઓને મારે છે,
તેમને મૃત્યુનો સ્પર્શ મૃત્યુરૂપે નહિ,
કિન્તુ મુક્તિરૂપે થાય છે.
મૃત્યુ તો અપ્રમાદી એવં જ્ઞાની પુરુષોને
જન્મ-જરા-મરણથી નિવૃત્તિ અપાવવા આદર કરે છે.
મૃત્યુ ઉપર વિજય મેળવવા ઇચ્છતાં હોય,
તેમણે વિષયેચ્છા - કામનાઓને તુચ્છ ગણાવવા જોઇએ.
દિલમાં કામનાઓના ભાવ ઉત્પન્ન થાય,
તે જ વખતે જ્ઞાનરૂપી શસ્ત્ર દ્વારા
કામનાઓના તે સર્વ ભાવોને દૂર કરવા જોઇએ.
પ્રમાદ અને અપ્રમાદની કસોટી તેવા વખતે જ થાય છે.
કામનાઓ પાછળ કંગાલ બનીને દોડનારાઓ
કામનાઓમાં જ ખતમ થઈ જાય છે.
કામનાઓની પાછળ દોડવું એજ પ્રમાદ છે અને
કામનાઓને ખતમ કરવી એ અપ્રમાદ છે.
મૃત્યુ સામે ભગવદ્સ્મરણ કઈ રીતે રહે?
જીવ્યા એ રીતનું મૃત્યુ છે, તેથી
જીવ્યા વખતે ભગવદ્-સ્મરણની ટેવથી
મૃત્યુ સામે અચૂકપણે ભગવાનનું સ્મરણ રહેશે.

ઉહાવા, સં. ૨૦૩૧, મહા વદી ૫, રવિવાર, તા: ૨ ૩/૭૫

મૃત્યુ એ જીવન ઓલવવાનું નામ નહિ,
પરન્તુ મૃત્યુ તો નવજીવનનું પ્રવેશદ્વાર છે.
જન્મ અને મૃત્યુ વચ્ચે છે, તેટલું જ માત્ર જીવન નહિ.
જન્મ પહેલાં પણ જીવન હતું અને
મૃત્યુ પછી પણ એ રહેવાનું જ. આત્માની અમરતાને
આ રીતે પારખે, તે મૃત્યુના નામથી કદી ગભરાય નહિ.
મૃત્યુને રોજિંદી એક ઘટના માનીને
સ્વસ્થપણે તેનો વિચાર કરે. ધીરસ્તત્ર ન મુહ્યતિ।
આત્માની અમરતાની વાત વ્યક્તિત્વની સાથે
વણાઈ જવી જોઈએ, જીવનની એક જીવતી તથા જાગતી,
પ્રતિપળ અનુભવાતી ઘટના જ બની રહેવી જોઈએ.
માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય!।

અર્થ: હે અર્જુન! યાતનાઓ અંતે તો માત્રા સ્પર્શો છે, ઇંદ્રિયો-વિષયોના મિલનથી ઠંડી-ગરમી, સુખ-દુઃખરૂપે અનુભવાનારા પરિણામો છે. આટલું જે સમજે, તે જીવ 'અમૃતત્વાય કલ્પતે' અમરપણાંના અધિકારી છે. પોતાને થતી યાતનાનાં પોતે તટસ્થ સાક્ષી થઈને તથા નિરાકુળ રહેવું, તે યાતનાને દૂર કરવાનો ઈલાજ છે.

'હું યાતના ભોગવી રહ્યો છું'
એમ આપણને થાય છે, તે જ એમ સૂચવે છે કે
આ યાતના એ જ કંઈ મારું સમગ્ર અસ્તિત્વ નથી,
એ તો મારા અસ્તિત્વનો એક અંશ જ છે અને
તે પણ એક નાનો અને ટૂંકજીવી.

યાતનાઓના આ ટળટળને જે પી જાય,
હસતે મોંએ ગટગટાવી જાય, તે જ મહાદેવ,
તે જ મૃત્યુંજય અને તે જ અમરત્વનો અધિકારી છે.

જૈનધર્મનું આયોજન એ સિદ્ધાંત ઉપર જ રચ્યું કે:
'પોતે અમર છે'.

આર્થિક ક્ષેત્રે જે પંચ અથવા દશવર્ષીય યોજનાઓ છે,
તે આધ્યાત્મિક ક્ષેત્રે અનંતવર્ષીય છે.

o लिखत पढ़तवां को पढ़वा दे,
तूं तो राम सुमर, जग लड़वा दे।

પ્રમાદરૂપી ચોરોના વૃન્દથી બચો.

વિષય-કષાય આત્મધનને લૂંટનારા જો મોટા ચોર છે,
નાના પ્રમાદો તેના જ પુષ્ટિ કરનારા છે.

પ્રમાદના ૫ અંગો છે: અજ્ઞાન, સંશય, વિપર્યય,
ધર્મનો અનાદર તથા યોગ દુષ્પ્રણિધાનાદિ.

## જ્ઞાન અને સ્વાધ્યાયમાં શું ફેર ?

જીવાદિ તત્ત્વોને જાણવા, તે જ્ઞાન છે અને
તેને વારંવાર વિચારવા, તે સ્વાધ્યાય છે.

## મુનિમહાત્માના ગુણોનું માહાત્મ્ય

વૈયાવચ્ચનો ગુણ એ મોટેરો ગુણ છે.
જ્યાં ગોળ હોય, ત્યાં જેમ માખીઓની ઠઠ જામે,
તેમ વૈયાવચ્ચનું પાત્ર મળે,
ત્યાં નિર્જરાના અર્થી મુનિઓની પડાપડી થાય.

अभ्युपपद्यन्ते सद्ध्यानयोगेषु ।

આલંબનમાં ચિત્તની સ્થિરતા, તે ધ્યાન છે.
સુંદર ધ્યાનના વ્યાપારોમાં જ મુનિ ઉદ્યમપ્રધાન રહે.

जुगुप्सते विमार्गचारितां ।

વિષયસુખમાં રમવાની દશા હાસ્યાસ્પદ છે.
અનીતિ, ચોરી, જૂઠ, અન્યાયાદિ તરફ જુગુપ્સા હોય.

बिभ्यन्ति भवचक्रभ्रमणात् ।

तुष्यन्ति परोपकारकरणेषु । निघ्नन्ति प्रमादचौरवृन्दं ।
रुष्यन्ति प्रवचनप्रत्यनीकेषु ।
लुभ्यन्ति तपश्चरणेषु ।
गृध्यन्ति वैयावृत्त्याचरणेषु । (परिशिष्ट-८)

द्विषन्ति व्रतातिचारकरणेषु । અર્થાત્:

વ્રતને મલિન કરે, તેવી પ્રવૃત્તિ પર લાગોલાગ દ્વેષ હોય. 'વ્રત' શબ્દથી સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ તથા માર્ગાનુસારિતા આદિ ગ્રહણ કરવાં. क्रुध्यन्ति सामाचारी विलोपेषु । સામાચારીનો લોપ કરે, તેના પ્રત્યે ક્રોધ કરે છે.

माद्यन्ति कर्मनिर्जरेषु । અર્થાત્:

મુનિને કર્મનિર્જરા કરાવે, તેવી પ્રવૃત્તિમાં જ મદ હોય.

अहं कुर्वन्ति प्रतिज्ञातनिर्वहणेषु । અર્થાત્:

મુનિને અંગીકાર કરેલ પ્રતિજ્ઞાપાલનમાં અહંકાર હોય.

अवष्टभ्नन्ति परीषहेषु । અર્થાત્:

મુનિને સાત છે કે : સ્ત્રીપરિષહ અને સમ્યક્ત્વપરિષહ આવે, તો ખેડવાના છે તથા બાકી ક્ષુધા-તૃષા વગેરે પરિષહો તો ઉભા કરીને પણ આનંદપૂર્વક સહવાના છે.

सहन्ते दिव्याद्युपसर्गेषु । અર્થાત્:

ઉપસર્ગોને કર્મક્ષયનું અદ્ભુત સાધન માની સહવાના છે.

गूहन्ति प्रवचनमालिन्यं । वञ्चयन्ति इन्द्रियधूर्तगणान् ।

શાસનમલિનતા થાય તેવા કાર્યોને ગુપ્ત રાખી છુપાવે છે તથા ઇંદ્રિયોને ઠગવા = તેની પાસે કામ લેવું, આધીન ન થવું. વિકલ્પ જાગે, ત્યારે તેના અપાય - વિપાક - નુકસાનનો વિચાર કરી દૂર રહેવું.

रमन्ते निवृत्तिगमनमार्गे । उद्विजन्ते शैथिल्याचरणात् ।
शोचन्ते चिरन्तनदुश्चरितानि ।
गर्हन्ते निजस्खलितानि । निन्दन्ति भवचक्र निवासं ।
आराधयन्ति जिनाज्ञानुवृत्तिं । प्रतिसेवन्ते द्विविध-
शिक्षाललनामिति । - उपमितिभवप्रपंचकथा (પરિશિષ્ટ-૯)

જે સત્યને સાંભળે છે,
તે સત્ય બોલનાર જેટલો જ મહાન છે.

સોના સાથે કથીર ?

આપણે કેવા નગુણા છીએ ?
ઈશ્વરે સોના જેવું જીવન આપ્યું અને
આપણે જગતને કથીર આપીએ છીએ !
અહીં ઈશ્વર = સત્કર્મ, કથીર = અસત્કર્મ.
સત્કર્મ = ઈશ્વરની આજ્ઞાપાલનરૂપ = ઈશ્વરસ્વરૂપ.
અસત્કર્મ = ઈશ્વરની આજ્ઞાના ભંગરૂપ = કથીર.
નૈતિક - આધ્યાત્મિક જીવન તરફ જેમણે લક્ષ્ય નથી,
તેઓ જાગતાં છતાં ઊંઘતાં છે, જીવતાં છતાં મરેલાં છે.
આધ્યાત્મિક જીવન ઉપર પ્રહાર થવા દેવાં,
તે તો દુશ્મનનું જ કાર્ય ગણાય છે. જે મનુષ્ય પોતે
પોતાનો દુશ્મન બનીને રહે, તેને કોણ બચાવશે ?

# સંયમથી જ અંતઃકરણની શાંતિ

આપણું અંગત જીવન ઘણું મહત્વનું છે.
એ જીવન ઈશ્વર સાથે
કેટલું જોડાયેલું છે, કેટલું સમર્પિત છે, તે જ મુખ્ય છે.
જીવનને આધ્યાત્મિક બનાવવું,
એજ એનો પરમ હેતુ છે, પરમ સાધ્ય છે.
બાબતની વાત વાત કે શાબાશી સાંભળવાની ઉમેદ રાખવા
કરતાં આપણા પોતાના જ અંતઃકરણની શાંતિને
સાચવવાનો માર્ગ સાધવો જોઈએ અને એ માટે મન
ઉપર વધારેમાં વધારે સંયમ રાખવાની આવશ્યકતા છે.
સુખ કોઈ વસ્તુમાં નથી, પરન્તુ મનના સંતોષમાં છે.
સંતોષ એ સંયમ વિના પેદા થતો નથી.
મનસંયમની જેમ શરીર પર પણ સંયમની જરૂર છે.
શરીરને મનના અંકુશમાંથી છટકવા દેવું જોઈએ નહિ.
શરીરની સાથે ઇંદ્રિયોને પણ કાબુમાં રાખવા જોઈએ.
સત્યાચરણ એને જ કહેવાય કે
મન યથાર્થને જ ગ્રહણ કરે, વાણી પણ તે જ વદે
અને શરીર પણ તે જ કરે, એથી જગતનો નિયમ
પણ જળવાય છે, ઉપરાંત શાંતિ પણ અનુભવાય છે.

अनन्याश्चिन्तयन्तो मां, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ॥ અર્થાત્:
જે ભગવાનમાં નિરંતર - અખંડ પ્રેમ રાખે છે,
એના યોગક્ષેમનું વહન ખુદ ભગવાન સ્વયં કરે છે.
લોકકલ્યાણની ભાવના હોય તદનુસાર અમુક પ્રવૃત્તિ
કરવાની આવે તો સહજ ભાવે કરવી, તે જુદી વાત
છે, હકીકતમાં લોકસંપર્ક કે લોકપ્રસિદ્ધિ બંધનકારક છે.
જ્યાં આપણું જ ઠેકાણું ન હોય, ત્યાં
દુનિયાના ઉદ્ધારનો ઠેકો લઈને બેસવું, એ હાસ્યાસ્પદ છે.

સમજવા જેવું રહસ્ય...

વિશ્વનું આયોજન સૌથી મોટી વસ્તુ છે,
આપણા અંગત રાગ-દ્વેષનો કોઈ અર્થ નથી.
હંમેશા એટલું જ વિચાર કરો કે આ જગત સુંદર છે.
આ વિશ્વ સર્વોત્તમ શિલ્પીની કલાકૃતિ છે.
એ શિલ્પી તે જ પ્રકૃતિની મહાસત્તા છે.
કોઈ એક વધુ ઉચ્ચસત્તા છે, તેમાં શ્રદ્ધા ધરાવવાની છે.
ફક્ત વિચારો : જેણે નારિયેળમાં મિષ્ટ જળ ભરેલ છે,
કરોળિયાની જાળમાં પુનરાવર્તન પામતી
એકસરખી રચના કરેલ છે, દાડમમાં બીજ મૂક્યા છે,

સાગરમાં શતલ પ્રકારના મુક્તો છે, અસંખ્ય છીપો અને
શંખલાઓમાં વિવિધ રંગો અને આકૃતિઓ રચેલ છે,
અદ્ભુત મનોગરાવાળા પુષ્પોમાં વિવિધ રંગ, સુગંધ અને
સુંદર આકૃતિઓ છે, વિધવિધ ઋતુઓના વિવિધ સ્વાદ
રચેલ છે અને વિશાળ અવકાશમાં આકાશગંગા - દ્વીપ
જેવા પદાર્થો વિશ્વને બહુ ઉત્પન્ન કરાવે છે.

જેના ઉપર સમગ્ર વિશ્વતંત્ર ચાલે છે, એ
પ્રકૃતિના શાશ્વત નિયમોને સમજવો આપણે જવું જોઈએ.

આ વિશ્વમાં એક શાશ્વત રાજબંધારણ છે અને
એ પરમ શાસન માટે મહત્વનું પ્રધાનમંડળ પણ છે.
આ શાસન સર્વોપરિ છે. રાજકીય દ્રષ્ટિએ સંપૂર્ણ છે,
વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પ્રભુત્વસંપન્ન છે,
રાજબંધારણીય દ્રષ્ટિએ ભાગીદારીત છે અને
આર્થિક દ્રષ્ટિએ તે autogoverning power છે.

પ્રકૃતિમાં પોતાનું જ ધારાધોરણ છે,
પોતાની જ વ્યવસ્થા અને પોતાનું જ સ્વશાસન છે.
આ છે પ્રકૃતિની સત્તા. પ્રકૃતિના પ્રત્યેક કર્મ ન્યાયી છે.
તેના સર્વ શક્તિશાળી સંતત્વ બળ સાથે પોતાના
સંતત્વને ન છોડવા લેવાથી તેનું બળ પ્રાપ્ત થાય છે.

સ્વસ્તિથી સાધના કરનારમાં જેમ કૃતજ્ઞતા આવે,
તેમ ભગવાનથી દૂર કરનારમાં કૃતઘ્નતા આવે.
સાચા તત્ત્વજ્ઞાનીને સ્વસ્તિ અને સર્વજનગણ -
ઉભય માટે અંતઃકરણથી પ્રેમ હોવો જોઈએ.
નબળાં છોકરામાં દોષ જોયાં પછી માનો પ્રેમ વધે છે.
સાચો પ્રેમ જીવ, જગત અને જગદીશનો
એક ત્રિવેણી બનીને રહે છે.
'અનુભવ'નો એક અર્થ 'સ્મૃતિ' પણ થાય છે.
અભયં સર્વભૂતેભ્યઃ । એ સાચી સાધુતા છે.
જ્યાં રવિ ત્યાં રાત્રિ નહિ, જ્યાં રામ ત્યાં કામ નહિ.
રુષ્યન્તિ પ્રવચન પ્રત્યનીકેષુ ।
રોષ = પરિણામ આવતાં શુદ્ધ ક્રોધ બળતો - જાગતો રહે.
જૈનનો રોષ પ્રવચનના પ્રત્યનીક ઉપર હોય.
'પ્રત્યનીક' એટલે જે પ્રવચનનો નાશ કરી રહ્યા હોય,
એ નાશ થાય, તેવી પ્રવૃત્તિ આચરી રહ્યા હોય તે.
પોતાનામાં સત્ત્વ હોય, શક્તિ હોય અને
સામર્થ્ય હોય, તો આ પ્રત્યનીકો પ્રત્યે સદા રોષ કરે
અને પ્રવચનનો નાશ કરનારના હાથ નીચા
સઘળાં સાધનો હેઠાં પડે, તેવી બધી પ્રવૃત્તિ કરે.

...પક્ષ રાજકારણ એ ભયંકર સત્ય છે.
આજનું રાજકારણ એ ભટકાયેલું રાજકારણ છે.
xxx આજે તો લોકશાસનનો ઢોંગ છે.
પ્રમુખ વડાપ્રધાન પાસે મોકલશે, તો
વડાપ્રધાન કેબિનેટ પાસે મોકલશે,
તે વળી કેબિનેટ કહેશે કે પાર્લામેન્ટ પાસે જશે xxx
આવા લોકશાસનના ઢોંગમાં આપણે કાંઈ કહેવું નથી.
- પ્રેમાભાઈ ટીલ, મહાવીર શાસન વર્ષ - 23, અંક - 3

ઈશ્વરના બે મુખ્ય ગુણ - ન્યાય તથા કરુણા છે.
સર્જનહાર ઈશ્વર એ ન્યાયમૂર્તિ છે અને
રક્ષણહાર ઈશ્વર એ કરુણામૂર્તિ છે.
એક કર્મનો નિયંતા છે, બીજો ધર્મનો નિયંતા છે.
કર્મનું બળ જીવના બળથી અધિક છે,
ધર્મનું બળ કર્મના બળથી અધિક છે.
ન્યાય ઈશ્વરી કાયદો છે, દયા ઈશ્વરીય કૃપા છે.
નમશે તે પ્રભુને ગમશે, ન નમશે તે ભવમાં ભમશે.
નમવું = નિર્ભય થવું, ન નમવું = નીચ ગતિ-યોનિમાં ભમવું.
નમ્રતા દ્વારા નિર્ભયતા અને
કૃતજ્ઞતા દ્વારા સ્વતંત્રતા એ સનાતન નિયમ છે.

## સમ્યગ્દૃષ્ટિની વિશેષતા શી છે?

અસીમ નિ:શંકતા, લોકો પ્રતિ ઉદાસીનતા,
પદાર્થોની વિકૃત - અવિકૃત દશાઓમાં સમતાભાવ,
વસ્તુસ્વરૂપની તીક્ષ્ણ પક્કડ, પરદોષો પ્રત્યે ઉપગૂહભાવ,
વિશ્વાસની દૃઢતા, પરિણામોની સ્થિરતા,
ગુરુ અને ગુણ પ્રત્યે અનુરાગ,
આત્મલીનતા દ્વારા પોતાની અને ઉપદેશાદિ દ્વારા
વસ્તુતત્ત્વની પ્રભાવના - એ સમ્યગ્દૃષ્ટિની વિશેષતા છે.
તેઓ પોતાના લક્ષ્ય - આત્માને પ્રાપ્ત કરી લેવાથી
સાચા લક્ષ્યાધિપતિ - લખપતિ હોય છે.
તેઓ આત્મસ્વભાવને પામેલા સર્વજ્ઞ-વીતરાગ પુરુષો
તરફ અનંત ભક્તિપૂર્ણ ભાવથી ભરેલાં હોય છે.
તેમની ઔદયિકભાવની પ્રવૃત્તિઓ
ધાવમાતા સમાન, શેઠના મુનિમ સમાન, સતી સ્ત્રી સમાન
અથવા સરખી સાહેલીઓ સાથે વાતો કરતી મહિલાના
પોતાના પતિ ઉપર મન સમાન હોય છે અથવા તો
જળમાં કમળવત્ અને કીચડમાં કંચનવત્ નિર્લેપ હોય છે.
તેઓ પ્રતિક્રમણાદિ શલ્યોદ્ધરણ, કાયોત્સર્ગાદિ વ્રણોપચાર
અને પચ્ચક્ખાણ લેવા વડે ગુણધારણ - પથ્યભોજન કરે.

પાંચ ઈંદ્રિય તથા મન એ વિઘ્નભૂત છે અને
કાર્યની સફળતા પણ તેનાથી જ છે.

મન અને ઈંદ્રિયો ચોર છે અને શરીર એ કમજાત છે,
પરન્તુ એજ શરીરના મન - વચન - કાયા વડે
જ્ઞાન - દર્શન - ચારિત્રની આરાધના કરવાની છે.

મનને સ્થિર કરવું કઠિન છે તથા
તેને સહાય કરનાર વચન અને કાયા છે. તેથી કાયા
અને વચનને પહેલાં કબજે કરવાથી મનને વગર
મહેનતે કાબુમાં લઈ શકાય છે. વચન તથા કાયા છૂટાં
મૂક્યાં, માટે મન વશ કરવામાં મુશ્કેલી ઊભી થાય છે.

એક પચ્ચક્ખાણમાં જ એ તાકાત છે કે
નિર્બળમાં નિર્બળ મહાત્માને તે બળવાન બનાવી દે છે.

પચ્ચક્ખાણ મન - વચન - કાયાને વશ કરે છે.
મનને વશ કરવું એજ સાધના છે. સૌથી અશુદ્ધ શરીર
માનવનું છે, તેને શુદ્ધ કરવા બાહ્યતપ છે. માનવનું મન
તેથી પણ વધુ અપવિત્ર છે, તેને વશ કરવા અભ્યંતર
તપ જોઈએ. શરીરરૂપી માટી અને મનરૂપી કચરામાંથી
સ્વર્ગ અને મોક્ષનાં સુખરૂપી સુવર્ણ અને રત્નો
વ્રત, નિયમ, તપ અને ત્યાગથી મેળવી શકાય છે.

જીવતત્ત્વ સૌથી વધુ ચિંતી છે.

બાકી બધી વસ્તુની ચિંતા જીવતત્ત્વને આભારી છે.
પૈસાદિ જે મળે, તેની ચિંતા મનુષ્ય રાખે છે અને
તેનો સંભાળ પણ કરે છે, કિન્તુ પુણ્યાદિ જે મળે છે,
તે પૈસાદિ મળતું નથી છતાં પુણ્યની ચિંતા રાખતો નથી,
તે જ અજ્ઞાન અને મિથ્યાત્વ - મોહ છે.

મન - વચન - કાયા પુણ્યાદિ મળ્યાં છે, તેના સદુપયોગાદિ
જે પુણ્ય બંધાય છે, તે ધનના દાનાદિ થી બંધાતું નથી.
અષ્ટપ્રવચન માતાનું પાલન મન - વચન - કાયાદિ થાય છે.
તે વડે પાપનો નાશ થાય છે, અશુભ - કર્મ અટકે છે,
પુણ્યકર્મનો ઉદય થાય છે. મન - વચન અને કાયાદિ
સર્વ જીવોનું શુભ ચિન્તવવું, તે ઉત્કૃષ્ટ પુણ્ય છે.

સિદ્ધોનું ચૈતન્ય જગતને ઊંચે ખેંચી રહ્યું છે અને
જડ વસ્તુ જગતને નીચે પટકી રહી છે.

મનુષ્યપણું પામ્યાં પછી
આત્માની પ્રકૃતિને પ્રગટ કરવાનું રાખવું જોઈએ.
લક્ષ્મી, શરીરાદિ આવરણ છે, તેને દૂર કરવાના છે.

સાધુજીવન મન - વચન - કાયાદિ
સતત પરોપકાર કરી પુણ્ય ઉપાર્જન કરે છે.

## વારંવાર ઈર્યાવહી શા માટે ?

સ્વસ્વરૂપમાંથી પરસ્વરૂપમાં આત્મા જાય છે,
ત્યાંથી પાછા ફરવાને માટે ઈર્યાવહી છે.
૧૮ પાપસ્થાનક સેવવાને કારણે
આપણે જગતને અન્યાય કરીને તેના શિકારરૂપે
જન્મ - મરણની અનંતી પીડા ભોગવતા રહ્યા છીએ.

## કઈ જે ઈચ્છા વધ્યાં જ કરે છે ?

ધનની અને આહારની ઈચ્છા પૂર્ણ થતી જ નથી.
ધનવાન બનવા ધન કમાય છે, તો તેને વધુ
ભિખારી બનાવે છે, કેમકે લાભ થતાં લોભ વધે છે.
ભૂખનું દુઃખ પણ ખાવાથી મટતું નથી,
ઊલટું વધુ વધુ ખાવાથી ભૂખ વધે છે.
ભૂખ મટાડવા તપ કરવો જોઈએ અને
ધનની મૂર્છા છોડવા તેનો ત્યાગ કરવો જોઈએ.

આત્મસ્વરૂપ પ્રગટ કરવા જોઈતી ત્રણ વસ્તુઃ
માનવદેહ, ગુરુનો યોગ અને શ્રુતનો ક્ષયોપશમ.

અશક્ત મહારાજ પોતાનું કામ બીજા પાસે કરાવે,
તો તે વીર્યાંતરાય કર્મ બાંધે છે. પોતાના દેહની સેવા
કરાવનારને વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ થતો નથી.

દેવ-ગુરુની જેટલી આશાતના જૈન લોકો કરશે,
તેટલી આશાતના બીજા લોકો નહિ કરી શકે.
ન્યાયાધીશ જૂઠું બોલે, તો તે વધુ ગુનેગાર ગણાય,
કારણ કે તેનાથી ઘણાંને ઘણું નુકસાન થાય.
જવાબદાર વ્યક્તિની ભૂલ ઘણાં અનર્થને કરનારી છે.
સ્થાન જેટલું ઊંચું, તેટલું બોજ વધારે. આપણું જોઈને
બીજાઓ પાપ કરે, તેમાં ગુનેગાર આપણે મુખ્ય ઠરીએ.

સાચો સાધુ એ જ કે જે
સમસ્ત સાધુની સેવા કરવાની ભાવનાવાળો હોય.

નવકારમાંથી એક ભાવ પ્રગટે છે કે:
'બધા મારા છે, હું બધા જીવોનો ઋણી છું'
એ ભાવમાંથી જીવન સેવાભાવી બને છે.

નવકારમંત્રમાં જગતને જીવાડવાની શક્તિ બીજરૂપે
રહેલી છે. મનથી બીજરૂપે પડેલો ધર્મ સમસ્ત જગતના
કલ્યાણના માટે પ્રગટ કરવાનો છે. ધર્મ જેટલો ગુપ્ત, તેટલી
શક્તિ વધે છે. જેની પાસે ધન હોય અને તેનો ઉપયોગ
ન કરે, તો જન્માંતરમાં દરિદ્રી બને છે, તેમ શરીરબળ
મળ્યાં પછી પણ તેનો જો યથાયોગ્ય ઉપયોગ ન થાય,
તો જન્માંતરમાં રોગી, પંગુ અને અશક્ત બને છે.

## રોગ મટાડનાર વૈદ્ય કોણ?

પોતાની ચિંતા કરવી તે અહંકાર અને
તે જ ચિંતા બીજાની કરવી તે નમસ્કાર.
પોતે બોલે તે અહંકાર, બીજાનું સાંભળે તે નમસ્કાર.
નામમાત્રનો નાશ છે, તેનું ઔષધ એક જ : નમસ્કાર.
જે પોતાની ચિન્તા નહિ કરતો,
તેની ચિન્તા આખું જગત - જિનશાસન કરે છે.
અષ્ટપ્રવચન માતા અહંકારના નાશ માટે છે.
તેમાં જીવનું જીવ પ્રત્યે સન્માન છે, જડ પ્રત્યે ઉપેક્ષા છે.
ગુરૂઆજ્ઞામાં રહી વિનય વડે અહંકારને જીતવો તે ધર્મ.
જેટલાં જીવ જન્મ - મરણ કરે છે, તે બધા રોગી છે.
તેનો રોગ દૂર કરાવી આપે, તે દેવ અને ગુરૂ કેટલાં
ઉપકારી ગણાય ! રોગ મટાડનાર વૈદ્યને કોણ ભૂલે?
આપણે આપણા રોગ તથા તેના કારણને જાણતાં નથી,
કારણકે અહંકાર છે અને તેનો નાશ નમસ્કારથી છે.
મનને મારવા માટે મૌન છે. જીવત્વધર્મ તથા જાતિથી
બધા જીવ એક છે, શરીર અને આકૃતિથી ભેદ છે.
જીવવાની ઈચ્છા સૌમાં સરખી છે. પોતાને જેની ઈચ્છા છે,
તેની બીજામાં પણ છે, તે જોવા ન દેનાર દર્શનમોહ છે.

સરખાપણાંના લાભમાં દર્શનમોહ મુંઝવણ કરે છે.
ભેદનું જ્ઞાન લાભ કરાવે છે, પરન્તુ અભેદનું નહિ.
ભેદનો વિચાર એજ પાપનું મૂળ છે.
દેવું ચૂકાવવા માટે સેવા છે. સેવા દ્વારા એવું પુણ્ય
વધે છે કે ભોગવવા છતાં ખૂટતું નથી. સૌથી વધુ ઉપકાર
જૈનશાસનનો છે, તેના સ્થાપક અરિહંત પરમાત્માનો છે.
ગુરુ અને ધર્મ પણ શાસનના પ્રભાવે મળ્યાં છે.
શાસન અનાદિકાળથી છે. જૈનશાસન છે, તો જ બધું છે.
પરમ ઉપકારીને કરેલો નમસ્કાર બધા પાપનો નાશક છે.
શરીરનું ઘર એ આપણું ઘર નથી,
આત્માનું ઘર જુદું જ છે, ત્યાં પહોંચવા માટે નમસ્કાર છે.
અહંકાર જાય તો જ નમસ્કાર આવે.
અહંકાર હોય, ત્યાં મનસ્કાર - મમકાર હોય જ.
એક નમસ્કાર આવે, તો અઢારે પાપ જાય.

V.V. Imp. || નમો અરિહંતાણં ||

બધા શાસ્ત્રો આ (૭) અક્ષરમાં સમાયા છે,
સાત અક્ષર બેમાં અને બે અક્ષર એકમાં સમાયા છે.
બે અક્ષર એટલે અર્હં. એક અક્ષર એટલે ૐ.
'અ'થી બધા સ્વરો અને 'હ'થી બધા વ્યંજનો.

કદી નાશ ન પામે, તે 'અક્ષર' ઇત્યાદિ, તે 'ૐ' છે.
આત્મા ન પડે પણ પક્ષ આત્માનો રહે, તો એ નમસ્કાર છે.
તે ક્ષણક્ષણ જાગૃત રાખે છે, અહંકારઆહુતિ કરાવે છે.
નમસ્કાર તૂટતાંને સાંધે છે.
અહંકારનો નાશ કરવા નમસ્કારનું ધ્યાન ધરવાનું છે.
અહંકાર રોગ છે, રોગની દયા અને દવા હોય.
ક્ષમા નમ્રતા સરળતા એ નમસ્કાર છે, દવા છે, દયા છે.
સરળ કર્યું = નમ્યા. આપણો કર્યો = અહંકાર કર્યો.
આપણને સરળ કરીએ, તો મુક્તિ મળે.
કુપથ્ય કરે અને પછી માગે, તે વધુ રોગી થવાનો છે.
પાપ કરે અને ખુશી થાય, તો તે વધુ પાપી થવાનો.
ધર્મ નમસ્કારરૂપ છે અને તે જ મુક્તિએ પહોંચાડે છે.
ક્ષમાધર્મની સાધના માટે જ જિનશાસન છે,
તેથી આપણું શાસન નમસ્કારરૂપ છે.
પહેલાં ગુણઠાણાંથી શરૂ કરી છેલ્લે ગુણઠાણે પહોંચાડે છે.
દુઃખ એ દવા છે, સુખ એ દૂધ છે.
એક રોગને હઠાવે છે, બીજું પોષણ આપે છે.
જેમ જેમ જગતના જીવોનો ઉપકાર મનમાં વસતો જાય,
તેમ તેમ નમસ્કાર નિર્મળ થતો જાય છે.

ધર્મ અને અધર્મ એજ સુખ-દુઃખના કર્તા છે.

અરિહંતાદિમાં રહેલો ધર્મ શરણભૂત છે.

શરણ ધર્મનું લેવાનું છે. પૈસા માટે શેઠની નોકરી છે,
તેમ ધર્મ માટે અરિહંતાદિનું શરણ છે.

ભાવપૂર્વક દુષ્કૃતની ગર્હા તથા સુકૃતની અનુમોદના તે ધર્મ.

'નમો'માં નકાર છે, આજ્ઞાપાલનનો ભાવ છે.

પ્રભુઆજ્ઞા સાવદ્યનો ત્યાગ અને નિરવદ્યના સેવનની છે.
તે સૂચવનાર 'કરેમિ ભંતે' સૂત્ર છે.

આજ્ઞાપાલનથી આવરણ તૂટે છે.

પોતાને ઉપકાર ન કરે, તેવું જ્ઞાન મિથ્યા છે.

ઘણું જ્ઞાન પ્રાપ્ત કરવા છતાં જ સ્વભાવનો વિચાર
જો ન આવે, તો તે જ્ઞાન મોક્ષપ્રાપક થતું નથી.

'આત્મા સિવાયના બધા વસ્તુઓ આપણા નથી'
એવું ભાન થવાથી રાગ-દ્વેષ-કષાયાદિ શાંત થઈ જાય.

આત્માનું બળ વધે તો ઉપશમભાવ આવે,
જડનું બળ વધે તો કષાય વધે.

સાચું જ્ઞાન થયા પછી જગતમાં કોઈની ભૂલ દેખાતી નથી.

જગત ઉપકારી - પોતે અપરાધી : એવા વિચારણા થાય,
ત્યારે જ આત્મા શાંત બની જાય.

વિજાતીય આનંદ તે મોહના ઘરનો છે,

સજાતીય આનંદ તે જ પોતાનો છે.

આત્મા સન્મુખ દોષની નિંદા - ગુરુ સન્મુખ થવું, તે ગર્હા.

સમ્યગ્રત્ન મળે તેવું સુંદર નમસ્કારસંબંધ મળે છે. ભગવાન નમસ્કાર ભાવના ભંડાર છે. 'તેમને નમવાથી મને નમસ્કાર પ્રાપ્ત થાય' એ ભાવથી જ નમવાનું છે.

નમસ્કાર થાતે એ રીતે વિચારણા કરવી કે:

પ્રભુની મુદ્રા આપણને કેવી રીતે બેસવું, તે શીખવાડે છે, વિનય શીખવે છે. પ્રભુ શરણે આવેલાંને રક્ષણ આપે છે, તેમની પાસે છે, તે બધું જ આપે છે. ભગવાન ક્ષમાના - અનંતજ્ઞાન - અનંતદર્શન - ચારિત્રના ભંડાર છે.

પરમાત્મદર્શન = સમ્યગ્દર્શન - જ્ઞાન.

પરમાત્મમિલન = સમ્યક્ચારિત્ર - તપ.

નમો પદ = તત્ત્વપ્રીતિકર - પાણી.

અરિહં પદ = નિર્મળ નેત્રાંજન - તત્ત્વબોધકર.

તાણં પદ = સર્વરોગહર - પરમાન્ન ભોજન.

દુષ્કૃતગર્હાથી કષાયદાહ ટળે - મિચ્છાકાર.

સુકૃતાનુમોદનાથી વિષયતૃષા છીપે - ઇચ્છાકાર.

ચતુઃશરણાગમનથી કર્મમેલ જાય - તહકાર.

# બુદ્ધિ - એક વિશિષ્ટ વરદાન

કર્મયોગથી બુદ્ધિ વિશાળ - વ્યાપક, ધ્યાનયોગથી એકાગ્ર,
રાજયોગથી સૂક્ષ્મ તથા ભક્તિયોગથી તે શુદ્ધ બને છે.
ધીર = બુદ્ધિમાન. ધાતુ - ધીઃ.
ધૃ - ધાતુ પરથી ધૈર્યવાન, તિતિક્ષાવાન, ધૃતિમાન પણ થાય.
આત્મલાભ મેળવી લેવું, તે બુદ્ધિનું વિશિષ્ટ સામર્થ્ય છે.
ભાવ = વિષયચિંતન, શાન્તિ = ચિત્તનું ચલન અને
ધૃતિ = બુદ્ધિનાશ અથવા ભાવ = રાગદ્વેષનો અભાવ,
શાન્તિ = પ્રસન્નતા, ધૃતિ = બુદ્ધિની સ્થિરતા.
હર્ષ - વિષાદનો અભાવ અને પ્રસન્નતા, નિર્વિકારતા,
શાંતિ, રાગ-દ્વેષરહિતતા, સ્વચ્છતા અને નિર્મળતા.
નિર્મળતા સ્વયં પ્રકાશક છે, તે આનંદને પેદા કરે છે.
આનંદ એટલે સ્વાસ્થ્ય. મનોમળ એટલે દુઃખ.
ચિત્તનો મળ ગયો એટલે સ્થિરતા આપોઆપ આવે છે.
ધાતુસામ્ય, ચિત્તનું સમત્વ એ દ્રવ્ય અને ભાવારોગ્ય.
નિર્મળ અંતઃકરણ દુઃખમાત્રનો નાશ કરે છે,
ચિત્તશુદ્ધિ અને એકાગ્રતાનું મુખ્ય સાધન છે.
દિવસ રજોગુણનો, રાત તમોગુણની અને
સંધ્યા સત્ત્વગુણની પ્રતીક છે.

સંયમથી પ્રસન્નતા અને તેથી બુદ્ધિ સ્થિર થાય છે.
અસંયમથી ચિત્તક્ષોભ અને તેથી બુદ્ધિનાશ થાય છે.
અયુક્ત = અસંયમી. સંયમ અને સ્વચ્છંદ વિરોધી છે.
બુદ્ધિ પરિપક્વ થાય, ત્યારે તેને 'ભાવના' કહેવાય છે,
પછી તેને વિચાર અથવા વિમાસણની જરૂર રહેતી નથી.

ભાવનાની પાછળ અનુભવસિદ્ધ બુદ્ધિ હોય છે.

સ્થિર અકૃતિ શાસ્ત્રીય બુદ્ધિ તટસ્થ હોય છે.

બુદ્ધિને જેમ જેમ ઘૂંટતા જઈએ, તેમ તેમ તેનું સામર્થ્ય વધે અને તે જ ભાવના બને છે. સ્થિતપ્રજ્ઞની બુદ્ધિ પરિપક્વ થયેલ હોવાથી તેના જીવનમાં ભાવના જ હોય.
બુદ્ધિ માત્ર દિશા દેખાડે, ભાવના આખું કાર્ય પણ કરે.
બુદ્ધિની અંદરનો ભાગ તે હૃદય અને તે જ ભાવના.

જપ, ધ્યાન અને અભ્યાસ -

એ ત્રણના પ્રયોગથી બુદ્ધિનું ભાવનામાં રૂપાંતર થાય છે.
બોધ વગર ભક્તિ નહિ, ભક્તિ વગર શાંતિ નહિ
અને શાંતિ વગર સુખ નહિ.

સુખ પદાર્થમાં નહિ પણ શાંતિમાં છે.

હોવાપણાનું સુખ એ જ સાચું સુખ છે.

નિરૂપાધિક મધ્યસ્થદશા એ આધ્યાત્મિક કૌશલ્યનું લક્ષણ છે.

શાંતિમય સુખ એટલે નિત્ય સુખ, આત્મ સુખ,
ચિત્ સુખ, સત્ય સુખ - અંતે સચ્ચિદાનંદમય અવસ્થા.
બુદ્ધિ આત્મામાં સ્થિર થવાથી તે સુખ આવે છે.
અંતઃબુદ્ધિને આત્મામાં સ્થિર રાખવા, તે સ્થિતપ્રજ્ઞતા છે.
સંયત = સંયમ જેના વર્તનમાં છે, તે સ્થિતપ્રજ્ઞને
અસંયમ અશક્ય છે, સ્થિરબુદ્ધિનો આધાર જ સંયમ છે.
અધર્મનો નાશ કરવા માટે ધર્મનો આશ્રય અનિવાર્ય છે.
ધર્મના ફળનો મોહ છોડવા માટે કર્મફળત્યાગનો આશ્રય
અનિવાર્ય છે. કર્મફળત્યાગનો અહંકાર છોડવાને માટે
ઈશ્વરાર્પણ બુદ્ધિ અનિવાર્ય છે અને છેલ્લે અદ્વૈતાનુભવ
માટે ઈશ્વરને પૂર્ણ પ્રેમમાં સમાવા દેવો અનિવાર્ય છે.

Imp અશુભ કર્મોથી છૂટવા માટે શુભ કર્મ,
શુભ કર્મના ફળોથી છૂટવા માટે ઈશ્વરાર્પણ - આજ્ઞાપાલન
અને આજ્ઞાપાલનના ચિન્તનમાંથી મુક્ત થવા માટે
નિર્વિકલ્પ પ્રેમની પ્રાપ્તિ - એ જ અનુક્રમે
કર્મયોગ, ભક્તિયોગ અને રાજયોગનો ક્રમ છે.
ત્રણે મળીને મુક્તિમાર્ગ બને છે.

૦ તુલસી મમતા રામ સોં, સમતા સબ સંસાર;
રાગરોષ ન દોષદુઃખ, દાસ ભયે ભવપાર. ...(૨)

## જગતની ૭ મુખ્ય શક્તિઓ

(૧) ગતિ (૨) ધ્વનિ (૩) ઉષ્મા (૪) પ્રકાશ
(૫) સંયોગ (૬) વિદ્યુત (૭) ચુંબક શક્તિ
movement, sound, heat, light, cohesion, electricity and magnet.

## આત્માની ૭ મુખ્ય શક્તિઓ

(૧) પરાશક્તિ (૨) જ્ઞાનશક્તિ (૩) ઇચ્છાશક્તિ (૪) ક્રિયા-શક્તિ (૫) કુંડલિનીશક્તિ (૬) માતૃકાશક્તિ (૭) ગુહ્યશક્તિ.
તે શક્તિઓને જ તાંત્રિકો રૂપક વડે સમજાવે છે કે:
(૭) લોક (૭) સમુદ્ર (૭) પર્વત (૭) ઋષિ વગેરે.

## મૂળ વસ્તુ - બ્રહ્મ

'શબ્દ જ્ઞાનાનુપાતી વસ્તુશૂન્યો વિકલ્પઃ'।
વિકલ્પ એ જ્ઞાન અને શબ્દને અનુસરીને હોય છે.
મૂળ વસ્તુના જ્ઞાનથી તે શૂન્ય હોય છે, તેથી વિકલ્પનો અર્થ થાય છે કલ્પનાથી આરોપિત ધર્મનું જ્ઞાન.
મૂળ વસ્તુ બ્રહ્મ છે. જેને જગતનું ભાન હોય છે, તેને બ્રહ્મનું જ્ઞાન હોતું નથી, તેથી તે જ્ઞાન વિકલ્પજ્ઞાન છે.
જ્ઞાનીને મૂળ વસ્તુ બ્રહ્મનું જ્ઞાન હોય છે, તેથી તે જ્ઞાન નિત્ય અને નિર્વિકલ્પ હોય છે.

## કૈવલ્ય - કુંભકતા કોને કહે છે ?

'પોતે આત્મસ્વરૂપ છે' એ ભાન જાણીને રહેવું છે. એવી વૃત્તિમાં પ્રથમ આનંદ રહેવું છે. પછી તે આનંદની વૃત્તિ લીન થાય અને એક પ્રકારની અસ્મિતા રહે છે, પછી તે વૃત્તિ પણ લીન થાય છે અને વૃત્તિરહિત સ્થિતિ આવે છે, પછીથી તે નિત્ય આત્મસ્વરૂપ જ રહે છે, તેને અનુભવ કરવો પડતો નથી, તેનું સ્મરણ, ચિંતન કે અનુસંધાન કરવું પડતું નથી. તેને જ કૈવલ્ય - કુંભકતા કહે છે, કેમકે ત્યાં કુંભક પ્રાણનો જ અનુભવ થાય છે.

स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ।

नाहं कर्ता हरिः कर्ता । - १८/४६

आत्मबुद्धि = अध्यात्मचेतसा ।

मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा ।

કર્મયોગ, રાજયોગ, ભક્તિયોગનું ફળ સમત્વયોગ છે. રાજ એટલે આત્મનિષ્ઠા, ભક્તિ એટલે ભગવન્નિષ્ઠા.

'શુચિશ્રવા' એ ભગવાનનું વિશેષણ છે.

मम माया दुरत्यया । मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।

અર્થાત્: મારી માયાનો પાર પામવો અઘરો છે, તેથી મને જે સ્વીકારે છે, તેઓ જ આ માયાનો પાર પામે છે.

## જગતસ્થિતિ અને ઈશસ્થિતિ

જગતસ્થિતિ દુઃખરૂપ છે, ઈશસ્થિતિ નહિ.

ઈશસ્થિતિ બંધનકારક નથી, જગતસ્થિતિ બંધનકારક છે.

ઈશસ્થિતિનો નહિ પણ જગતસ્થિતિનો ત્યાગ ઇષ્ટ છે.

વૃત્તિ અંતર્મુખ કરવી = દેહબુદ્ધિને ત્યાગી આત્મબુદ્ધિ કરવી.

દેહબુદ્ધિ એ સંકોચ ધર્મ છે, તેથી દૃષ્ટિ સંકુચિત બને છે

અને જગ બાબતનો વિચાર કરતો નથી.

મુક્તિ = જગતસ્થિતિમાંથી મોક્ષ. ઈશસ્થિતિ કાયમ રહે છે.

સંકુચિતતા એટલે જગતસ્થિતિ.

સંકુચિતતાનો ત્યાગ એટલે સર્વ સાથે એકરૂપ થઈ વર્તવું.

કૃપા ઈચ્છનારે (બાબા જેવો ઉંમર) કૃપા કરવી, તેથી

ભગવત્કૃપા સહેજે ખેંચાઈ આવે છે.

બાબા ઉંમર દયા, ક્ષમા અથવા કૃપા કરવાની

વૃત્તિ અને ટેવ જેટલાં પ્રમાણમાં હશે,

તેટલાં પ્રમાણમાં વાતાવરણમાંથી

ભગવત્કૃપા આપણા તરફ ખેંચાઈ આવશે.

ભગવદ્ભાવ એટલે ભગવત્રૂપ - સ્વરૂપ થવું.

પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ । અર્થાત્‌ઃ

પરસ્પરનું કામ કરતાં જ પરમ કલ્યાણ સધાય છે.

## ઈક્ષમાહ્ય, સમાક્ષમાહ્ય અને સુસમાક્ષમાહ્ય

મોટા લાભમાં કૃપાને જોયા, તે ઈક્ષમાહ્ય,
સામાન્ય લાભમાં કૃપાને જોયા, તે સમાક્ષમાહ્ય અને
નુકસાનમાં પણ કૃપાને જોયા, તે સુસમાક્ષમાહ્ય છે.

મન, વચન અને કાયાથી પ્રભુને નમન કરવું એટલે
ત્રણેની ક્રિયા કરતી વખતે અહંકારરહિત થવું અને
'ભગવાન બધું સારું જ કરે છે' એમ જોવું.

નિમિત્ત કે વસ્તુમાં આનંદ ન માનતાં
કૃપામાં જ આનંદ અનુભવવો, તે પ્રભુને નમન છે.

સંકોચ એ જડધર્મ છે, તેથી વર્તુળ નાનું બને છે.

પ્રવૃત્તિનું મધ્યબિંદુ વ્યષ્ટિ મટી સમષ્ટિ થાય,
ત્યારે જ મુક્તિ મળે. કમભક્ત = કમબખ્ત = કલિયુગ.

નામજપ એ ભક્તિસ્વરૂપ છે, તેથી ભક્તિમાં જેટલાં
વાનાં જોઈએ, તેટલાં વાનાં નામજપમાં પણ જોઈએ.
શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ, સમર્પણ, શરણાગતિ, ભાવ આદિ
જેટલાં વધે, તેટલાં ફાયદા વધે.

નામજપ એ યોગ છે, તેથી
તેનું સામાન્ય ફળ મનોબળની પ્રાપ્તિ તથા વિશિષ્ટ ફળ
હૃદયની પ્રસન્નતા અને તેથી ઇષ્ટની સિદ્ધિ છે.

નિયત કર્મ એટલે... ભગવાને સોંપેલાં - કરેલાં કર્મ.
તેવા કર્મો નિયત હોવાથી સહજ હોય છે.
પ્રભુનું શરણું નહિ લો, તેને માયાનું શરણું લેવું પડે છે.

સ્ત્રી, પુત્ર, ધન, કુટુંબ, મિત્ર વગેરે
અનિત્ય, અશરણ અને અજ્ઞાની છે.

અશરણ એટલે અસમર્થ. નિત્ય, સર્વજ્ઞ, સર્વસમર્થનું શરણ જ નિશ્ચિંત બનાવે છે, પરમ શાંતિને સમર્પે છે.

अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः । [illegible]

હું તને સર્વ પાપોથી મુક્ત કરાવીશ. શોક ન કર.

ભક્તનું આત્મનિવેદન કેવું હોય?

સતી સ્ત્રી પતિના ગુણોનું શ્રવણ-કીર્તન-સ્મરણ તથા વંદન, અર્ચન, પાદસેવન પણ સહજપણે કરે છે. તે ભોજનકાળે દાસ્ય, આપત્કાળે સખ્ય અને શયનકાળે પતિસ્મરણમાં સર્વસમર્પણ સહજપણે જ કરે છે. સતીની જેમ ભક્તનું આત્મનિવેદન સ્વાભાવિક હોય છે.

'धार्यते इति धर्मः ।'

જેનાથી બધાનું ધારણ - પાલન - રક્ષણ થાય, તે ધર્મ.

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः संगवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव ! ॥ ११/५५

(પરિશિષ્ટ-૧૦)

અશક્ત અને દુષ્ટ બાળકોની ચિન્તા જેમ મા-બાપને
વધારે હોય, તેમ પરમાત્માને આપણી ચિન્તા વધુ છે.

સૂર્યનો સ્વભાવ પ્રકાશ આપવો તે,
પરમાત્માનો સ્વભાવ કૃપા કરવી તે.

કૃપા ન કરવી, એ ભગવાન માટે અશક્ય વાત છે.
આ કૃપા સહજ, અકારણ અને નિરપેક્ષ હોય છે.

क्षिप्रं भवति धर्मात्मा । अचिरात् ।

ભગવાનની સહાયથી તે સરળતમ છે.

नैतान् विहाय कृपणान् विमुमुक्षुः एकः । - प्रह्लाद

પ્રહ્લાદ કહે છે : દુનિયાના આટલાં બધા દુઃખી જીવોને
છોડીને મને એકલાને મુક્તિ ન ખપે!

ધ્યેય છે પરમ સુખ - આનંદસ્વરૂપતત્ત્વ - જે આત્મતત્ત્વ.
તેને નિત્ય હોવાથી સત્ - ચેતન હોવાથી ચિત્ કહે છે.
પરમ સુખરૂપી ધ્યેય આત્મતત્ત્વમાંથી જ મળી શકે.

'આ જોઈએ જ...'

એવી આસક્તિયુક્ત વાસના કે કામના એટલે વિકલ્પ.
વાસના જવાથી વિકલ્પ જાય અને
વિકલ્પ જવાથી અંદરનું આત્મસુખ અનુભવાય.
વાસના ન હોય, તેને પરમ સુખ સ્વાભાવિક જ છે.

પરમસુખનું સાધન વાસનાક્ષય. પ્રભુ જીવનનું ધ્યેય છે.
મુક્તિ એ સાધ્ય અને આત્મજ્ઞાન તેનું સાધન.
આત્મજ્ઞાનનું સાધન શ્રવણ, મનન અને નિદિધ્યાસન.
નિદિધ્યાસ = નિત્ય અનુસંધાન. 'હું આનંદસ્વરૂપ સદા
આત્મા છું' એવું સ્વરૂપાનુસંધાન, તે સૌથી સહેલું છે.
શરણાગતિ એક જ તેનો ઉપાય છે.
આત્માના અનુભવી સંત જ ભ્રમ ભાંગી શકે.
પૂર્ણ વિશ્વાસ = ભક્તિ. તેનું શ્રેષ્ઠ સાધન આત્મૌપમ્યતા.
રોજના વ્યવહાર બધાં સાથે કરવા છતાં બધે
કાયમ બ્રહ્મદૃષ્ટિ રાખવી, નિયત કર્મ એક ભગવત્પૂજન.
જેમ પહેલાં માટી - પછી ઘોડો, પહેલાં સોનું - પછી કડું,
તેમ પહેલાં બ્રહ્મ, પછી નામ - રૂપવાળું અનિત્ય જગત.
જગત = જનારું. શરણાગતિ એટલે અંતઃકરણનો લય,
કોઈ ક્રિયા નહિ, તેથી તેનું ફળ તત્કાળ અનુભવાય છે.
શરણાગતિના ફળ છે નિશ્ચિંતતા, આનંદ, શાંતિ.
પ્રભુ શાંતસ્વરૂપ છે, માટે શાંતિ એક ખરો ઉપાય.
સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાંતિમૃચ્છતિ | શ્રીહરિઃ
મને ભિન્ન જાણીને સર્વ જીવો શાંતિ પામશે.
o વિટ એટલે ઈંટ, તેના ઉપર ઉભેલાં તે વિઠોબા.

પરમ શાંતિ સહજ બનાવવા ફક્ત જે વાત જાણવાની છે:

(૧) પોતે આનંદસ્વરૂપ આત્મા છે, માટે
સુખ બહાર નહિ પણ આપણી અંદર જ છે.

(૨) ભગવાન માતા, પિતા, સુહૃદ, આશ્રયરૂપ મિત્ર છે,
કૃપાળુ છે, માટે કોઈ વાતની ચિંતા કરવાની જ નહિ.

આમ જાણવાથી પરમ શાંતિ સહજ બને છે.
આપણે જે કાંઈ કરવાનું છે, તે સર્વ નિયત થયેલું છે.
માટે આપોઆપ જ બની રહેશે, ચિન્તાની જરૂર નહિ.
'આ વાત જાણવી' એટલે તે પ્રમાણે થવું, આચરવું.
મોક્ષ માટે બીજી કોઈ ખાસ ક્રિયા કરવાની નહિ,
માત્ર સ્વધર્મને જાણીને આચરવાનો છે.

તે લાભ ભક્તિથી પ્રાપ્ત થાય. ભક્તિના ૪ અંગ છે:

(૧) શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં ઉપાસીત ।

(૨) તે માટે મુમુક્ષુતા જોઈએ. મુમુક્ષુતા તે અધ્યાત્મનો પાયો છે, તે હોય તો બધું આવી મળે છે. જરૂરીયાત પોતે જ જોઈતું બધું શોધી કાઢે છે. તત્પરાયણને વૈરાગ્ય પણ સહજ હોય છે. તે સંયતેન્દ્રિય પણ પણ આપોઆપ બને છે. (3) ભક્તિનો વિષય આત્મા અને (૪) ભક્તિ કરવા માટેની પદ્ધતિ છે:
નમ્રતા, વિનય તથા પૂર્વગ્રહરહિત સેવાદિ, પ્રશ્ન.

શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં ઉપાસીત ।

તદ્વિદ્ધિ પ્રણિપાતેન, પરિપ્રશ્નેન, સેવયા । અર્થાત્:
આત્મામાં રહેલાં શ્રોત્રિયની ઉપાસના કરવી.
તે પ્રણામ દ્વારા, જિજ્ઞાસા વડે અથવા સેવા વડે થાય.
શ્રવણ પછી આવે છે મનન. મનન = કેવળ તર્કથી
નહિ પણ જીવનથી તેને અનુભવવું તે. આત્માનો અને
પ્રભુકૃપાનો અનુભવ પોતાની અંદર જ કરવાનો છે.
નિદિધ્યાસન, નિષ્ઠા (સ્થિતિ), ત્રિગુણાતીતતા, બ્રહ્મસ્થિતિ
અને ઔષધિ સાથે વિરેચન - અનુપાન - પરેજી જરૂરી છે.
અભિમાન છોડવું તે વિરેચન, શ્રદ્ધા રાખવી તે અનુપાન
અને સ્વકર્મસેવન એ પરેજી છે, વળી મળે જીવનમુક્તિ.
ચિંતનથી ચિત્તચંચળતા ઘટે, ચિંતાથી ચિત્તનો ઉદ્વેગ વધે.
ચિન્તન માટે પ્રભુનું સતત સ્મરણ કરવું લાભદાયક છે.
કારણ વિના કાર્ય ન થાય. દરેક વસ્તુ કાર્ય - કારણના
નિયમને અનુસરીને જ વર્તે છે. કર્મણો ગહના ગતિ: ।
નિયમ અને નિયંતા એક છે. આત્મસત્તાની સ્વસ્વરૂપમાં
સ્થિત હોય તો નિયંતામાં - પ્રભુમાં એકાકાર થવાય છે.
પછી કાર્ય - કારણનો સિદ્ધાંત બાધક રહેતો નથી.
તે વખતે પ્રકૃતિ ઉપર વિજય મળેલો હોય છે.

જ્ઞાન = હેય - જ્ઞેય - ઉપાદેયને તે રૂપે જાણવું.

દર્શન = હેય - જ્ઞેય - ઉપાદેયને સદ્દહવું.

ચારિત્ર = જે હેય છે, તેનો પ્રત્યાખ્યાનપૂર્વક છોડવું.

તપ = ઉપાદેય છે, તેનો પ્રત્યાખ્યાનપૂર્વક ગ્રહણ કરવું.

આર્હન્ત્ય = આત્મા = સર્વસત્તા = સર્વસત્તાધીશપણું.

સત્તા = જ્ઞાનરૂપે અસ્તિત્વ, શક્તિરૂપે અસ્તિત્વ.

શક્તિ = નિગ્રહાનુગ્રહ સામર્થ્ય. ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાનમ્ ।

જ્ઞાનરૂપે અને આત્મારૂપે પ્રભુની વિદ્યમાનતા સર્વત્ર છે.

જ્યાં જ્યાં રાજ્યસત્તા છે, ત્યાં ત્યાં તેના હુકમ ચાલે છે.

આપણી રાજ્યસત્તાની જેમ જ
એકેન્દ્રિયથી પંચેન્દ્રિયપર્યન્ત જીવોની રક્ષાનું કાર્ય કરતાં
પ્રભુનું રાજ્ય પણ ત્રણ ભુવનની પ્રજાનું રક્ષણ કરે છે.

કઈ પરંપરામાં શેનું ધ્યેય ?

વૈદિક પરંપરામાં બુદ્ધિનું જાગરણ,
વૈષ્ણવાદિ પરંપરામાં સુખ - સમૃદ્ધિનું ધ્યેય,
ઉપનિષદોમાં જીવાત્મા - પરમાત્માના અભેદનો સાક્ષાત્કાર
તથા જૈન પરંપરામાં આત્મસાક્ષાત્કારનું લક્ષ્ય - ધ્યેય છે.
જૈન ધર્મ જીવાત્મા - પરમાત્માનો અભેદ માને છે,
છતાં તેમાં ભેદનો પણ સ્વીકાર છે.

આત્મા - પરમાત્માનો ભેદ ઉત્પાતકારક નહિ, કિન્તુ ભેદબુદ્ધિ જ ઉત્પાતકારક છે.

વેદાન્તની દૃષ્ટિમાં બધા ભેદ મિથ્યા છે.

જૈનદૃષ્ટિમાં વ્યક્તિગત ભેદનો અપલાપ નહિ.

આત્મા અનંત સંખ્યામાં છે, દરેકનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ સ્વતંત્ર છે પણ તે અસ્તિત્વ સ્વાર્થસાધનામાં વપરાય તથા બીજા કરતાં પોતાનું અધિક મહત્ત્વ સ્થાપવામાં આવે, ત્યારે જ વૈષમ્ય ઉત્પન્ન થાય છે. તેનું નિરાકરણ સામાયિક ધર્મની સાધના વડે થાય છે.

## વિષમતાના અનેક રૂપ

રાજા - રંક, ધનવાન - દરિદ્ર, બ્રાહ્મણ - શૂદ્ર,
બળવાન - દુર્બળ, સ્ત્રી - પુરુષ, ક્રૂર - કોમળ,
સાત્ત્વિક - કાયર, પંડિત - મૂર્ખ, જ્ઞાની - અજ્ઞાની...

એ બધા ભેદની ઉપર શુદ્ધ આત્મા છે. ત્યાં સમતા છે, વિષમતા નહિ, તેને મેળવવા, તે સામાયિકનું ધ્યેય છે. બાહ્ય જગતનો સંબંધ તોડી, અભ્યંતર મહાસત્તા એવી અનંતચતુષ્ટયની, સચ્ચિદાનંદઘનની પ્રાપ્તિ એ લક્ષ્ય છે.

## દુષ્પ્રણિધાન યોગ એટલે...

મન - વચન - કાયાની શક્તિનો અનુચિત વિનિયોગ.

## જાપના પાંચ પ્રકાર

<u>શબ્દજાપ, મૌનજાપ, સાર્થજાપ, ચિત્તસ્થજાપ, ધ્યેયૈક્યજાપ.</u>

અર્થની ભાવનાવાળો સાર્થ અને ધ્યેયની સાથે આત્માનું ઐક્ય સધાય, તે જાપની સિદ્ધિ, તેનું નામ જાપસ્વરૂપ.

પ્રત્યેક ક્ષેત્રમાં સામાયિક - સમત્વ - ન્યાયની જરૂર છે.

શ્રુતધર્મ = શબ્દબ્રહ્મ, ચારિત્રધર્મ = પરબ્રહ્મ.

સાધના = યોગો - કષાયોથી ઉપર ઉઠવાનો અભ્યાસ.

0 સ્થૂળ શરીર = ઔદારિક શરીર,

સૂક્ષ્મ શરીર = તૈજસ શરીર, કારણ શરીર = કાર્મણ શરીર.

धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।

ધર્મ = આત્માની ચૈતન્યરૂપતા, તન્મયતા તથા શ્રદ્ધા, અનુભૂતિ, વિશ્વાસ અને પ્રતીતિ. બ્રહ્મચર્ય = કામનાનો નિરોધ અને બ્રહ્મ, આત્મા અથવા પરમાત્મામાં રમણ.

કોઈનું મારે ન જોઈએ અને મારું સૌના કામમાં આવે, એવી ભાવનાનું નામ 'ઉદારતા' ગણાય.

0 न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ ५/१४
नाऽदत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ ५/१५

(પરિશિષ્ટ-૧૧)

## નવ તત્ત્વને સમજવા એક દૃષ્ટાંત

સંસાર એ સમુદ્ર છે, કાષ્ઠની હોડી તે શરીર છે,
જીવ તેમાં બેઠો છે.

(૧) જીવતત્ત્વ - હોડીને ચલાવનાર.
(૨) અજીવતત્ત્વ - હોડી આદિ શરીર.
(૩) પુણ્યતત્ત્વ - શાતાદિ અનુકૂળ પવન.
(૪) પાપતત્ત્વ - અશાતાદિ પ્રતિકૂળ પવન.
(૫) આસ્રવ - હોડીને છિદ્રો, કર્મરૂપી પાણી અંદર આવે.
(૬) સંવરતત્ત્વ - છિદ્રોને ઢાંકી દેવા તે.
(૭) નિર્જરાતત્ત્વ - પાણીને ઉલેચવું તે.
(૮) બંધતત્ત્વ - ક્ષીરનીરન્યાયે પાણી સાથે કાષ્ઠનું મળવું.
(૯) મોક્ષતત્ત્વ - હોડીનું સામે કિનારે પહોંચવું.

૦ ભૂલનું ભાન આનંદપ્રદ બને છે અને તેની સમજરૂપે નમ્રપૂર્વક તે ભૂલને સુધારવાનું જીવન મળે છે.

કર્મ અને તેના ફળનું અર્પણ - તે ગૌણ ઈશ્વરપ્રણિધાન છે. પ્રભુ કે ઈશ્વરમાં કર્મફલપ્રદાતૃત્વ માનવાથી ક્રૂરતા અને વિષમતા જે દોષો પ્રાપ્ત થાય છે. અભ્યુદય અને નિઃશ્રેયસનો ઉપદેશ કરનાર વીતરાગી ઈશ્વરપ્રણિધાન છે. સ્વાભાવિકી જ્ઞાનબલક્રિયા ચ ।

ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ સ્વાભાવિકી છે. સર્વદા
મુક્ત અને સર્વદા ઐશ્વર્યવાન ઈશ્વર શાસ્ત્રસિદ્ધ છે.

રજોગુણ તાપક અને સત્ત્વગુણ તપ્ય છે.

સત્ત્વગુણ બુદ્ધિરૂપે પરિણમે છે. તમોગુણને લીધે બુદ્ધિ
પોતાને અભિન્ન માનનારો પુરુષ સત્ત્વગુણ તપતાં
'હું તપું છું' એમ માને છે.

ભ્રાંતિ વડે પોતાને તપતો માનનાર જીવ સત્કારપૂર્વક,
નિરંતરપણે, દીર્ઘકાળ પર્યન્ત યમ-નિયમાદિ યોગાંગોનું
અનુષ્ઠાન અથવા ઈશ્વરપ્રણિધાન કરે, તો સત્ત્વની
અને પુરુષની ભિન્નતારૂપ વિવેકખ્યાતિ તેને
સ્પષ્ટ થાય છે, અવિદ્યાદિ ક્લેશો નિર્મૂળ થાય છે તથા
ધર્માધર્મના કર્માશયોનો અત્યંત ઉચ્છેદ થઈ જાય છે.
અવિવેક વડે પુરુષને તાપનો સંબંધ હોવાથી અનુગ્રહ
કરનાર ઈશ્વરપ્રણિધાનને સ્વીકારવામાં દોષ નથી.

ઐશ્વર્યની પરાકાષ્ઠા તે ઈશ્વરત્વ છે,
સામ્યપણાંથી કે અતિશયથી તે અત્યંતરહિત છે.

સર્વજ્ઞ બીજમ્ - સર્વજ્ઞ - જ્ઞાપકં નિરતિશયં જ્ઞાનં ।

અર્થાત્: [illegible]

સર્વજ્ઞને જણાવનાર નિરતિશય જ્ઞાન.

ઈશ્વરનું પ્રણિધાન કરનારો સાધક
પરિણામે સર્વના આત્મરૂપે થાય છે એટલે દેવાદિ પણ
તેના યોગમાં વિઘ્ન કરવાને સમર્થ થતાં નથી.
ઈશ્વરના પ્રણિધાનથી પુરુષને બુદ્ધિપૂર્વક સમાધિલાભ
અને તેના ફળ રૂપે કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અવિરતિ એટલે વૈરાગ્યનો અભાવ,
અથવા તો વિષયો અને વિષયજનોના સંગનો અત્યાગ.

મૈત્રી જે સ્નેહપરિણામ એટલે કૃપાભાવ.

મુદિતા જે હર્ષપરિણામ એટલે શોકાભાવ.

ધર્મની અવબોધ થવામાં અંતરાય કરનારી જડતા છે.
ધર્મનું પાલન કરવામાં વિઘ્નકારી વક્રતા છે.
જડતાને પ્રાજ્ઞતાથી - વક્રતાને ઋજુતાથી જીતવા જોઈએ.

ધર્મોત્સવો એ ભાવઅનુકંપાજનિત કાર્યો છે. એ
કાર્યને સમ્યગ્દૃષ્ટિ જીવો દ્રવ્યઅનુકંપાથી અલંકૃત કરે છે.
એથી ધર્મ પામેલાં - નહિ પામેલાં ઉભયને લાભ થાય
છે અને તદ્ ઉપરાંત ધર્મ નહિ પામેલાં સૌ જીવોને
ધર્મની અનુમોદના કરવાની તક પ્રાપ્ત થાય છે.

વિશોકા એટલે દુઃખરહિતતા.
જ્યોતિષ્મતી એટલે પ્રકાશરૂપા.

ઇંદ્રિયોનો અસંયમ એ વિષયદોષજનક છે,
મનનો અસંયમ એ કષાયદોષજનક છે અને
યોગોનો અસંયમ એ હિંસાદોષનો જનક છે.

અહિંસા માટે યોગનિગ્રહ, સંયમ માટે ઇંદ્રિયનિગ્રહ
અને તપ માટે મનોનિગ્રહ જરૂરી છે. એમ કહે, ઇંદ્રિય,
મનનો નિગ્રહ અહિંસા - સંયમ - તપમાં પરિણમે છે.

વૈરાગ્ય એ ધર્મનો પાયો છે. પાયા વિના ઇમારત કેવી?

જેમ પુદ્ગલનો રાગ ઘટે, તેમ આત્માનો રાગ વધે છે.

બધી પ્રશંસા ઈશ્વર માટે છે,
જે છે સમગ્ર જગતનો પાલનહાર, દયાળુ તથા માયાળુ
અને પ્રલયના દિવસનો ધણી તથા ન્યાય કરનાર છે.
પ્રભુ! અમે તારી જ પ્રાર્થના કરીએ છીએ અને
તારી જ સહાય માગીએ છીએ.
હે ઈશ્વર! તારા આશીર્વાદથી અમને સન્માર્ગે ચાલવાનું
માર્ગદર્શન આપ, જેથી અમે કદી યે માર્ગ ભૂલીએ નહિ.

દુઃખ મળ્યું દુઃખ ભૂલવા માટે
રોજ ધર્મ મળ્યું સુખ વિચારવું જોઈએ.

'સાંસારિક જીવનમાં સુખ-દુઃખ અને સંઘર્ષ - ઝઘડામાં
હાસ્ય નવા જીવનની ગરજ સારે છે.' - ચીની કહેવત

## ૫૪ દુર્લભ ગુણો

[1]જિનઅરિહંતભગવંતની સેવા, [2]સુગુરુપાદ પર્યુપાસન, [3]સ્વાધ્યાયમાં પ્રવૃત્તિ, [4]શુદ્ધ બોધ, [5]સુગુરુનો યોગ, [6]ઉપશમ, [7]દયાળુતા, [8]નિશ્ચય સમ્યક્ત્વ, [9]વ્રતોનું અખંડ પરિપાલન, [10]લહાવું, [11]ગહાવું, [12]વિનય, [13]ભક્તિ, [14]નિર્મદિતા, [15]નિશ્ચય તથા [16]વ્યવહાર, [17]ઉત્સર્ગ - [18]અપવાદની સમજણ, [19]મન - [20]વચન - [21]કાયાશુદ્ધિ, [22]નિર્વિકારિતા, [23]પરોપકાર, [24]ધ્યાનમાં નિશ્ચલતા, [25]પરનિંદા - પરિહાર, [26]સ્વપ્રશંસાનો પરિહાર, [27]સંવેગ, [28]નિર્વેદ, [29]નિર્મળ શીલ, [30]દાનમાં ઉલ્લાસ, [31]દુષ્કૃતગર્હા, [32]સુકૃતાનુમોદના, [33]પ્રાયશ્ચિત, [34]તપશ્ચરણ, [35]શુભ ધ્યાન, [36]નવકાર, [37]નવપદ, [38]નવતત્ત્વનો બોધ, [39]ગુણરુચિ, [40]પાપભીરુતા, [41]સહૃદતા, [42]હૃદયની કોમળતા, [43]મધ્યસ્થતા, [44]દીર્ઘદર્શિતા, [45]વિશેષજ્ઞતા, [46]કૃતજ્ઞતા, [47]લબ્ધલક્ષ્યતા, [48]અશઠતા, [49]લજ્જાળુતા, [50]સત્કથતા, [51]સુપક્ષયુક્તતા, [52]જનપ્રિયતા, [53]ન્યાયપ્રિયતા, [54]દૃઢ પ્રતિજ્ઞતા ઇત્યાદિ ૫૪ ગુણો દુર્લભ છે. ભવચક્રમાં દુર્લભ, દુર્લભતર અને વળી દુર્લભતમ એવા આ સામગ્રીઓ મળી છે.

આ દુર્લભ ગુણોની પ્રાપ્તિના પ્રમોદ તથા હર્ષમાં દુઃખપ્રાપ્તિનું દુઃખ અને સુખપ્રાપ્તિની લોલુપતા થતી સર્વ પ્રકારની ગ્લાનિ વિલીન થઈ જાય છે.

લોચજનિત નિર્જરાથી શું બને? ફા. સુદ ૧૩, નરોડા

દુઃખમાં પણ આત્મભાવને ભાવિત કરવા માટે
લોચનું વિધાન અનુપમ સામગ્રી પૂરી પાડે છે.
એક એક વાળાગ્રના મૂળમાં અસંખ્ય પ્રદેશોના કંપન વડે
અદ્ભુત શાંતિનો અનુભવ કરી શકાય છે.
લોચ પછી ધ્યાનમાં બેસતાં અપૂર્વ સ્થિરતા અને
તે દ્વારા વિશુદ્ધિની વૃદ્ધિ અનુભવાય છે, કે જે વિશુદ્ધિ
લોચજનિત નિર્જરાથી ઉત્પન્ન થયેલ માલુમ પડશે.

પરમાત્મા સાથે સમાપત્તિ સિદ્ધ થવાથી
તેમના શુદ્ધ ગુણપર્યાયોનું પ્રતિબિંબ આત્મામાં પડી શકે.
સાક્ષાત્ દર્શન - મિલનથી જેવું કાર્ય થાય,
તેવું જ કાર્ય સિદ્ધ થઈ શકે. 'સિદ્ધપ્રાભૃત'માં સિદ્ધોનું
સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ રીતે સમજાવેલ છે.

મનુષ્યજન્મની કૃતાર્થતા હરિદર્શનમાં છે. એ હરિ અને
પરમ ચૈતન્યતત્ત્વ વિશ્વના અણુએ અણુમાં વ્યાપ્ત છે.
એ આ બ્રહ્માંડમાં જ છે, બ્રહ્માંડથી દૂર કે પર નથી અને
છતાં આપણે તેની શોધ કરવાને બદલે પ્રમાદમાં
પડી જઈએ છીએ અને ખરેખર જે જોવા યોગ્ય છે,
તેને વિસરીને આપણી નજર બીજે જ દોડાવીએ છીએ.

પ્રભુને વિસરીને બીજે જ નજર દોડાવવાનાં પરિણામે
સાંસારિક શોક તથા મોહના અગ્નિથી સંતપ્ત થઈએ છીએ.

આપણા ચર્મચક્ષુથી એ પરમ ચૈતન્યતત્ત્વ,
એ શ્રી હરિ, ભગવાન દેખાય તેમ નથી. એમને જોવા
માટે દિવ્યચક્ષુ જોઈએ અને એ દિવ્યચક્ષુ તો જ મળે,
જો શ્રી હરિ પોતે કરુણા કરે તો... એટલે તે માટે
શ્રી હરિની કરુણાની યાચના કરવી, એ માર્ગ છે.

'પરસ્પરોપગ્રહો જીવાનાં ।'

આ સૂત્ર પરસ્પર ઉપકાર કરવાનો આદેશ નથી કરતું,
એ તો ઉપકારની ઓળખ આપે છે. સૂત્ર કહે છે કે:
પરસ્પરનાં કાર્યમાં નિમિત્ત બનવું, એ જીવોનો ઉપકાર છે.
બીજાના સુખ-દુઃખમાં આપણે અને આપણા સુખ-
દુઃખમાં બીજાઓ નિમિત્તમાત્ર છે, કર્તા કે સર્જક નહિ.

ઉપ = સમીપ, ગ્રહ = (સમીપ) લેનાર - કરનાર.

ઉપકાર કરનાર દરેક વ્યક્તિ માત્ર નિમિત્ત છે.

કોઈ કોઈનું ભાગ્ય બદલી ન શકે, કોણ કોનું ઋણ ચૂકવે છે?
કોણ કોનાં પાપ ધુવે છે? વાસ્તવમાં તે બધાં કર્મનાં જ
લેણ-દેણ છે. 'મેં તેનું ભલું કર્યું, તેણે મારું ભૂંડું કર્યું'
એવું વિચારવું સુદ્ધાં પણ પોતાનું અજ્ઞાન સૂચવે છે.

પરિણામ તો કર્માધીન છે. આપણે તો પ્રયત્ન કરી આખા
વ્યક્તિના સુખમાં અને દુઃખમાં નિમિત્ત બની શકીએ.
આવા નિમિત્તભાવથી પરસ્પરને ઉપયોગી કે ઉપકારી
બનીએ, ત્યારે દેખાતું જે ઉપકારનું કાર્ય છે, તેનો ક્રેડિટ
પરસ્પર ભાર રહેતો નથી. ઉપકાર લેનાર - આપનારની
આત્મીયતા વધે છે. પરસ્પરના કાર્યમાં નિમિત્તભૂતતા
સૂચવનાર આ સૂત્ર સર્વ જીવો સાથે યથોચિત વ્યવહાર
વડે સ્વ અને પરનું હિત સધાય પણ અહિત ન સધાય,
તેની પૂરેપૂરી સાવચેતી આપે છે.

આ સૂત્ર આપણા કર્તૃત્વના અહંકારનો વિલોપ કરે છે,
તે સ્વોપકાર માટે પણ પ્રતિપળ અને પ્રતિક્ષણ
પરના ઉપકારનો ખ્યાલ આપીને કૃતજ્ઞ બનાવે છે.

ધર્મના સાચા લક્ષણ છે...

વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણોનો અનુરાગ
અને મોક્ષસાધક સર્વ અનુષ્ઠાનોમાં અપ્રમાદ.
તે સર્વ જ્યાં હોય, ત્યાં ધર્મ સાચો છે.
ધર્મનું મૂળ અહિંસા છે, તેનું સાધન સંયમ અને તપ છે.
વિષયના વિરાગથી સંયમની પુષ્ટિ અને
કષાયના ત્યાગથી તપગુણની વૃદ્ધિ થાય છે.

ગુણના અનુરાગ વડે વિષય-કષાયના ત્યાગી એવા
પંચ પરમેષ્ઠિ ભગવંતો ઉપર ભક્તિ જાગે છે અને
ક્રિયામાં અપ્રમત્ત એવા તપ, સંયમ અને અહિંસાનું
શક્તિને ગોપવ્યા વિના પૂરેપૂરું પાલન થાય છે.

અહિંસા વડે અશુભ યોગોનો નિરોધ થાય છે,
તપ વડે ઇચ્છાનિરોધ થવાથી કષાય રોકાય છે,
સંયમ વડે વિષયોથી વિરામ પમાય છે અને
તેથી આપણી પાંચે પાંચ ઇંદ્રિયો વશ થાય છે.

કોઈપણ કાર્ય થાય, ત્યાં નિમિત્ત તરીકે બાહ્ય
વસ્તુ હોય જ છે. નિમિત્ત તરીકે જો જીવ હોય,
તો તે કાર્ય પરસ્પરને હિતાહિતમાં નિમિત્ત બને છે.

આપણું જેટલું હિત થાય છે, તેમાં નિમિત્ત
બીજા જીવ હોય જ છે, તેથી તે ઉપકારી બને છે.
એ વિચાર મૈત્રી-ભાવને વિકસાવે છે કે: 'આપણું જેટલું
અહિત થાય, તેમાં કારણ છે આપણા ઉપયોગની
અશુદ્ધિ, તેથી તેની જવાબદારી આપણા ઉપર છે.'
ધર્મના લક્ષણમાં ગુણાનુરાગ અને ક્રિયાઅપ્રમત્ત કહ્યાં,
તે અનુક્રમે કૃતજ્ઞતા અને પરોપકાર સમજવા.
કૃતજ્ઞતાથી કષાય જાય - પરોપકારથી વિષય જાય.

શુદ્ધોપયોગ એટલે રાગ-દ્વેષરહિત શુદ્ધ આત્મભાવ.

શુદ્ધ આત્મભાવ એ પિતાના સ્થાને છે અને
ધૃતિ અર્થાત્ આત્મરતિ એ માતાના સ્થાને છે.
ૐ મંત્રમાં મનની એકાગ્ર વૃત્તિ તે પિતાની જેમ પાલક
અને અર્હં મંત્રમાં ચિત્તનો સતત ઉપયોગ
તે માતાની જેમ વાત્સલ્યદાયક થાય છે. તે જ રીતે
'ૐ અર્હં નમઃ।' એ આત્મરક્ષક હોવા ઉપરાંત
પાલક, પોષક અને શાંતિ - તુષ્ટિ - પુષ્ટિદાયક છે.
ધર્મનું મૂળ વિનય - વિનય વડે માન અને ક્રોધ જાય.
ધર્મનું ફળ સંતોષ - સંતોષ વડે લોભ તથા માયા જાય.
વિનયના વિકાસ માટેનું સૂત્ર 'પરસ્પરોપગ્રહો જીવાનાં।' છે,
સંતોષગુણના વિકાસ માટે 'ઉપયોગો લક્ષણં।' એ સૂત્ર છે.
ઉપયોગ લક્ષણ જીવની સ્વતંત્રતાનો બોધક છે.
ઉપયોગગુણ બોધવ્યાપારરૂપ હોવાથી
તેના ઉપર જીવની સ્વતંત્ર સત્તા છે અને તે
અખૂટ હોવાથી શાંતિ અને સંતોષ આપનાર થાય છે.
ઉપગ્રહ એ પરસ્પર સંબંધદર્શક છે, તેથી
જીવમાં નમ્રતા આવે છે, કૃતજ્ઞતા વિકસે છે અને
નિષ્કામ પરાર્થવૃત્તિ પ્રગટે છે. ૐ = ઉપયોગ, અર્હં = ઉપગ્રહ.

આરામ = આ રામ. 'राम को जाने बगैर आराम नहि है।'

સર્વ જીવો તીર્થંકરના ઉપકાર તળે આવીને જ સિદ્ધિપદની સામગ્રી પ્રાપ્ત કરે છે, તેથી જીવની નમ્રતા કાયમ રહે છે.

એ ઉપકારનું ગ્રહણ ઉપગ્રહના તાત્પર્યમાંથી છે.

પરસ્પરના કાર્યમાં નિમિત્તભૂત બનવાની યોગ્યતા એ જીવનો સહજ સ્વભાવ છે, તેથી કોઈપણ ભાવમાં પરના ઉપકાર તળે આવવાનું થાય છે, માટે કૃતજ્ઞતા અનિવાર્ય છે.

'ઉપકારમાં પોતાનો અશુદ્ધ ઉપયોગ મુખ્ય છે';

એમ માનવાથી પુરુષાર્થવૃત્તિ જાગે છે.

સત્ય એક છે, તેનાં સ્વરૂપ અનંત છે.

વસ્તુના ગુણધર્મો અનેક હોય છે. વસ્તુના પ્રત્યેક અંતને, ગુણને, ધર્મને સ્વીકારવા અને દરેકમાંથી સત્ય તારવવું અને સ્વીકારવું, તેને 'અનેકાંત પદ્ધતિ' કહેવાય છે.

ધર્મનું મૂળ અહિંસા છે.

અહિંસા અને અનેકાંત આધ્યાત્મિક જીવનના પ્રાણ છે.

અહિંસા વડે આચાર ઉજ્જ્વળ બને છે,

અનેકાંત વિચારને વિશુદ્ધ અને વિશાળ બનાવે છે.

કોઈપણ એક સ્થિતિને અંતિમ કે છેવટની ન માનતાં તેની બીજી સંભવિતતાનો સ્વીકાર કરવો, તે સ્યાદ્વાદ.

સ્યાદ્વાદ એટલે... તત્ત્વનિશ્ચય સુધી
પહોંચાડનારી તર્કસંગત વૈજ્ઞાનિક વિચારપ્રણાલી.
સમાધાન અને શાંતિની પ્રાપ્તિનો તે ઉત્તમ માર્ગ છે.
કહ્યું છે કે: 'રવૈયા તણું નેતરું, એક છેડે ખેંચંત,
બીજે ઢીલું છોડતાં, માંખણ ગોપી લહંત;
તેમ એક અંતથી, વસ્તુનું તત્ત્વજ આકર્ષંત,
બીજે શિથિલ કરતાં, સ્યાદ્વાદ નીતિ જયવંત.' ...(૧)
પ્રમાણ અને નય વડે જ્ઞાન થાય છે.
વસ્તુનું પૂર્ણ દર્શન કરાવે, તે પ્રમાણ અને
પૂર્ણ સત્યનો એક અંશ જણાવે, તે 'નય' છે.
નિશ્ચયનય સૂક્ષ્મને ગ્રહણ કરે છે,
વ્યવહારનય સ્થૂળને સમજાવે છે.
ભિન્ન ભિન્ન વિચારોની દૃષ્ટિમાં ભેદ દેખાય,
ત્યારે વસ્તુને તેના યોગ્ય સ્થાનમાં ગોઠવી ન્યાય કરવો,
વિરોધનો પરિહાર કરવો તથા યથાર્થ-પૂર્ણ જ્ઞાન મેળવવું,
તે સપ્તભંગી સ્યાદ્વાદનું કાર્ય છે.
માનવજીવનની સાર્થકતા સત્યની શોધમાં છે અને
સત્યશોધન માટે અનેકાંત દૃષ્ટિ આવશ્યક છે.
અનેકાન્ત એ વિચાર સંબંધી અહિંસા છે.

'મમ એવ સત્યં' એ આભ્યંતર પરિગ્રહ છે.
ધન-સંપત્તિનો પરિગ્રહ એ જેમ પરિગ્રહ છે, તેમ
most Important
સત્યાસત્યની પરીક્ષા વિના જ
પોતાના વિચારનું મમત્વ એ પણ પરિગ્રહ છે.
બાહ્યપરિગ્રહ જેમ સ્થૂલ હિંસાનું કારણ છે, તેમ
આંતરપરિગ્રહ પણ સૂક્ષ્મ હિંસાનો જ હેતુ છે.
પોતાના પક્ષની જેમ જ વિરુદ્ધ પક્ષનાં મંતવ્યોના
સત્યદર્શન માટે તે જરૂરી છે કે:
આદરપૂર્વક વિચારણા કરવી અને વિરુદ્ધ પક્ષની જેમ
પોતાના પક્ષની પણ આકરી સમાલોચના કરવી.
સ્વપર અનુભવોમાંથી જે જે અંશો સાચા લાગે, તેનો
વિવેકબુદ્ધિ ઉપરાંત ઉદારભાવથી સમન્વય કરવો, જ્યાં
પોતાની ભૂલ જણાય, ત્યાં મિથ્યાભિમાનને ત્યાગી ભૂલને
સુધારી લેવી, તે જ અનેકાન્ત સિદ્ધાન્તનું તાત્પર્ય છે.
તેથી રાગ-દ્વેષનો ત્યાગ થઈ માધ્યસ્થભાવ કેળવાય છે.
આમ અનેકાન્તવાદથી રાગ-દ્વેષ ઘટી સમભાવ જન્મે છે,
સમતા વિકસે છે તથા માનસિક સંક્લેશ ઓછા થાય છે.
વૈચારિક અહિંસા અને પરિગ્રહ નિવારવાનો જે ઉપાય,
તેનું જ નામ 'અનેકાન્તવાદ.'

અનેકાન્તવાદ નહિ સંશયવાદ, નહિ અનિશ્ચયવાદ પણ
વિવિધ વિરોધોમાંથી અને વિસંવાદોમાંથી પણ પ્રગટતો
એવો એક પ્રકારનો સંવાદ છે.

કર્મબંધમાં રાગની મુખ્યતા છે, કર્મક્ષયમાં વીતરાગતાની.
વિષયોના જ્ઞાન માત્રથી જીવ બંધાતો નથી.
જો જાણવા માત્રથી કર્મબંધ થતો હોય, તો
કેવળજ્ઞાની ત્રણે લોકને જાણે છે પણ બંધાતા નથી.
જેનામાં વિષયોનું જ્ઞાન છે, પરન્તુ આત્માનું જ્ઞાન નથી,
તેવા રાગી જીવો જ કર્મથી બંધાય છે. વિષયોને અનાત્મ
અને અસ્થિર માની જેઓ અવિનાશી એવા આત્માનું
ધ્યાન કરે છે, તેઓ આત્માનુભૂતિ દ્વારા મિથ્યાત્વના
પહાડોને, અવિરતિની નદીઓને, કષાયરૂપી અગ્નિને અને
લોભરૂપી સાગરને લંઘી જાય છે તથા નિર્વાણનગરમાં
પહોંચીને શાંતિના અખંડ સાગરમાં મહાલે છે.

શિક્ષણનું સાધ્ય ડિગ્રી મેળવવી, ડિપ્લોમા પ્રાપ્ત કરવો
કે નોકરી પ્રાપ્ત કરવી તે નથી. શિક્ષણનું સાધ્ય તો છે
આત્મપરિચય અને વિશ્વપરિચય. સમષ્ટિની સાથે
વ્યષ્ટિનો સંબંધ થાય, તેનું જ્ઞાન અને એ સૌમાં જે
સંબંધો ઉત્પન્ન થાય, તેને જાળવવાની તાકાત સાધ્ય છે.

ઉપયોગો લક્ષણમ્ ।' એ આત્માનો પરિચય કરાવે છે. ઉપગ્રહો લક્ષણમ્ ।' વિશ્વનો પરિચય કરાવવાની સાથે સંબંધનું ભાન કરાવે છે, જેના ફળરૂપે વિનય, વિવેક અને જીવનમાં સંતોષ વગેરે સદ્‌ગુણો વિકસે છે. ઉપયોગ લક્ષણ વડે આત્માની સ્વતંત્રતા સિદ્ધ થાય અને ઉપગ્રહ લક્ષણ દ્વારા આત્માના વિકાસ માટે અનિવાર્ય એવો વિનયપ્રવૃત્તિનો કૃતજ્ઞતા ગુણ અને તેનું ભાવરૂપ કૃતજ્ઞતામય આચરણ સમજાય છે.

દુષ્કૃતગર્હાનું અંતિમ તાત્પર્ય સ્વકૃત દુષ્કૃતગર્હા છે. દુઃખ વખતે સ્વકૃતકર્મનો વિપાક સમજી તેને સમભાવે ભોગવવાથી અશુભ કર્મ ખપે છે, દુઃખમાં નિમિત્તભૂત બનનાર જીવ ઉપર સંક્લેશનો પરિણામ થતો નથી. અશુભ કર્મ અશુભ ઉપયોગથી બંધાય છે અને ઉપયોગ શુભ કે અશુભ કરવો, તેમાં જીવને સંપૂર્ણ સ્વાતંત્ર્ય છે. ઉપયોગો લક્ષણ જીવની તે વિષયમાં સંપૂર્ણ સ્વતંત્રતાનું બોધક છે. સુખ વખતે શુભ કર્મનો વિપાકોદય છે. શુભ કર્મનો બંધ શુભોપયોગ વડે થયો છે. તે શુભ ઉપયોગમાં નિમિત્ત કોઈને કોઈ જીવ રહેલ છે, તેનો ઉપકાર માનવો, તે અંતિમ સુકૃતાનુમોદનનું તાત્પર્ય છે.

મુક્તિ પામેલાનું શરણાગમન પણ સર્વ ભવના
નિવારણમાં કારણભૂત થાય છે, તેની પાછળ પણ
ઉપગ્રહનો સિદ્ધાંત જ પોતાનું કાર્ય કરી રહેલ છે.

ઉપયોગ માટે જીવને સંપૂર્ણ સ્વતંત્રતા છે,
તેમાં અન્ય કોઈની દખલ નથી. સુખ-દુઃખમાં અંતિમ
કારણ છે શુભોપયોગ અથવા તો અશુભોપયોગ જ.
અનંતર કારણ ઉપયોગ અને પરંપર કારણ ઉપગ્રહ છે.

ઉપગ્રહનો સિદ્ધાંત સદ્દહવાથી જ
જીવ ઉપયોગને શુભ અને શુદ્ધ બનાવી શકે છે.
આલંબન - નિમિત્તનો સુયોગ થવાથી જ કાર્યસિદ્ધિ થાય.

નિમિત્ત કારણભૂત તરીકે જીવરાશિ છે,
તો જીવ પોતે મૈત્ર્યાદિ અને ભક્ત્યાદિ વડે શુભ અને
તેના વિપર્યાસ વડે અશુભ કર્મ ઉપાર્જન કરીને
તેના ફળરૂપે સુખ - દુઃખનો ભોક્તા બની શકે છે.

## અધઃપાત તથા ઊર્ધ્વગતિ

બીજાના સાચા - ખોટા દોષોને જોનારો અધઃપાત તથા
સાચા - ખોટા ગુણોને જોનારો ઊર્ધ્વગતિને પામે છે.
બીજાના દોષવિષયક ઉપયોગ એ અશુભોપયોગ છે
અને બીજાના ગુણવિષયક ઉપયોગ એ શુભોપયોગ છે.

પોતે કેવો ઉપયોગ કરવો, તેની સ્વતંત્રતા પોતાને છે.
તે સ્વતંત્રતાનો સદુપયોગ કરવો, એ સત્પુરુષાર્થ છે અને
તે સ્વતંત્રતાનો દુરુપયોગ કરવો, એ અસત્પુરુષાર્થ છે.

મોક્ષનું અંતિમ કારણ સત્પુરુષાર્થ છે.

અનાદિ ભવભ્રમણમાં આ જીવને શુભ સામગ્રી પણ અનંતવાર મળી - અશુભ સામગ્રી પણ અનંતવાર મળી. શુભ સામગ્રીના સદુપયોગથી અનંતવાર ગ્રૈવેયકમાં અને દુરુપયોગ વડે અનંતવાર નરક - નિગોદમાં જીવ જઈ આવ્યો છે પણ શુદ્ધોપયોગ થયો નહિ, કારણકે જીવનું તત્ત્વવિષયક અજ્ઞાન છે. જીવતત્ત્વનું માહાત્મ્ય તેની શ્રદ્ધામાં અવતર્યું છે, અન્યથા અનંતાનંત જીવ સાથે પોતાનો સંબંધ સુધાર્યા વિના રહી શકે નહિ.

ઉપયોગલક્ષણ જીવને જાણ્યા પછી પણ જીવના પરસ્પર સંબંધને ન જાણે અને તે સંબંધ મુજબ પોતાના ભાવને સુધારવાની કોશિષ ન કરે, તો તેના સર્વ ક્લેશ તથા કર્મોથી મુક્તિ થવા અશક્ય છે. કર્મબંધ થવાનું મુખ્ય કારણ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. જીવત્વના તે સર્વ જીવો સાથે એકતાનો સંબંધ હોવા છતાં દર્શનમોહનો ઉદય તે સંબંધની શ્રદ્ધામાં સ્વીકાર થવા દેતો નથી, તેથી

તે શત્રુ, મિત્ર અને ઉદાસીનભાવમાં ભટકે છે, પરંતુ
જીવોની સાથે રહેલાં મિથ્યા સંબંધને મૈત્રી, પ્રમોદ,
કારુણ્ય, માધ્યસ્થ્યભાવ વડે સાર્થક કરી શકતો નથી.
એક કુટુંબ, જાતિ કે દેશમાં રહેલાં મનુષ્યો સાથે પણ
ઔચિત્યનો સંબંધ ન જાળવનાર સુખ કે શાંતિ પામી
શકતો નથી, તો આ સમગ્ર વિશ્વની સાથે જેનો
સજાતીયતાનો સંબંધ છે, તે જીવરાશિની સંગાથે
મન-વચન અને કાયાથી ઉચિત વર્તાવ નહિ જાળવી
શકનારો જીવ કેવી રીતે શાંતિ અને સુખને પામી શકે?
શાશ્વત શાંતિ અને સુખને આપનાર ધર્મના પ્રારંભમાં
જ જીવરાશિની સાથે રહેલાં સજાતીય સંબંધને સુધારવા
ઉપરાંત તેને વધારવાનો પ્રયત્ન જરૂરી છે, તેની સમજ
અતિ અલ્પ અને સમ્યગ્દૃષ્ટિ જીવોમાં જ આવે છે.
મૈત્રી કે જે જીવરાશિ ઉપર સ્નેહપરિણામરૂપ છે,
તે સ્પર્શ્યા વિના શાશ્વત - શાંતિદાયક ધર્મની
ઉત્પત્તિ થઈ શકતી જ નથી, કેમકે તે સંબંધ શાશ્વત છે.
એમ પોતાના જીવની સાથે જ્ઞાનાદિ ગુણરૂપ ઉપયોગનો
સંબંધ શાશ્વત છે, તેમ તે જ ગુણોને ધારણ કરનાર
જગતમાં જેટલાં જીવ ત્રણે કાળ તથા ત્રણે લોકમાં છે,

તે સૌ જીવોની સાથે એકજાતીયરૂપ સંબંધ શાશ્વત છે. તે સંબંધના કારણે જ જીવો પ્રત્યે મૈત્રીનો ભાવ અનંત પુણ્યરાશિ ઉપાર્જન કરાવે છે અને ઉદાસીનતા કે દ્વેષનો પરિણામ અનંત પાપરાશિનું સર્જન કરે છે. મૈત્રી ગુણી પ્રત્યે પ્રમોદરૂપ, દુઃખી પ્રત્યે કારુણ્યરૂપ અને દોષી પ્રત્યે માધ્યસ્થ્યરૂપ છે. પરસ્પર ઉપગ્રહના સિદ્ધાંતને સ્વીકારવાથી જ આ ભાવો સ્થિર થાય છે.

આ સિદ્ધાંત સમજાય પછીને પુણ્ય ઉપાર્જવામાં કારણભૂત એવા સર્વ જીવોમાં રહેલાં જીવત્વને માની તેના પ્રત્યે ઉપકારકતાનો ભાવ કેળવે છે, તેનું જ બીજું નામ સુકૃતાનુમોદના છે. સુકૃત બાંધવામાં મૈત્ર્યાદિ વડે નિમિત્તભૂત બનનાર જીવરાશિનો તે ઉપકાર માને છે. બાહ્ય શબ્દોમાં તેનો હર્ષ વ્યક્ત કરે છે. અનુમોદનામાં 'મોદ' શબ્દ હર્ષ અર્થમાં છે, તેથી અંતર થઈ રહેલાં ઉપકારને મનઃચક્ષુ વડે જોવાથી જે પ્રમોદ અને હર્ષ ઉત્પન્ન થાય છે, તે જ સુકૃતાનુમોદના છે. એવી રીતે સ્વકૃતદુષ્કૃતનો ખેદ વ્યક્ત કરે છે અર્થાત્ જીવો પ્રત્યે મૈત્ર્યાદિભાવને બદલે તેથી વિરુદ્ધ ભાવ વ્યક્ત કરવાથી 'ઉપાર્જન કરેલાં દુષ્કૃતો - પાપકર્મોનો જવાબદાર પોતે છે'

એ વાસ્તવિકતાનો સ્વચ્છ ભાવે સ્વીકાર કરી કદીય
તે પ્રમાણે ન કરવાનો વારંવાર એકરાર કરે છે.

ઉપગ્રહના સિદ્ધાંતનો સ્વીકાર તે સુકૃતાનુમોદનમાં અને
તેનો અસ્વીકાર તે દુષ્કૃતસેવનમાં બાધરૂપ બને છે.
તેનો જ સ્વીકાર એકબાજુ બાબતથી તરફથી પોતાને
થઈ રહેલાં પુણ્યોપાર્જનરૂપ લાભનું અનુમોદન કરાવે છે
અને તે તરફ દુર્લક્ષ કરવા વડે દુષ્કૃતનું ઉપાર્જન થાય,
તેનો પણ એકરાર દુષ્કૃતગર્હામાં પરિણમે છે.

તે બંનેની સાથે તે બન્નેમાં પ્રાણ પૂરનાર પરોપકારી
પુરુષોત્તમ પુરુષોનું શરણ સ્વીકારવું, તે શરણસ્વીકાર
કરવા પ્રત્યે પણ થોડી પણ ઉપેક્ષા ખતરનાક નીવડે છે,
તેથી શરણના સ્વીકારપૂર્વક દુષ્કૃતગર્હા અને
સુકૃતાનુમોદના એ મુક્તિપુરીનો રાજમાર્ગ બને છે.
એ માર્ગે ચાલીને જ અનંત આત્માઓ મુક્તિને
પામ્યા છે, વર્તમાનમાં પામે છે અને ભવિષ્યમાં પામશે.
મૈત્રી એટલે સર્વ જીવો પ્રત્યે આત્મીયતાનું સંવેદન આ
સ્વનો સર્વમાં સમાવેશ.

માનવનો મોટામાં મોટો ભય આ જીવનમાંથી વિદાયગીરી
લેવાનો - મૃત્યુનો છે, પરંતુ રાજ તેને સમજાવે છે કે

આપણે ક્યાંય જતાં નથી, ક્યાંયથી આવતાં નથી. જ્યાં
છીએ, ત્યાં જ આત્મામાં આપણે છીએ, ભાન ભૂલ્યો છે.
ભાનના એ અભાવને જ્ઞાનાવરણથી સાફ કરવાનાં છે.

ચિન્તનાત્મક જ્ઞાન જ્યારે પ્રયોગાત્મક બને છે,
ત્યારે તેમાંથી અનુભવજ્ઞાન પ્રગટ થાય છે.

અનુભવાત્મક જ્ઞાન આત્મસાક્ષાત્કારની ટોચે પહોંચાડે છે.
અનુભવવું to feel અને થવું to be - એ આત્મજ્ઞાન
તર્કમૂલક બુદ્ધિથી નહિ પણ પ્રેમમૂલક પ્રત્યક્ષ થાય છે.
બોધિ = આત્મજ્ઞાન અને સમાધિ = આત્મસ્થિરતા.
આત્મજ્ઞાન એ પિતા અને આત્મરતિ એ માતા છે. એ
માતાપિતાના મિલનથી સમાધિફલરૂપી પુત્રજન્મ થાય છે.
અધ્યાત્મજગત સ્થિરતા પર - ભૌતિકજગત વેગ પર
ઊભું છે. From instinct to intellect
and from intellect to intuition. નિર્મળ
ચિત્તના સાક્ષી અભેદ અનુભવતો આત્મા સમતારસમાં
વૃદ્ધિ પામતો જાય છે. શમ = કષાયકાલિમાનો અભાવ,
એ આંતરિક સિદ્ધશિલા. બાહ્યસિદ્ધશિલા લોકોત્તર છે,
આંતરિક સિદ્ધશિલા એટલે સ્વભાવરમણતા અથવા તો
પરબ્રહ્મમગ્નતા છે. શમ ગુહા તે સ્વરૂપનો ઉપભોગ છે.

રામધૂન કરતાં એવી ભાવના કરવાની રહે છે કે:

Imp આરામ હેય છે અને રામ ઉપાદેય છે.

નમસ્કાર ગણતાં એવી ભાવના કરવાની રહે છે કે:

પાપ હેય છે અને પુણ્ય ઉપાદેય છે, ધર્મ ઉપાદેય છે.

પ્રભુધૂન કરતાં એવી ભાવના કરવાની રહે છે કે:

સંસાર હેય છે અને મોક્ષ ઉપાદેય છે.

ગુરુધૂન કરતાં એવી ભાવના કરવાની રહે છે કે:

ગૃહસ્થાશ્રમ હેય છે અને ચારિત્ર ઉપાદેય છે.

ઇંદ્રિયો - વિષયોમાં આત્માને બાંધવાની શક્તિ નથી.

વિષયના સંપર્કમાં આવતાં જીવને

પ્રિય-અપ્રિયપણાંની બુદ્ધિ થાય છે, તેથી પ્રિયની પ્રાપ્તિ-
અપ્રિયની અપ્રાપ્તિની ઇચ્છા થાય, તે બંધનો હેતુ છે.
તે અભિલાષ તીવ્ર બને છે, ત્યારે વાસનારૂપ થાય છે.
તે વિષય અને વાસનારૂપી મોહપરિણતિ ત્યાજ્ય છે.

'જગત્કાય - સ્વભાવૌ ચ સંવેગ - વૈરાગ્યાર્થમ્ ।'

વિષય-કષાયનું સ્વરૂપ સમજવું, તે આ સૂત્રનું હાર્દ છે.
એથી મલિન વાસના નિવૃત્ત થઈ શુભ વાસનાઓ જાગે છે.

આત્મતત્ત્વના દર્શન અને સ્પર્શનથી
આપણી વાસનાનું ઉર્ધ્વીકરણ થાય છે.

ગુરુ શિષ્યના માથે હાથ મૂકે અને શિષ્યની અર્થ-કામ વાસના વિલીન થઈ જાય પણ પ્રથમ શિષ્ય બનવું જોઈએ, પછી જ ગુરુ બની શકાય. કામવાસનાને જીતવાના અનેક ઉપાય છે, તેમાંનો એક ઉપાય સ્ત્રીને જોતાં જ તેના પગમાં દૃષ્ટિ રાખવી. 'સ્ત્રી માતા છે' તે ભાન તેના પગની પાનીએ જોવાથી અનુભવાય છે. ઇંદ્રિયોનો વિજય કરવાને માટે ભવભીરુતા અને મોક્ષની ઝંખના રામબાણ ઈલાજ છે.

ઇચ્છા એ આર્તધ્યાનનો પ્રકાર - આર્તધ્યાનનું કારણ છે.

મૂર્છા એ રૌદ્રધ્યાનનું કારણ છે.

નવકારમાં જે પંચપરમેષ્ઠિઓને નમસ્કાર છે, તેઓ ઇચ્છા અને મૂર્છારહિત છે. ઇચ્છારહિત અરિહંત અને સિદ્ધપરમાત્મા છે. તેઓ કૃતકૃત્ય થઈ સિદ્ધ થયેલા છે. નવકારના ત્રીજા, ચોથા, પાંચમા પદમાં પ્રતિષ્ઠિત નિર્ગ્રન્થ મૂર્છારહિત મહર્ષિઓને કરેલો નમસ્કાર મૂર્છારહિત બનાવે.

ઇચ્છા અને મૂર્છા જેઓમાં નિર્મૂળ થઈ છે, તેઓ જ પૂજાપાત્ર બની પરમેષ્ઠિપદે બિરાજમાન છે.

ધર્મધ્યાન સર્વજીવવિષયક શુભધ્યાન છે, તે વડે રૌદ્રધ્યાનનો પ્રતિકાર અને શુક્લધ્યાન સ્વશુદ્ધાત્મવિષયક શુભધ્યાન છે, તે વડે આર્તધ્યાનનું નિવારણ થાય છે.

षट्नियोगाः प्रसिद्धयति ।

सामायिके स्तवे भक्त्या वन्दनायां प्रतिक्रमे
प्रत्याख्याने तनूत्सर्गे वर्तमानस्य संवरः ॥ અર્થાત્:
સામાયિક, સ્તવ, વંદન, પ્રતિક્રમણ, પચ્ચખ્ખાણ અને
કાયોત્સર્ગમાં રહેલાને સંવર છે.

સામાયિક એટલે...

(૧) સર્વ દ્રવ્યમાં રાગ - દ્વેષમય આર્ત - રૌદ્રનો ત્યાગ.
(૨) રત્નત્રયમય શુદ્ધ આત્માની ભક્તિપૂર્વક સ્તુતિ.
(3) રત્નત્રયમય આત્માને વંદના.
(૪) પૂર્વકૃતકર્મ અને તેના વિપાકમાં આત્મમયતાનો ત્યાગ.
(૫) કાયાને અચેતન અને વિનાશી માની તેના કાર્યમાં
અપ્રવૃત્તિ અર્થાત્ અંગોપાંગના સંચાલનમાં પ્રવર્તવું નહિ.
(૬) આગામી પાપકર્મોના નિમિત્તભૂત ભાવોનો પ્રતિષેધ.

o

God helps those, who help themselves.
All growth proceeds from
centre to circumference.
In Order to change the picture,
we must begin at the centre.
Mental Telepathy = અદૃશ્ય વિચારવ્યવહાર.

## ૩૬૩ પાખંડી કઈ રીતે?

(૧) ક્રિયાવાદી - આત્મવાદી : ૯ × ૨ × ૨ × ૫ = ૧૮૦.
અહીં : નવ તત્ત્વ - સ્વ - પર - નિત્ય - અનિત્ય અને
કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ, પુરુષકાર.
આત્માસ્તિત્વવાદી સ્વરૂપે નિત્ય, પર રૂપે નિત્ય.

(૨) અક્રિયાવાદી - અનાત્મવાદી : ૭ × ૨ × ૬ = ૮૪.
અહીં : ૭ તત્ત્વ - નિત્ય - અનિત્ય તથા
કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ, પુરુષકાર, યદૃચ્છા.
અનાત્મવાદી સ્વરૂપે અનિત્ય, પર રૂપે અનિત્ય.

(3) અજ્ઞાનવાદી : નવ તત્ત્વ × સપ્તભંગ = ૬૩ તથા
નિત્ય, અનિત્ય, અસ્તિ, નાસ્તિ = ૬૩ + ૪ = ૬૭.
અજ્ઞાનવાદી તથા ઉત્પત્તિ છે કે નહિ? તે કોણ જાણે છે?

(૪) વિનયવાદી : લિંગ, આચાર, શાસ્ત્રને ન જોતાં
દરેકનો વિનય કરવો. દેવ, રાજા, યતિ, જ્ઞાતિ, સ્થવિર,
માતા, પિતા, અધમ (દીન - દુઃખી) - મન, વચન, કાયા, દાન
૮ × ૪ = ૩૨. આમ ૧૮૦ + ૮૪ + ૬૭ + ૩૨ = ૩૬૩.

નવ સૂત્રોના અક્ષર મળીને કુલ = ૧૬૪૭.
નવકાર ૬૮ + ઇચ્છા. ૨૮ + ઈ. ૧૯૯ + શ. ૨૯૭ + અરિ. ૨૨૯
+ લો. ૨૫૦ + પુ. ૨૨૬ + સિદ્ધ. ૧૯૮ + નવ. ૧૫૨ = ૧૬૪૭.

## જન્મની સાચી સાર્થકતા શેમાં ?

ભગવાન તો ભક્તના હૃદયનો પ્રેમ જુએ છે,
તો તેની યોગ્ય કદર અવશ્ય કરે છે.
સંતના સમાગમથી આત્મારામની ખોજ સુલભ બને છે.
પ્રભુનામમાં મનને પરોવો, વળી
તારામાં જે આત્મા વિલસી રહ્યો છે,
તેની જાણ થશે અને અનુપમ નિરતો લાભ ભાગશે.
મનમાં જે દ્વૈતભાવ ભરાયો છે,
તેથી મનના ઘોડા આમ-તેમ દોડયા કરે છે,
સંશયના આવ-જા થયા કરે છે, કિન્તુ એ સમજ
નથી આવતી કે જો આ દ્વૈતનો જ ભરોસો નથી, તો
એમાં આટલી લુબ્ધતા શા માટે ?
દ્વૈત પોતે ભટારના સ્પર્શ માત્રથી બહેકી ઉઠે છે અને
ન કરવાના કૃત્યો કરી બેસે છે. દ્વૈતને ત્યાગે એમાં
રહેલાં મનને અને એની વૃત્તિઓને કાબુમાં લાવવાથી
વસ્તુથી પર એવા પરમાત્માની જાણ થશે,
દ્વૈતભાવ દૂર ટળશે અને આ જન્મ સાર્થક થશે.
'રસ વિનાની શેરડી, ગોળ વિનાનો કંસાર;
નરમાં શક્તિ હોય ના, તો ભૂંડો આ સંસાર'...(૨)

## યોગથી પ્રાપ્ત થાય સમ્યગ્દર્શન

ચિત્તમાં ક્ષણેક્ષણે જાગતી વૃત્તિઓનો નિરોધ તે યોગ છે.
ચિત્ત યત્નપૂર્વક સ્વેચ્છાએ નિરોધ કરતાં રહેવું એટલે કે
વૃત્તિનું વિકલ્પમાંથી સંસ્કારમાં પરિવર્તન કરતાં રહેવું.
નાદયોગ વડે શબ્દવૃત્તિ, કર્મયોગ દ્વારા સ્પર્શવૃત્તિ,
ધ્યાનયોગ વડે રૂપવૃત્તિ, ભક્તિયોગ વડે રસવૃત્તિ અને
રાજયોગ વડે ગંધવૃત્તિનો નિરોધ થાય છે.
સર્વ વૃત્તિઓના નિરોધ દ્વારા ચિત્ત પ્રસન્ન થાય છે.
પ્રસન્નતા દ્વારા દુઃખનો ક્ષય અને
બુદ્ધિની સ્થિરતા પ્રાપ્ત થાય છે.
ધર્મનું મૂળ દયા અને ધર્મનું ફૂલ ક્ષમા છે.
દયા વડે કોમળતા અને ક્ષમા વડે ઔદાર્ય પુષ્ટ થાય છે.
દયા વડે બાહ્ય સર્વ જીવોની રક્ષા થાય છે,
ત્યાં જે આત્મૌપમ્ય સધાય છે,
બસ, તે જ તિર્યક્‌સામાન્યથી સમ્યગ્દર્શન છે અને
ક્ષમા વડે સ્વજીવની જે રક્ષા થાય છે,
ત્યાં ઊર્ધ્વતાસામાન્યથી જીવત્વની રક્ષા થાય છે.
ઓ દોસ્ત! ધારો કે મને કોઈ ગધેડાએ લાત મારી હોત તો
શું હું સામેથી એના જેવું વર્તન કરું, એમ તમે ઇચ્છો ખરા?

- Socrates

V.V. Imp.

(૧) સમવસરણ ધ્યાનવિધિ

આસન - વિચાર - દેહ વગેરેથી પવિત્ર બની,
સુખાસને બેસી, મન - વચન - કાયાના વ્યાપારને એક
સ્થાને રોકી, દુષ્કૃતગર્હા - સુકૃતઅનુમોદના - શરણાગમન
ઇત્યાદિ કરી ધ્યાનમાં અડોલ ચિત્તવાળા બનવું.

(૨) સમવસરણની એકાગ્રચિત્તથી ધારણા કરવી કે:

વાયુકુમાર દેવો ભૂમિશુદ્ધિ કરે છે, મેઘકુમાર દેવો
જલ સીંચે છે, ઋતુકુમાર દેવો પુષ્પવૃષ્ટિ કરે છે,
વૈમાનિક - જ્યોતિષ તથા ભવનપતિ દેવો અનુક્રમે
મણિ, સુવર્ણ અને રૌપ્યના ત્રણ ગઢ રચે છે,
અશોકવૃક્ષ, ભામંડલ અને તોરણો રચે છે.
ધર્મધ્વજ, સિંહધ્વજ, ચક્રધ્વજ આદિ ધ્વજપટો શોભે છે,
વ્યંતરરચિત સુવર્ણકમળોના મધ્યમાં ભગવાન પાદયુગલને
મૂકે છે, ધૂપઘટી, ચામર અને જય જય શબ્દની ઘોષણા
થાય છે, માર્ગમાં રહેલાં લોકને ઇંદ્રો દૂર કરે છે, દિવ્ય
વાજિંત્રોથી આકાશ ભરાઈ જાય છે, પૂર્વદ્વારથી પ્રવેશ
કરી પ્રભુ પૂર્વ સન્મુખ બેસે છે, ત્રણ દિશામાં દેવો
ભગવાનના ત્રણ પ્રતિબિંબ કરે છે,
ઇંદ્રો પોતાના હાથ વડે રત્નદંડથી શ્વેત ચામરો વીંઝે છે.

સમવસરણની ચારે દિશાના ખૂણાઓમાં ભવ્ય જીવોનો સમૂહ ભગવાનના ચરણકમળની સેવા કરે છે, અગ્નિ ખૂણે ગણધરપ્રમુખ મુનિઓ, વૈમાનિક દેવીઓ, સાધ્વીઓ, નૈઋત્ય ખૂણામાં વ્યંતર, ભવનપતિ, જ્યોતિષીની દેવીઓ, વાયવ્ય ખૂણે વ્યંતર, ભવનપતિ, જ્યોતિષી દેવો, ઈશાન ખૂણે વૈમાનિક દેવ, માનવ અને નારીઓ પ્રથમ વલયમાં બેસે છે, બીજા વલયમાં જન્મથી વૈરી સિંહ - હાથી - સર્પ - ઉંદર - વાઘ - બકરી વગેરે વૈરભાવને ભૂલીને બેસે છે, ત્રીજા વલયમાં દેવ-માનવના યાન - વિમાન - વાહન વગેરે રહે છે.

### (3) પ્રભુનું રૂપ અને ગુણ

કોટી સહસ્ર ઉદય પામેલા ૧૨ સૂર્ય જેવા તેજસ્વી પ્રભુના સર્વ અંગ છે, પ્રભુનું રૂપ સર્વ ઈંદ્રો, દેવો કે માનવો કરતાં ચઢીયાતું છે, મિથ્યાત્વનું ઉન્મૂલન કરનાર - રાગરૂપી રોગનો નાશ કરનાર - કષાયોને શમાવનાર - દોષરૂપી વ્યાધિઓના ઔષધ સમાન - કેવળજ્ઞાનરૂપી સૂર્ય વડે સમસ્ત પદાર્થને પ્રગટ કરનાર - ત્રિલોકના જીવોનો સંસારસાગરથી નિસ્તાર કરનાર ત્રિજગતગુરુ, ત્રણ લોકના મુકુટમણિ - ત્રણ છત્ર સહિતના અને

રત્નસિંહાસન ઉપર અને કલ્પવૃક્ષની નીચે બિરાજમાન,
ત્રણ લોકના જીવો જેમના ચરણકમળને નમેલા છે,
મોક્ષમાર્ગના ઉપદેશક, સર્વપાપનાશક, સર્વ સંપત્તિના મૂળ,
સર્વોત્તમ પુણ્યને ઉત્પન્ન કરનારા, ધ્યાન કરનારને
મોક્ષસુખના દાતા, યોગીઓના ચિત્તને આનંદ કરનારા,
સમગ્ર ભવિકોને પ્રત્યક્ષ કરનારા અહીં મારી પોતાની
સામે જ છે, તેમ હું અક્ષય ચિત્તથી ધ્યાન કરું છું.

(૪) ભૂમિ ઉપર જાનુ રાખીને, મસ્તક નમાવીને,
જિનેશ્વરના ચરણોને સ્પર્શ કરતાં હું મારા પોતાના
આત્માને નમાવી રહ્યો છું. મેં આ જિનેશ્વરનું શરણ
અંગીકાર કર્યું છે, તે સ્વરૂપ દેવાદિક પણ જાણ્યું છે,
એમ હું ચિંતવી રહ્યો છું અને હર્ષ પામી રહ્યો છું.
આ જિનેશ્વર દેવ અહીં મારી સમીપે જ છે, એમ
પ્રત્યક્ષ કરી ગંધાદિકથી પૂજન - સ્તુતિ આદિ કરું છું
અને અંતે આત્માને બોધિલાભ માટે પ્રાર્થના કરું છું.

દેવ - ગુરુ - ધર્મની કૃપાથી હું જાણું છું કે:
આ પ્રમાણે નિત્ય અભ્યાસ કરવાથી આ જિનેશ્વર
દેવનાં ગુણાદિનો સ્પષ્ટ પ્રતિભાસ થાય છે અને તેનાથી
સંવેગ ઉત્પન્ન થતાં કર્મની વિપુલ નિર્જરા થાય છે.

## (૫) ફલશ્રુતિ

આવા ઉવસગ્ગહરંને નિત્ય ધ્યાન કરવાથી
ક્ષુદ્રજનો દ્વારા અલંઘનીયતા, વચનનું અપ્રતિહતપણું,
રોગાદિની અત્યંત શાંતિ,
અર્થોપાર્જનના હેતુઓનું અવંધ્યપણું, પ્રાજ્ઞપણું,
સમર્થપણું તથા સૌભાગ્યાદિની પ્રાપ્તિ થાય છે.
આ સર્વ તો કિંચિત્માત્ર છે,
વસ્તુતઃ દેવ, મનુષ્યપણું અને
અવિલંબે ઉત્તમોત્તમ મુક્તિસુખ હસ્તગત થાય છે.
સમવસરણમાં બિરાજમાન જિનેશ્વર ભગવંતનું
ઉપર મુજબ હંમેશા સ્મરણ - ચિંતન - ધ્યાન કરવું.
મોક્ષે જવાની ભાવના નથી, ત્યાં સુધી અનંતા જીવોની
વિરાધનાનું પાપ આવે છે, મોક્ષનો અભિલાષ જ તે
પાપને રોકી શકે. તીર્થની સ્થાપના પરોપકાર અર્થે છે.
મોક્ષમાર્ગની સ્થાપના એ સર્વશ્રેષ્ઠ ઉપકાર છે.
પ્રભુએ જીવોને પોતાના નહીં, તીર્થના ભક્ત બનાવ્યાં છે.
પ્રભુની સ્તુતિ ત્રણ રીતે: બાહ્ય સંપદાની સ્તુતિ વડે,
આંતર ગુણવૈભવની સ્તુતિ વડે તથા
સિદ્ધત્વની સ્તુતિ વડે પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત.

## ચંદ્રપ્રભ જિન સ્તવન

દેખણ દે રે મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ,
સખી મુને દેખણ દે...
ઉપશમરસનો કંદ, ગત કલિમલ દુઃખદંદ. સખી...(૧)
સુહુમ નિગોદે ન દેખીયો, બાદર અતિ હિ વિશેષ,
પુઢવી આઉ ન લેખિયો, તેઉ વાઉ ન લેશ. સખી...(૨)
વનસ્પતિ અતિ ઘણ દીહા, દીઠો નહિ ય દિદાર,
બિતિ ચઉરિંદિ જલલીહા, ગત સન્નીપણ ધાર. સખી...(૩)
સુર તિરિ નિરય નિવાસમાં, મનુજ અનારજ સાથ,
અપજ્જતા પ્રતિભાસમાં, ચતુર ન ચઢિયો હાથ. સખી...(૪)
એમ અનેક થલ જાણીયે, દરિસણ વિણ જિનદેવ,
આગમથી મતિ આણીયે, કીજે નિરમલ સેવ. સખી...(૫)
નિરમલ સાધુભગતિ લહી, યોગઅવંચક હોય,
કિરિયા અવંચક તિમ સહી, ફલ અવંચક જોય. સખી...(૬)
પ્રેરક અવસર જિનવરૂ, મોહનીય ક્ષય જાય,
કામિતપૂરણ સુરતરૂ, આનંદઘન પ્રભુપાય. સખી...(૭)

० धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥
- दशवैकालिक सूत्र (परिशिष्ट-१२)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૩૪)**

ચૈતન્યરહિત મંત્રો માત્ર અક્ષરો જ કહેવાય છે. તેનો લાખો-કરોડો વાર જાપ કરે, તો પણ ફળ આપતા નથી. ૦ પરમેશ્વરમાં દેવના સ્વરૂપનું ચિંતન તે મંત્રનો અર્થ છે. આ રીતે મંત્ર અને દેવમાં વાચ્ય-વાચક ભાવથી અભેદ છે. - રૂદ્રયામલ તંત્ર

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૬૧)**

મોક્ષના કારણોમાં ભક્તિ જ મહાન છે. સ્વસ્વરૂપની સાથે અનુસંધાન કરી આપે, તેને 'ભક્તિ' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૬૪)**

જેવી રીતે દોરા સહિતની સોય કચરામાં પડયાં છતાં નાશ પામતી નથી, તેવી રીતે શ્રુત સહિત જીવ પણ સંસારમાં રહેલો હોય, તો પણ નાશ પામતો (દુર્ગતિમાં જતો) નથી.

- ભક્તપરિજ્ઞા, ૮૬

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૭૧)**

ખરેખર! હું એક જ શુદ્ધ, દર્શન-જ્ઞાનમય, સદા અરૂપી છું. અન્ય પરમાણુ માત્ર પણ કાંઈ મારૂં નથી. ૦ જીવને રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી - આ બધા જ પુદ્‌ગલ દ્રવ્યના જ પરિણામો છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૯૨)**

તે વિશેષથી (લીધેલ) પચ્ચક્‌ખાણના સ્થાનોમાં મનને સ્થિર કરીને શરદઋતુના ચંદ્ર - મચકુંદ ફૂલ - શંખ જેવી ઉજ્જવલ છાયાવાળી સિદ્ધશિલા ઉપર આત્માને સ્થાપન કરીને તેની સમીપે રહેલા તથા સર્વ કલેશનો નાશ કર્યો છે, એવા સિદ્ધ ભગવંતનું નિપુણ રીતે ચિંતન કરવા લાગ્યો. - ઉપદેશપદ વૃત્તિ, ૨૬૨

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૪૨)**

જ્યાં બુદ્ધિની સ્થિરતા થાય છે, ત્યાં જ પુરૂષને શ્રદ્ધા થાય છે.
જ્યાં શ્રદ્ધા થાય છે, ત્યાં જ ચિત્ત લીન થાય છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૪૨)**
જીવોને વિષે મૈત્રી, ગુણીજનને વિષે પ્રમોદ, કલેશવાન જીવોને વિષે ખૂબ કરૂણા, વિપરીત વૃત્તિવાળાને વિષે માધ્યસ્થ્યભાવ. હે દેવ! મારા આત્માને આવો જ બનાવ.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૫૦)**
(મુનિ) ભવભ્રમણથી ડરે છે, પરોપકાર કરવામાં ખુશ થાય છે, પ્રમાદરૂપી ચોરોના વૃન્દને હણે છે, શાસનના દ્વેષીઓ પ્રત્યે રોષ કરે છે, તપ - સંયમમાં લોભ કરે છે તથા વૈયાવચ્ચ કરવામાં આસકત થાય છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૫૨)**
મોક્ષમાર્ગમાં રમે છે, શિથિલતા આચરવામાં ઉદ્વેગ પામે છે, પૂર્વે આચરેલા દુષ્કુત્યોનો શોક કરે છે, પોતાની ભૂલોની ગર્હા કરે છે, સંસારચક્રમાં રહેવું પડે તેની નિંદા કરે છે, જિનાજ્ઞાયુવતિની આરાધના કરે છે તથા બંને પ્રકારની (ગ્રહણ તથા આસેવન) શિક્ષાને સેવે છે. - ઉપમિતિ ભવપ્રપંચ કથા

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૭૫)**
હે પાંડવ! મારા કામ કરનારો-ભકત-સંગરહિત-જીવો પ્રત્યે વૈરવિહિન વ્યક્તિ મને પામશે.
- ગીતા, ૧૧/૫૫

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૮૨)**
પરમાત્મા લોકના કર્તા નથી, લોકના કાર્યો પણ કરતાં નથી, કર્મનું ફળ સ્વભાવથી પ્રવર્તે છે. ૦ પ્રભુ કોઈનું પાપ લેતાં નથી, કોઈનું પૂણ્ય પણ લેતાં નથી. અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું હોય છે, તેથી પ્રાણીઓ મોહ પામે છે. - ૫/૧ - ૫/૧૫

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૨૧૪)**
અહિંસા, સંયમ, તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન હંમેશા આ ધર્મમાં રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.




ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૫ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

અરિહંત ભગવાનના ગુણ, બળ, ઐશ્વર્ય
અપાર અને અનંત છે.




અરિહંત ભગવાનની સેવામાં
એક કરોડ દેવ-દેવી હાજર રહે છે, કારણ કે
અરિહંત ભગવાન ઉપરોક્ત ૧૮ દોષરહિત છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in